અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
કરીનાનો બિકીની લુક, શર્ટલેસ થયો સૈફ...!



પેજ-09
રોહિત શર્મા રેન્કિંગમાં ગગડ્યો શુભમન નંબર વન

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	32.00	21.00
વડોદરા	31.00	21.00
સુરત	31.00	21.00

પેજ 5



હવે ઈન્સ્ટાગ્રામ પર નહીં દેખાય અશ્લીલ કન્ટેન્ટ, મેટાએ રિકમેન્ડેશન...

19 NOVEMBER-2026 THURSDAY

ટ્રમ્પ ચીન મુલાકાત શેનઝેનમાં ભવ્ય સ્વાગત થયું, શી જિનપિંગ...



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	82031.81	▼	500.38
નિફ્ટી	25227.95	▼	159.45
સોનું	130651.00	▼	3572.0
ચાંદી	161498.00	▼	8204.0

વર્ષ-16 । અંક-005 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

અમેરિકામાં રાહુલે ભારતની પોલ ખોલી:કહ્યું- બેરોજગારી-શિક્ષણની ખામી સૌથી મોટી સમસ્યા-ચૂંટણીમાં પણ ગોટાળા

ભારત આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યું છે







આર્થિક સંકટ, બેરોજગારી અને શિક્ષણ ક્ષેત્રની ખામીઓ

ભારત આર્થિક સંકટ બેરોજગારી શિક્ષણ સમસ્યા અંગે વાત કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારત ધીમે ધીમે ગંભીર આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યું છે. દેશના યુવાનોમાં વર્તમાન પરિસ્થિતિને લઈને ભારે નિરાશા જોવા મળી રહી છે, જેનું મુખ્ય કારણ વ્યાપક સ્તરે ફેલાયેલી બેરોજગારી અને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલી ગંભીર ખામીઓ છે. ખાસ કરીને મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવતા અને ઔપચારિક શિક્ષણ મેળવનાર યુવાનોને પોતાનું ભવિષ્ય અંધકારમય દેખાઈ રહ્યું છે, કારણ કે તેમને રોજગારીની યોગ્ય તકો નજરે પડતી નથી. આ ઉપરાંત, કારકિર્દી અને ભવિષ્યને લઈને યુવાનો અને તેમના માતા-પિતા વચ્ચેનું અંતર પણ સતત વધી રહ્યું છે.

ચૂંટણી પ્રક્રિયામાં ગોટાળા અને SIR અભિયાન પર સવાલો

રાહુલ ગાંધી ચૂંટણી ગોટાળા SIR ખર્ચ આરોપ અંગે વિગતવાર રજૂઆત કરતા ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી પરિણામોમાં અચાનક ૫ લાખ મતનું માર્જિન મળી જવું તદ્દન અશક્ય છે. કોંગ્રેસ પાર્ટી પાસે ચૂંટણીમાં થયેલા ગોટાળા અને ગેરરીતિના અનેક પુરાવા છે, જેને જાહેર કરવા માટે પાર્ટી કામ કરી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશમાં નિષ્પક્ષ ચૂંટણીઓ એ લોકશાહીનો સાચો પાયો છે, તેથી ચૂંટણી વ્યવસ્થાને પારદર્શક અને શુદ્ધ બનાવવી અનિવાર્ય છે.આ ઉપરાંત, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાનનો ઉલ્લેખ કરતા રાહુલે તેને સામાન્ય અભિયાન કરતાં તદ્દન અલગ ગણાવ્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે આ અભિયાન પાછળ અંદાજ કરતાં ૨૦, ૩૦, ૪૦ કે ૫૦ ગણા વધુ નાણાં ખર્ચવામાં આવ્યા છે, તો આટલી મોટી રકમ ક્યાંથી આવી? આ ખર્ચને લઈને સરકાર સામે અનેક સવાલો ઉભા થયા છે જેના સંતોષકારક જવાબ મળવા જરૂરી છે.

(એજન્સી) નવી દિલ્હી | તા.18

અમેરિકાના બે દિવસના પ્રવાસે પહોંચેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ન્યૂયોર્કની પ્રખ્યાત કોલંબિયા યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે સંવાદ કરતા દેશની વર્તમાન રાજકીય, આર્થિક અને સામાજિક સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. વાદળી રંગની ટી-શર્ટમાં યુનિવર્સિટી પહોંચેલા રાહુલ ગાંધીનું વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું અને સેલ્ફી લીધી હતી. કોલંબિયા યુનિવર્સિટી બાદ તેઓ આજે શિકાગો યુનિવર્સિટીની મુલાકાત પણ લેવાના છે. યુવાનો પાછલી પેઢીના અનુભવો પર સવાલો ઉઠાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે આજના આધુનિક યુગમાં જૂના જમાનાની ફોર્મ્યુલા કામ કરી શકે તેમ નથી.SIR પર ખર્ચને લઈને સવાલ: રાહુલે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને સામાન્ય અભિયાનથી સંપૂર્ણપણે અલગ ગણાવ્યું. તેમણે કહ્યું, 'આ અભિયાનમાં જેટલા પૈસા ખર્ચવામાં આવ્યા, તે અંદાજ કરતાં 20, 30, 40 અથવા 50 ગણાં સુધી વધુ હતા. આટલા પૈસા ક્યાંથી આવ્યા? આ અભિયાનમાં ખર્ચવામાં આવેલી રકમને લઈને અનેક સવાલો છે, જેના જવાબ મળવા જોઈએ.'મતના અંતરને અશક્ય ગણાવ્યું: રાહુલે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિનો આરોપ લગાવતા કહ્યું, 'અચાનક 5 લાખ મતનું માર્જિન મળી જવું શક્ય નથી. ચૂંટણી પરિણામો અને મતના આંકડાઓને લઈને અમારી પાર્ટી (કોંગ્રેસ) પાસે અનેક સવાલો છે. અમારી પાસે ચૂંટણીમાં ગોટાળાના અનેક પુરાવા છે. તેમને સામે લાવવા માટે અમે કામ કરી રહ્યા છીએ.'

સુપ્રીમ કોર્ટની CJP, કોંગ્રેસ, AAP-AISAને નોટિસ:જંતર-મંતર અને રામલીલા મેદાનમાં પ્રદર્શનનો મામલો

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં ગયા મહિને થયેલા વિરોધ પ્રદર્શનોને લઈને કોકરોચ જનતા પાર્ટી (CJP), કોંગ્રેસ, આમ આદમી પાર્ટી (AAP) અને ઑલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA)ને નોટિસ આપી છે.દિલ્હી કિરાણા કમિટી અને દિલ્હી આયર્ન એન્ડ હાર્ડવેર મર્ચન્ટ્સ એસોસિએશને અરજીમાં જણાવ્યું છે કે જંતર-મંતર અને રામલીલા મેદાનમાં થયેલા પ્રદર્શનોને કારણે વેપારીઓના વ્યવસાયને નુકસાન થયું છે. રામલીલા મેદાનની આસપાસ અનેક મોટા જથ્થાબંધ બજારો આવેલાં હોવાથી અહીં પ્રદર્શન કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અને SIRના વિરોધમાં CJPએ 10 ઓક્ટોબરે જંતર-મંતર માર્ચનું આયોજન કર્યું હતું. બીજી તરફ, કોંગ્રેસે 1 નવેમ્બરે રામલીલા મેદાનમાં પ્રદર્શન કર્યું હતું. રેલી બાદ વેપારી સંગઠનોએ દાવો કર્યો હતો કે તેમને આશરે 11 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

ટોલ પ્લાઝા પાર કરતાં જ આવશે SMS, એક ભૂલ અને 10,000 નો દંડ ભરવા તૈયાર રહેજો!

(એજન્સી) મુંબઈ | તા.18

NHAI એ દિલ્હીમાં અર્બન એક્સટેન્શન રોડ-II (UER-II) પર મુન્દકા ટોલ પ્લાઝા ખાતે વાહન વીમા માટે SMS એલર્ટનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. હવે ટોલ પ્લાઝા પરથી પસાર થતાં, જો વાહનનો થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સ પૂરો થયો હશે, તો વાહનમાલિકને તરત જ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર SMS મળશે. આ સિસ્ટમ 'વાહન' પોર્ટલ સાથે સંકલિત છે. સફળતા પછી, તેને દેશભરના હાઈવે પર લાગુ કરાશે, જે 5,000થી 10,000 સુધીના દંડથી બચવામાં મદદ કરશે.હાઈવે પર મુસાફરી કરતી વખતે ટોલ પ્લાઝા પરથી પસાર થતા વાહનચાલકો માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને હાઈટેક સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.



હવે ટોલ પ્લાઝા પાર કરતાં જ તમારા મોબાઈલ પર એક ખાસ SMS આવી શકે છે, જે તમારા વાહનના વીમા સાથે જોડાયેલો હશે. જો તમારા વાહનનો થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સ પૂરો થઈ ગયો હશે અથવા તમે વીમો નહીં કરાવ્યો હોય, તો આ સિસ્ટમ તરત જ તમને એલર્ટ મોકલશે.હાલમાં NHAI દ્વારા દિલ્હીમાં અર્બન એક્સટેન્શન રોડ-II (UER-II) પર આવેલા મુંડકા ટોલ પ્લાઝા ખાતે આ નવી સિસ્ટમનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

કુંભમેળો શરુ થાય તે પહેલાં નકલી ઓફિશિયલ ઈન્સ્ટા એકાઉન્ટ બની ગયું



નાશિક : નાશિકમાં યોજાઈ રહેલ સિંહસ્થ કુંભમેળાનું અધિકૃત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હોવાનું દર્શાવી લોકો સાથે છેતરપિંડીનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ નાશિક સાયબર પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.સાયબર પોલીસે 'ઓફિશિયલ કુંભ નગરી નાશિક' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સિંહસ્થ કુંભમેળાના વિવિધ કાર્યક્રમ અને રિલ્સ તેમ જ પોસ્ટ મૂકવામાં આવતી હોવાનું નોંધ્યું હતું. આ ઉપરાંત આ પેજ સિંહસ્થ કુંભમેળા પ્રાધિકરણ, નાશિકનું ઓફિશિયલ પેજ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ રીતે આ બનાવટી એકાઉન્ટ દ્વારા નાગરિકોને ગેરમાર્ગે દોરવામાં આવતું હોવાનું સ્પષ્ટ થયું હતું. આ વિગતના આધારે સાયબર પોલીસે અજાણ્યા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક સામે બીએનએસની કલમ ૨૦૪ અને આઈટી એક્ટની કલમ ૬૬(ક) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે આ ઘટના બાદ લોકોને સર્તક રહેવાનું જણાવી વિનંતી કરી છે કે આગામી સિંહસ્થ કુંભમેળાના કાર્યક્રમોની માહિતી તેમ જ આ સંદર્ભની વિવિધ સરકારી યોજનાની વિગતો માટે ફક્ત અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ પર જ વિશ્વાસ રાખવાનું જણાવવામાં આવ્યું છે.

માત્ર કેબિનેટ મંત્રીઓને જ બોલાવવામાં આવ્યા રાજ્ય મંત્રીઓ સામેલ નહીં થાય; પરિસિમન બિલ પર ચર્ચા થઈ શકે

પીએમ નરેન્દ્ર મોદી કેબિનેટની બેઠકમાં પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.18

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ આજે (બુધવારે) મંત્રી પરિષદની એક મહત્ત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે. વાર્ષિક ભારત-આસિયાન શિખર સંમેલનથી પરત ફર્યા બાદ પીએમ મોદી આ બેઠક યોજવાના છે. કેબિનેટમાં ફેરબદલની અટકળો વચ્ચે યોજાઈ રહેલી આ બેઠકમાં શાસન, સુધારાઓ તેમજ કલ્યાણ અને વિકાસ યોજનાઓ વિશે મહિલાઓ તથા યુવાનો સુધી પહોંચવા જેવા અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની પ્રબળ સંભાવના છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય મંત્રીઓને સરકાર સમક્ષ રહેલા મુદ્દાઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવાનો છે. જોકે, કેબિનેટ ફેરબદલને લઈને સરકાર તરફથી હજુ સુધી કોઈ અધિકૃત નિવેદન સામે આવ્યું નથી, પરંતુ આ



અટકળો વચ્ચે આ બેઠક અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.મંત્રી પરિષદની અગાઉની બેઠક સપ્ટેમ્બર મહિનામાં યોજાઈ હતી, જેને 'ચિંતન શિબિર' નામ આપવામાં આવ્યું હતું. તે બેઠકમાં મંત્રીઓએ વિગતવાર ચર્ચા કરી હતી કે સરકારી યોજનાઓનો લાભ 100 ટકા વાસ્તવિક લાભાર્થીઓ સુધી કેવી રીતે પહોંચાડી શકાય અને નાગરિકો સાથે વધુ અસરકારક રીતે કેવી રીતે જોડાવું.

તે બેઠક દરમિયાન મંત્રી પરિષદને આઠ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. વડાપ્રધાને દરેક જૂથ સાથે અલગ-અલગ ચર્ચા કરવા ઉપરાંત તમામ મંત્રીઓને સામૂહિક રીતે પણ સંબોધિત કર્યા હતા. હાલમાં સરકારની આશરે 40થી 45 કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે અને આગામી બેઠકમાં આ બાબતે પણ ચર્ચા થઈ શકે છે. વડાપ્રધાન આ બેઠકમાં મંત્રીઓ પાસેથી સૂચનો પણ મેળવી શકે છે અને સરકારના કામકાજને વેગ આપવા અંગે માર્ગદર્શન આપી શકે છે.

પીએમ મોદી સરકારી કામકાજમાં સુધારા લાવવા, જનતાની સમસ્યાઓ ઉકેલવા અને તેમનું જીવન સરળ બનાવવા પર સતત ભાર મૂકે છે. આ માટે તેમણે મંત્રીઓ અને મંત્રાલયોને કામગીરીની પ્રગતિ જાણવા લાઈવ ડેશબોર્ડ તૈયાર કરવા, કર્મચારીઓ સાથે સંવાદ સાધી તેમના સૂચનો મેળવવા તેમજ વિભાગોની સત્તાવાર વેબસાઈટને વધુ યુઝર-ફ્રેન્ડલી (લોકો માટે સરળ) બનાવવા માટે તાકીદ કરી છે.આ બેઠક વચ્ચે કેબિનેટ ફેરબદલની અટકળોએ પણ જોર પકડ્યું છે. તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ સંકેત આપ્યા હતા કે ટૂંક સમયમાં જ કેબિનેટમાં ફેરબદલ થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે કેબિનેટનું વિસ્તરણ સંભવ છે અને તેમાં નવા ચહેરાઓને પણ તક મળી શકે છે તેમજ તમામ જાતિઓને યોગ્ય સ્થાન મળી શકે છે.

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં મસ્જિદમાં છુપાયેલો મોસ્ટ વોન્ટેડ આતંકી લતીફ ભટ એન્કાઉન્ટરમાં ઠાર

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.18

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોએ મોસ્ટ વોન્ટેડ આતંકી લતીફ અહેમદ ભટને ઠાર કર્યો છે. દેવસરના જંગલપોરા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં છુપાયેલા લતીફને આત્મસમર્પણ કરવા જણાવાયું હતું. કુલગામના SSP ઈનાયત અલીએ વીડિયો કોલ પર પણ તેને સમજાવ્યો હતો, પરંતુ તેણે ગોળીબાર ચાલુ રાખતા સુરક્ષાદળોએ જવાબી કાર્યવાહી કરી. લતીફ CRPF પર થયેલા હુમલામાં પણ સામેલ હતો. જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં બુધવારે સવારે સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર-એ-તૈયબાના મોસ્ટ વોન્ટેડ આતંકી લતીફ અહેમદ ભટને સુરક્ષાદળોએ ઠાર કર્યો છે. આતંકીએ દેવસરના જંગલપોરા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં શરણ લીધી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોની સંયુક્ત ટીમે આખા વિસ્તારને ઘેરી લીધો હતો. સુરક્ષાદળોએ લતીફને આત્મસમર્પણ કરવાની તક પણ આપી હતી, પરંતુ તેણે સતત ગોળીબાર ચાલુ રાખ્યો હતો, જેના જવાબમાં કાર્યવાહી કરતા તેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. કુલગામના એસએસપી ઈનાયત અલીએ જણાવ્યું હતું કે, 'સુરક્ષાદળોએ ઘેરાયેલા આતંકી લતીફ ભટને આત્મસમર્પણ કરવા માટે વારંવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મેં પોતે તેની સાથે વીડિયો કૉલ પર લાંબી વાતચીત કરી હતી અને તેને સમજાવ્યું હતું.

'રામકથા અટકાવશો તો નમાજ અને ચર્ચની પ્રાર્થના પણ બંધ કરાવાશે...' : બાબા બાગેશ્વરના નિવેદનથી હોબાળો

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.18

ઉત્તર પ્રદેશમાં કુંડાના બેંતી ખાતે ચાલી રહેલી શ્રીરામ કથા દરમિયાન બાબા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ પર જોરદાર પલટવાર કર્યો છે. કથા પર પ્રતિબંધ મૂકવાની માંગ, ધાર્મિક આયોજનો દ્વારા ચૂંટણી લાભ લેવાના આરોપ અને ભગવાન શ્રીકૃષ્ણ અંગે આપેલા નિવેદન પર તેમણે ખુલીને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. કથા રોકવાની માંગ સામે સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે, 'જો કથા રોકવામાં આવશે તો શું નમાજ અને ચર્ચમાં થતી પ્રાર્થના પર પણ રોક લગાવવામાં આવશે?'ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'બંધારણ મને પોતાના ધર્મનો પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર આપે છે.' આ સાથે જ તેમણે મથુરામાં ભવ્ય કૃષ્ણ મંદિર બનાવવાને લઈને પણ મોટી જાહેરાત કરી હતી. કથા દ્વારા ચૂંટણી લાભ લેવાના આરોપ અંગે તેમણે કહ્યું કે, 'અમે કથા ચૂંટણી માટે નહીં પરંતુ સનાતન ધર્મ માટે કરીએ છીએ અને અમારી કથા માત્ર ચૂંટણી સમયે જ નહીં પરંતુ આખા પાંચ વર્ષ ચાલતી રહે છે.' ભગવાન શ્રીકૃષ્ણ પર આપવામાં આવેલા કથિત નિવેદન અંગે સ્પષ્ટતા કરતા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું કે, 'ત્રણ કલાકની કથાને ત્રણ મિનિટની રીલથી સમજી શકાય નહીં. મારી વાતને અડધી કાપીને પ્રસારિત કરવામાં આવી અને લોકોમાં ભ્રમ ફેલાવવામાં આવ્યો છે. સમગ્ર સંદર્ભ સાથે કથા સાંભળવાથી બધો જ ભ્રમ દૂર થઈ જશે.

પોલીસે ૨૫૦થી વધુ સીસીટીવી ફૂટેજ ફંફોસી ૨૪ વર્ષીય માતા તથા સુરક્ષા જવાન પ્રેમીને દિવાથી પકડ્યાં

બીજાં લગ્ન કરવા બે નાના બાળકોને મંદિર પાસે છોડી માતા પ્રેમી સાથે ફરાર

(એજન્સી) મુંબઈ | તા.18

વિલેપાર્લેમાં ૨૪ વર્ષીય માતાએ બીજા સાથે લગ્ન કરવા માટે તેના દોઢ અને અઢી વર્ષના બે બાળકોને પાર્લેશ્વર મંદિરની બહાર તરછોડી દીધા હતા. વહેલી સવારે પોલીસની પેટ્રોલિંગ ટીમને બંને બાળકો રસ્તાની બાજુમાં મળી આવ્યાં હતાં. આ બાદ પોલીસે ૨૫૦ થી વધુ સીસીટીવી ફૂટેજો તપાસ્યા બાદ યુવતી અને મહારાષ્ટ્ર સુરક્ષા દળ (એમએસએફ) ના ૨૭ વર્ષીય જવાનની દિવાથી ધરપકડ કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, બંને બાળકો હજી યોગ્ય રીતે બોલી પણ શકતાં ન હોવાથી તેમની સંભાળ માટે તેમને બાળકલ્યાણ સમિતિ પાસે રાખવામાં આવ્યાં છે. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે યુવતી અગાઉ તેના પતિ સાથે અમદાવાદમાં રહેતી હતી. આ દરમિયાન ઘરેલુ વિવાદને કારણે બંને વચ્ચે



વારંવાર ઝઘડા થતા રહેતા હતા. વધુમાં પતિ દારૂના નશામાં મારપીટ કરતો હોવાનો પણ યુવતીએ આક્ષેપ કર્યો હતો. દરમિયાન સોશિયલ મીડિયા મારફતે તેની મિત્રતા એમએસએફના જવાન સાથે થઈ હતી.આ બાદ કોરોના મહામારી દરમિયાન યુવતીની માતા સારવાર માટે જેજે હોસ્પિટલમાં દાખલ હતી. ત્યારે જવાન અને યુવતીની વચ્ચે નિકટતા વધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, યુવતીની પરિસ્થિતિની જાણ થયા બાદ જવાને તેની સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, જવાને લગ્ન પહેલાં બાળકોને છોડી દેવા માટે કહ્યું હતું. આ કેસનો ભેદ ઉકેલવા પોલીસની ટીમે વિલે પાર્લે વિસ્તારના ૪૦ થી વધુ અને કુલ ૨૫૦ સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસતાં યુવતી અને પુરુષ બંને બાળકોને મંદિર નજીક છોડીને જતા દેખાયા હતા. ત્યારબાદ બંનેએ વિલે પાર્લેથી દાદર, થાણે અને ત્યાંથી દિવાસુધી લોકલ ટ્રેનમાં મુસાફરી કરી હોવાનું ફૂટેજની તપાસ પરથી જાણવા મળ્યું હતું. અંતે પોલીસે એમએસએફ જવાનના રહેઠાણનું પગેરું મેળવી બંનેને રવિવારે ૧૫ નવેમ્બરના રોજ ઝડપી પાડ્યાં હતાં. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૯૩ અને જુવેનાઇલ જસ્ટિસ અધિનિયમ, ૨૦૧૫ હેઠળ બંને સામે ગુનો નોંધ્યો હતો. બંને આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં છે. એમએસએફના જવાન સામે વિભાગીય તપાસ પણ શરૂ કરવામાં આવનાર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

Date	Time	Location
21 November, 2026	6:30 PM	Vadodara

Venue : Keys Lite by Lemon Tree Hotels, Ahead of Samruddhi Trade Center, Darshanam Aagman 40 M, Dabhoi - Waghodia Ring Road, Nr. Bharat Petrolpump Road, Soma Talav Char Rasta,Vadodara, Gujarat 390025

Name : Nilesh Solanki | Mobile : 8766677983

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

Date	Time	Location
21 November, 2026	6:30 PM	Vadodara

Venue : Hampton by Hilton Vadodara-Alkapuri, 14, Friends Co-op Society, Vadodara, 390007, Gujarat

Name : Nilesh Solanki | Mobile : 8766677983

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

Date	Time	Location
21 November, 2026	6:30 PM	Nadiad

Venue : Aquinos Poolside Restaurants & Banquets Opp. DDU Pharmacy College Road Nadiad-Uttarsanda Road Nadiad-387001 Only for Women

Name : Mital Joshi | Mobile : 8097135042

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

નર્મદા ડેમ ૯૭% ભરેલો હોવા છતાં દ્વારકાના ડેમોમાં માત્ર ૨% પાણી : ઈસુદાન

ચૂંટણી સમયે મત મેળવવા માટે માલધારી સમાજને ભોળવવામાં આવે છે



• દ્વારકામાં સિંચાઈ અને પીવાનું પાણી તો દૂર પશુઓ માટે પણ મુશ્કેલી સર્જાઈ છે : જનતાએ બધું આપવા છતાં ભાજપ સરકારે દ્વારકા જિલ્લાને માત્ર ૨% પાણી આપ્યું , • કરોડો રૂપિયાના ખર્ચે બનેલી સૌની યોજનાનું પાણી ગામડાઓ સુધી કેમ નથી પહોંચતું? : સૌરાષ્ટ્રના પોરબંદર, જામનગર, અમરેલી અને કચ્છમાં દુષ્કાળ જેવી ગંભીર સ્થિતિ : ઈસુદાન ગઢવી AAP

(એજન્સી) અમદાવાદ । તા. 18

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ દ્વારકા જિલ્લાના પ્રવાસ દરમિયાન પાણીની ગંભીર અછત અને ખેડૂતોની કફોડી હાલત અંગે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આજે નર્મદા ડેમ ૯૭% ભરેલો છે અને બીજી બાજુ દ્વારકા જિલ્લાના ડેમોમાં માત્ર ૧.૪૮% એટલે કે ૨% જ પાણી બચ્યું છે, જેના કારણે સિંચાઈનું પાણી તો દૂરની વાત છે પરંતુ પીવાનું પાણી પણ મળતું નથી અને મૂગા પશુઓ માટે પણ ભારે મુશ્કેલી સર્જાઈ છે. દ્વારકાના નાગરિકોએ તમામ તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, ધારાસભ્યો અને સાંસદો બધું જ ભાજપને આપ્યું હોવા છતાં બદલામાં જિલ્લાને માત્ર ૨% જ પાણી મળ્યું છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે ઉદ્યોગોને પાણી આપવાનો વાંધો નથી, પરંતુ ઉદ્યોગોને કેટલું પાણી મળે છે અને ગામડાઓમાં કેમ પાણી મળતું નથી? કરોડો રૂપિયાના ખર્ચે બનેલી 'સૌની યોજના'નું પાણી ક્યાંય પહોંચતું નથી, તો શું આ યોજનાઓ કરોડોના કૌભાંડથી બની છે, તેમાં લીકેજ છે કે પછી સરકારની પાણી નાખવાની દાનત નથી તેવો આક્ષેપ કરતા તેમણે કહ્યું કે સરકાર ગુજરાતના ખેડૂતોના વાગ્યા ઉપર મીઠું ભભરાવી રહી છે.

વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, પોરબંદર, જામનગર, અમરેલી, કચ્છ, ગીર સોમનાથ અને જૂનાગઢ સહિતના સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં અત્યારે ખૂબ જ તકલીફ છે અને ખેડૂતોની હાલત અત્યંત ખરાબ છે. એક બાજુ પાક વીમો બંધ છે અને બીજી બાજુ સરકારે સહાય પેટે માત્ર ૮,૫૦૦ આપીને દુષ્કાળમાં ખેડૂતોની મજાક બનાવી છે; ખેડૂતોએ જ્ઞાતિ-જાતિ અને પાર્ટી ભૂલીને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ખોબલે ખોબલે આમ આદમી પાર્ટીને મત આપી ભાજપ વિરુદ્ધ મતદાન કર્યું ત્યારે સરકારને આટલી સહાય આપવી પડી હતી. મુખ્યમંત્રી અને મંત્રીઓને દ્વારકા, પોરબંદર, જામનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ અને કચ્છ જેવા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં બે દિવસ રોકાઈને વાસ્તવિકતા જાણવાનો પડકાર ફેંકતા તેમણે ચેતવણી આપી હતી કે જો આ વખતે સરકાર દ્વારા ખેડૂતોને ન્યાય, પૂરતી સહાય, દેવા માફી અને પાણી નહીં આપવામાં આવે, તો સમજી લેજો કે આગામી ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપના કોઈપણ નેતાને ગામડાઓમાં ઘૂસવા દેવામાં આવશે નહીં.

72 કલાક નહીં પરંતુ 72 દિવસ રહેશો તેમ છતાં પણ આદિવાસી સમાજ હવે ભોળવાશે નહીં: નિરંજન વસાવા

(એજન્સી) અમદાવાદ | તા. 18



આદિવાસી લોકોના નામે છેલ્લા 30-35 વર્ષથી લાખો કરોડોના તાયફાઓ કરવામાં આવ્યા, કરોડોની ગ્રાન્ટો વાપરીને ભાજપ સરકારે તાગડધીન્ના કર્યા છે. પણ મારો સવાલ છે કે હવે આ લોકોને કેમ આદિવાસી સમાજ માટે પ્રેમ ભરાઈ આવ્યો? આદિવાસી

આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ તથા પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ એક વિડીયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવા હાલ જેલમાં છે, તેમ છતાં પણ એમનો ડર એટલો છે કે તારીખ 18, 19 અને 20 સુધી મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી ડેડીયાપાડા, સાગબારા અને ચિકદામાં અલગ અલગ પ્રોગ્રામો કરવા જઈ રહ્યા છે. એમને ઉપરથી સૂચના આપવામાં આવી છે કે એ લોકોએ 72 કલાકના વિસ્તારમાં રોકાવું પડશે. આજે અલગ અલગ મંત્રીઓને અલગ અલગ વિસ્તારોમાં આવવા માટેનો સિલસિલો ચાલુ થઈ ગયો છે, આ બતાવે છે કે હવે ધારાસભ્ય ચૈતર વસાવાનો ડર અને અને દબદબો ભાજપને સતાવી રહ્યો છે. આદિવાસી સમાજ હવે જાગી ગયો છે. લોકોને વિકાસના નામે વનવાસી બનાવવામાં આવ્યા, આજે રોડ, રસ્તા, જળ, જંગલ, જમીનના અમારા પ્રશ્નો છે, સનદોના પ્રશ્નો છે. મારી અપીલ છે કે રાત્રિ રોકાણ દરમિયાન એવી શાળાઓની મુલાકાત લેજો જ્યાં 1 થી 8 ધોરણને ફક્ત એક જ શિક્ષક દ્વારા ભણાવવામાં આવે છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, આજે ડેડીયાપાડામાં જ્યાં કાર્યક્રમ છે એમાં આશાવર્કર બહેનો, આંગણવાડીની બહેનો અને બીજા સરકારી કર્મચારી બહેનોને એમનો ડ્રેસ પહેરીને નહીં પરંતુ સાદા કપડાઓમાં કાર્યક્રમમાં હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું છે. આજે તમારી પાસે સંખ્યાઓ પણ ભેગી થતી નથી. 9મી ઓગસ્ટના દિવસે તમે વિશ્વ આદિવાસી દિવસની શુભકામનાઓ પણ પાઠવી શકતા નથી અને આજે તમે જનજાતિ અને વનવાસીઓના નામે નીકળ્યા છો. તમે આદિવાસી લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા હાલ નીકળ્યા છો તો છેલ્લા 30 35 વર્ષથી કઈ ઘોર નિંદ્રામાં સુતા હતા? ધારાસભ્ય ચૈતર વસાવા પર ખોટો કેસ કરવામાં સૌથી મોટો હાથ હર્ષ સંઘવીનો છે, એમણે પોલીસ વિભાગ અને ફોરેસ્ટ વિભાગને કહીને ચૈતરભાઈ પર ખોટી એફઆઈઆર કરાવી અને હવે અહીંયા તમે 72 કલાક સુધી રોકાવાના છો પરંતુ આદિવાસી સમાજ હવે જાગી ગયો છે. પરંતુ ઉમરગામથી અંબાજીના આદિવાસી લોકો 2027ની ચૂંટણીમાં તમને 100% જવાબ આપશે. તમે 72 કલાક નહીં પરંતુ 72 દિવસ રહેશો તેમ છતાં પણ આદિવાસી સમાજ હવે ભોળવાશે નહીં. જેટલા દિવસ ચૈતરભાઈ જેલમાં રહેશે એટલું વધુ નુકસાન ભાજપને થશે, તમે ચૈતરભાઈની ગેરહાજરીમાં લાભ લેવા માંગો છો પરંતુ 2027માં આદિવાસી લોકો તમારો ગરબો ઘર ભેગો થશે.

આદિવાસીઓ હવે ભાજપના કોઈ પણ પ્રલોભન કે ઝાંસામાં આવવાના નથી : રાજુભાઈ વલવાઈ AAP

(એજન્સી) અમદાવાદ | તા. 18

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ ગુજરાતના મુખ્યમંત્રીના દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભા વિસ્તારના પ્રવાસ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીનો આ ત્રણ દિવસીય પ્રવાસ માત્ર દેખાડો અને આદિવાસીઓને ઈમોશનલ બ્લેકમેલ કરવાનું એક નાટક છે, જ્યાં અગાઉથી નક્કી કરેલા સવાલો અને તૈયાર જવાબો દ્વારા ચર્ચાનું નાટક કરાશે. અગાઉ ૧૫ નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીને 'જનજાતિ ગૌરવ દિવસ' તરીકે ઉજવીને સરકારના મંત્રીઓએ મોટા તાયફા કર્યા હતા અને આદિવાસીઓ માટે મોટી મોટી વાતો કરી હતી, પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ સરકારે આદિવાસીઓ સાથે માત્ર છેતરપિંડી અને વિશ્વાસઘાત જ કર્યો છે. જે વિસ્તારમાં મુખ્યમંત્રી જઈ રહ્યા છે તે જ જિલ્લામાં માજી મંત્રી દ્વારા ૨૫૦૦ કરોડ રૂપિયાનું મનરેગા કૌભાંડ અને નકલી કચેરીઓ દ્વારા કરોડો રૂપિયાની આદિવાસી ગ્રાન્ટ પચાવી પાડવાના કૌભાંડો ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા દ્વારા ઉજાગર કરવામાં



આવ્યા છે. વધુમાં 'આપ' નેતા રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતું કે સરકાર પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહી છે, વિકાસના નામે આદિવાસીઓની જમીનો છીનવીને તેમને બેઘર બનાવાઈ રહ્યા છે, જંગલ જમીન હેઠળના ૧ લાખ જેટલા દાવાઓ પેન્ડિંગ છે અને બોગસ આદિવાસી પ્રમાણપત્ર મેળવીને નોકરીઓ કે અનામતનો લાભ લેનારાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. આદિવાસીઓના જળ, જંગલ, જમીન અને સ્કોલરશિપ જેવા હકો

મુખ્યમંત્રીનો ગરબાડા પ્રવાસ માત્ર દેખાડો અને આદિવાસીઓને ઈમોશનલ બ્લેકમેલ કરવાનું નાટક છે : ભાજપ સરકાર દ્વારા બિરસા મુંડા જયંતીની ઉજવણી માત્ર વાતો અને તાયફા પૂરતી સીમિત રહી, ગુજરાત સરકાર પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહી છે : રાજુભાઈ વલવાઈ AAP

માટે ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા સતત લડતા રહ્યા છે અને તેમના જ કારણે આદિવાસીઓ જાગૃત થયા છે. ચૈતરભાઈને વારંવાર હેરાન કરીને જેલમાં પૂરવાના કારણે આદિવાસી સમાજમાં મોટો રોષ છે, જેના પરિણામે સ્થાનિક પંચાયતની ચૂંટણીઓની જેમ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં પણ આદિવાસી પટ્ટાની તમામ બેઠકો પર ભાજપને હાર દેખાઈ રહી છે અને આમ આદમી પાર્ટીની સરકાર બનશે તેવા ડરથી ભાજપ આવા નાટકો કરી રહી છે તેમ ઉમેર્યું હતું.

19 નવેમ્બરના રોજ ઉત્રાણ – ગોરખપુર વચ્ચે વન-વે સ્પેશિયલ સેવા

અમદાવાદ | મુસાફરોની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણથી ગોરખપુર રેલવે સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા સાથે વન-વે

પશ્ચિમ રેલવે
Western Railway

સ્પેશિયલ ટ્રેનનો એક ફેરો ચલાવવામાં આવી રહ્યો છે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, ટ્રેન નંબર 09135 ઉત્રાણ - ગોરખપુર વન-વે સ્પેશિયલ ઉત્રાણ થી 19 નવેમ્બર 2026, (ગુરુવાર) ના રોજ બપોરે 15:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે એટલે કે શુક્રવારે રાત્રે 23:55 કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા જંક્શન, ટુંડલા જંક્શન, કાનપુર સેન્ટ્રલ, એશબાગ, બારાબંકી જંક્શન, ગોંડા જંક્શન અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચ હશે .ટ્રેન નંબર 09135નું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થઈ ગયું છે.ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા સાથે વન-વે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડાવવામાં આવશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

રેલવે સુરક્ષા દળ દ્વારા અલીરાજપુર સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન



વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના રેલવે સુરક્ષા દળની અલીરાજપુર પોસ્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં રેલવેની સુરક્ષા, સંરક્ષા અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશ્યથી 18 નવેમ્બર, 2026ના રોજ અલીરાજપુર રેલવે સ્ટેશન પરિસરમાં એક પ્રેરણાદાયી જનજાગૃતિ અને રમતગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

AAP પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ તમામ જિલ્લાઓમાં પ્રદર્શનનું એલાન



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વિડીયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, એક સમય એવો હતો, જ્યારે ગેસના બાટલાનો ભાવ વધે કે બીજા કોઈ ચીજ વસ્તુઓના ભાવ વધતા અને મોંઘવારી વધતી તો વિપક્ષમાં બેઠેલી ભારતીય જનતા પાર્ટી રોડ પર ઉતરીને જેમ મનફાવે એમ તમાશાઓ કરતી અને ભાજપ દ્વારા બંધનું એલાન પણ જાહેર કરવામાં આવતું. હમણાં થોડા દિવસ પહેલા દિવાળી ગઈ પરંતુ સામાન્ય લોકો માટે આ દિવાળી 'હોળી' સમાન હતી કારણ કે તમામ વસ્તુઓના ભાવ વધ્યા હતા, ગેસના ભાવ વધ્યા, પેટ્રોલના ભાવ વધ્યા અને લગભગ કોઈ વસ્તુ બાકી રહી નથી કે જેના ભાવ વધ્યા ન હોય. ભાવ તો વધ્યા જ પણ સાથે સાથે ડુપ્લીકેટ અને નકલી વસ્તુઓના કારણે લોકો ચારેબાજુ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે આજે ગુજરાતમાં અને દેશમાં બેરોકટોક નકલી વસ્તુઓ વેચાઈ રહી છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આવા સમયમાં અસહ્ય મોંઘવારી વચ્ચે સામાન્ય પરિવારે પોતાની જિંદગી જીવવી, પોતાના બાળકોને ભણાવવા, પોતાના વડીલો માટે દવાની વ્યવસ્થા કરવી લગભગ અશક્ય બની ગયું છે. એવા સમયમાં આમ આદમી પાર્ટીની મહિલા વિંગની સાથે સાથે સમગ્ર આમ આદમી પાર્ટી કલેકટરના માધ્યમથી રજૂઆત કરશે અને દરેક જિલ્લાઓમાં આમ આદમી પાર્ટીના કાર્યક્રમો થશે. ગુજરાતમાં અને દેશમાં મોંઘવારીને કાબુમાં લાવવામાં આવે.

દિવાળી અને છઠ મહાપર્વ દરમિયાન, અમદાવાદ ડિવિઝન પર 2.1 મિલિયનથી વધુ મુસાફરોએ ટ્રેન દ્વારા મુસાફરી કરી હતી

અમદાવાદ |અમદાવાદ ડિવિઝનએ તહેવારોની મોસમ દરમિયાન અસરકારક ભીડ વ્યવસ્થાપન અને મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરવાનું ઉદાહરણ સ્થાપિત કર્યું.

1 થી 15 નવેમ્બર, 2026 દરમિયાન, 79 ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી હતી, જેમાં મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરીને મુસાફરોને રાહત મળી હતી. અમદાવાદ સ્ટેશનથી 8.13 લાખથી વધુ મુસાફરો, સાબરમતીથી 3.42 લાખ અને અસારવાથી 1.37 લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી.



ડીઆરએમ શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ, 24x7 સર્વેલન્સ, સમર્પિત હોલ્ડિંગ એરિયા, સીસીટીવી મોનિટરિંગ અને વ્યાપક સુરક્ષા વ્યવસ્થા દ્વારા મુસાફરો માટે સલામત અને અનુકૂળ મુસાફરીની મુસાફરી સુનિશ્ચિત કરવામાં આવી હતી. દિવાળી અને છઠ મહાપર્વના અવસરે ભારે મુસાફરોના ટ્રાફિક વચ્ચે, પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન દ્વારા ખાસ ટ્રેન સેવાઓ, અસરકારક ભીડ વ્યવસ્થાપન, વ્યાપક સુરક્ષા વ્યવસ્થા અને સુધારેલ મુસાફરોની સુવિધાઓ દ્વારા મોટી સંખ્યામાં મુસાફરોને સલામત, સરળ અને વ્યવસ્થિત રેલ મુસાફરી પૂરી પાડવામાં આવી હતી.

૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધીના ૧૫ દિવસના સમયગાળા દરમિયાન, અમદાવાદ ડિવિઝન પર ૨૧ લાખથી વધુ મુસાફરોએ ટ્રેન દ્વારા મુસાફરી કરી હતી, જેનાથી ડિવિઝનને ૧૦૮ કરોડથી વધુની આવક થઈ હતી. વધારાની મુસાફરોની માંગને પહોંચી વળવા માટે આ સમયગાળા દરમિયાન કુલ ૭૯ ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી હતી. વધુમાં, વધુ મુસાફરોની સુવિધા માટે નિયમિત ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા હતા.

ડિવિઝનલ રેલ્વે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ, વાણિજ્યિક, કામગીરી, સુરક્ષા, યાંત્રિક અને અન્ય સંબંધિત વિભાગો વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરીને મુસાફરોની સુવિધા, સલામતી અને સરળ ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમદાવાદ, સાબરમતી અને અસારવા સ્ટેશનોથી મોટી સંખ્યામાં મુસાફરોએ મુસાફરી કરી હતી

ઉત્સવના સમયગાળા દરમિયાન અમદાવાદ ડિવિઝનના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર નોંધપાત્ર મુસાફરોની અવરજવર નોંધાઈ હતી.

અમદાવાદ રેલ્વે સ્ટેશન: ૮.૧૩ લાખથી વધુ મુસાફરો

સાબરમતી રેલ્વે સ્ટેશન: ૩.૪૨ લાખથી વધુ મુસાફરો

અસારવા રેલ્વે સ્ટેશન: ૧.૩૭ લાખથી વધુ મુસાફરો

વધુમાં, ભુજ, ગાંધીધામ અને વિભાગના અન્ય રેલ્વે સ્ટેશનોથી મોટી સંખ્યામાં મુસાફરોએ વિવિધ રાજ્યોમાં તેમના ગંતવ્ય સ્થાનો પર મુસાફરી કરી.

દિવાળી અને છઠ દરમિયાન વિવિધ રાજ્યો, ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહારમાં મુસાફરી કરતા મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્રે ભીડ વ્યવસ્થાપન, વધારાની રેલ સેવાઓ અને મુસાફરોની સુવિધાઓ પર ખાસ ધ્યાન આપ્યું.

મુસાફરોની સુવિધા માટે ૭૯ ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી

તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગે ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન કુલ ૭૯ ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી.

અમદાવાદ, સાબરમતી, અસારવા, ભુજ અને ગાંધીધામ જેવા મુખ્ય સ્ટેશનોથી ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોના વિવિધ શહેરો માટે ખાસ ટ્રેન સેવાઓ પૂરી પાડવામાં આવી. આ ખાસ સેવાઓમાં લખનૌ, કાનપુર, આગ્રા, મુંબઈ, પ્રયાગરાજ, મુઝફ્ફરપુર, દરભંગા, બરૌની, રાજગીર, જયપુર, હરિદ્વાર અને ભાગલપુર સહિત અન્ય મુખ્ય સ્થળોનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત, મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા માટે, સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ, તેજસ એક્સપ્રેસ અને કર્ણાવતી એક્સપ્રેસ જેવી મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા હતા, જેનાથી વધુ મુસાફરો મુસાફરી કરી શક્યા.

ઉમરગામથી અંબાજી સુધીનો સમગ્ર આદિવાસી પટ્ટો ભાજપના હાથમાંથી સરકી ગયો છે : રાધિકા રાઠવા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવાએ રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીના આદિવાસી વિસ્તારોના પ્રવાસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારે આદિવાસીઓનું જે શોષણ કર્યું છે તેના કારણે હવે ઉમરગામથી અંબાજી સુધીનો સમગ્ર આદિવાસી પટ્ટો તેમના હાથમાંથી સરકી ગયો છે. આ ડરના કારણે ઉપરથી આદેશ આવતા જ હવે ભાજપના મંત્રીઓ, સાંસદો અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દોડતા થઈ ગયા છે અને અલગ-અલગ વિસ્તારોમાં કાર્યક્રમો ગોઠવી રહ્યા છે. અગાઉ છોટાઉદેપુરમાં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતી નિમિત્તે યોજાયેલા મોટા કાર્યક્રમમાં અમે માંગણી કરી હતી કે આદિવાસી પટ્ટાને ભેટ સ્વરૂપે 'પેસા એક્ટ' લાગુ કરીને પંચાયતોને તેમના હક અને અધિકાર આપવામાં આવે, પરંતુ સરકારે તેની કોઈ જાહેરાત કરી નહીં. હવે દેવગઢ બારિયા અને ગરબાડામાં આજથી ૧૮ થી ૨૦ તારીખ સુધી મુખ્યમંત્રી ત્રણ દિવસના પ્રવાસે છે, પરંતુ જો તમે સાચા આદિવાસી મસીહા હોત તો પેસા એક્ટ લાગુ કર્યો હોત, નહિતર આવા પ્રવાસો કરવાનો કોઈ મતલબ નથી.વધુમાં રાધિકા રાઠવાએ જણાવ્યું હતુ કે આદિવાસીઓની ગ્રાન્ટોમાં ગેરરીતિ કરીને કૌભાંડો આચરવામાં આવે છે, મનરેગાના ગરીબ આદિવાસી મજૂરોના બિલોના પૈસા હજુ સુધી ચૂકવાયા નથી અને સમગ્ર આદિવાસી પટ્ટામાં શાળાઓ, શિક્ષણ અને જર્જરિત મકાનો સુધારવા માટે સરકાર પાસે બજેટ નથી, પરંતુ ખોટી ઉજવણીઓ, તાયફાઓ અને પ્રવાસો કરવા માટે સરકાર પાસે પૂરતા પૈસા છે. વર્ષો પહેલાની અરજીઓ છતાં જમીન સનદો આપવાના વાયદા પૂરા થયા નથી, ઉલટાનું આદિવાસીઓને ન્યાય અપાવવા નીકળેલા નેતા ચૈતરભાઈ વસાવા પર ખોટા કેસ કરીને તેમને જેલમાં પૂરવામાં આવ્યા છે. ગૃહમંત્રીને ચેતવણી આપતા તેમણે કહ્યું કે તમારો આ કાયદો એક દિવસ તમને જ નડવાનો છે, કારણ કે સમગ્ર આદિવાસી પટ્ટો જોઈ રહ્યો છે કે તમે આદિવાસી સમાજના નેતાને હેરાન કરીને સમાજને નુકસાન પહોંચાડ્યું છે અને હવે આદિવાસી સમાજ ભાજપ સરકાર પર ક્યારેય વિશ્વાસ નહીં કરે.

ગુજરાતમાં પ્રથમવાર ધારાસભ્યના કાર્યાલય ખાતે આધાર કાર્ડ સુધારાની સુવિધા ઉપલબ્ધ થઈ : ગોપાલ ઇટાલિયા AAP

લાઈનમાં ઊભા રહ્યા વગર શાંતિથી બેસીને નાગરિકોના આધાર કાર્ડમાં સુધારા કરી અપાયા : ગોપાલ ઇટાલિયા AAP

વિસાવદર, ભેસાણ અને જૂનાગઢની જનતાને કેન્દ્ર સરકારના સહયોગથી આધાર સેવાનો લાભ મળ્યો : ગોપાલ ઇટાલિયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે વિસાવદર ધારાસભ્યના કાર્યાલય ખાતે વેકેશન દરમિયાન નિઃશુલ્ક આધાર કાર્ડ સુધારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ તરફથી તારીખ ૧૩ થી ૧૭ સુધીની મંજૂરી મળી હતી, પરંતુ મોટી સંખ્યામાં લોકોએ આ સુવિધાનો લાભ લીધો હોવાથી સરકાર તરફથી વધુ પાંચ દિવસની મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૨૭૫ જેટલા નાગરિકોએ કાર્યાલયની મુલાકાત લીધી છે, જેમાંથી અંદાજે ૧૫૦ જેટલા લોકોનું આધાર કાર્ડ સુધારા-વધારાનું કામ સંતોષકારક રીતે અને સંપૂર્ણ મફતમાં પૂર્ણ થઈ ચૂક્યું છે. જે લોકોના ચૂંટણી કાર્ડમાં નામ, ગેઝેટ



અથવા જન્મતારીખના દાખલા જેવા દસ્તાવેજોમાં ખામી છે, તેમનું કામ હાલ બાકી છે; પરંતુ જેમના દસ્તાવેજો પૂરતા છે તેમને લાઈનમાં ઊભા રહ્યા વગર કે ધક્કા ખાધા વગર શાંતિથી પંખા નીચે બેસીને ચા પીતા-પીતા આ કામ કરી આપવામાં આવ્યું છે.વધુમાં ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં લગભગ કોઈપણ ધારાસભ્યની ઓફિસે આધાર કાર્ડ સુધારા-વધારાનું કામ થતું નથી, પરંતુ કેન્દ્ર સરકારના સહયોગથી વિસાવદર, ભેસાણ અને જૂનાગઢની જનતાને આ સુવિધા મળી રહી છે. આ ઉપરાંત વિસાવદર કાર્યાલય ખાતે ખેડૂતો માટે ૭/૧૨ અને ૮-અ ના ઉતારા પણ નિઃશુલ્ક કાઢી આપવાની કામગીરી સતત ચાલુ જ છે. સરકારી કચેરીઓ કરતાં પણ વધુ સારી સુવિધા, વ્યવસ્થા અને સકારાત્મક અનુભવ પૂરો પાડવાના આ પ્રયાસમાં સહયોગ આપવા બદલ તેમણે જનતાનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આ જ રીતે કાર્યાલયની મુલાકાત લેતા રહેવા તેમજ સમર્થન અને આશીર્વાદ આપતા રહેવા અપીલ કરી હતી.

ગરીબ દર્દીઓ માટે દેવદૂત સમાન બન્યા રાઠોડ હોસ્પિટલના ડૉ. શૈલેન્દ્ર સાહેબ!

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

આજના મોંઘવારીના યુગમાં તબીબી સારવાર સામાન્ય અને ગરીબ પરિવારો માટે આર્થિક બોજ બની રહી છે, ત્યારે ભુજ અને નખત્રાણા ખાતે કાર્યરત રાઠોડ હોસ્પિટલના ડૉ. શૈલેન્દ્ર સાહેબ જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશાનું કિરણ બની રહ્યા છે.ડૉ. શૈલેન્દ્ર સાહેબ દ્વારા છેલ્લા ઘણા સમયથી આર્થિક રીતે નબળા અને ગરીબ પરિવારોના દર્દીઓને રાહતદરે તેમજ વિનામૂલ્યે સારવાર પૂરી પાડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓની માત્ર તબીબી તપાસ જ નહીં, પરંતુ પરિવારજન જેવી હૂંફ અને સંવેદનાથી તેમની તકલીફ સમજી યોગ્ય નિદાન, માર્ગદર્શન અને જરૂરી દવાઓની વ્યવસ્થા કરવામાં આવે છે.

ટોડિયામાં જલારામ બાપાની જન્મજયંતીની ભક્તિમય ઉજવણી

ભવ્ય રવાડી નીકળી, 400 જેટલા ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ટોડિયા ગામે સંતશિરોમણી પૂજ્ય જલારામ બાપાની જન્મજયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામમાં ભવ્ય રવાડી કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. ત્યારબાદ યોજાયેલા મહાપ્રસાદમાં અંદાજે 400 લોકોએ પ્રસાદ ગ્રહણ કરી ધર્મલાભ લીધો હતો. આ અંગેની માહિતી જલારામ બાપા મંદિરના પૂજારી પરસોત્તમભાઈ મિસ્ત્રીએ આપી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : 20 નવેમ્બરથી સુરત-બીલીમોરા વચ્ચેના 50 કિમી રૂટ પર વીજ પુરવઠો શરૂ થશે

લોકો અને શ્રમિકોને વીજ તારથી દૂર રહેવા ચેતવણી

(એજન્સી) સુરત । તા. 18



અમદાવાદ-મુંબઈ હાઈ-સ્પીડ રેલ કોરિડોર અંતર્ગત વીસ નવેમ્બર, બે હજાર છવીસના રોજ સુરત અને બીલીમોરા વચ્ચેના પચાસ કિલોમીટરના પ્રથમ એલિવેટેડ સેક્શનમાં ઓવરહેડ ઇક્વિપમેન્ટ સિસ્ટમને વીજળીથી સક્રિય કરવામાં આવી છે, જેથી આગામી ટ્રાયલ રન પહેલાની મહત્વપૂર્ણ તૈયારીઓને આખરી ઓપ આપી શકાય અને પ્રોજેક્ટને નવી ગતિ મળી રહે.

ભારતની સૌપ્રથમ હાઈ-સ્પીડ ટ્રેન પરિયોજનામાં ગુજરાત અંતર્ગત સિવિલ અને ટ્રેક નિર્માણનું કાર્ય લગભગ અંતિમ ચરણમાં પહોંચી ચૂક્યું છે. સુરતથી બીલીમોરા વચ્ચેના આશરે પચાસ કિલોમીટર લાંબા માર્ગ પર અપ અને ડાઉન બંને લાઈનો પર આધુનિક ટ્રેક્શન સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થાના માધ્યમથી સમગ્ર રૂટ પર અવિરત અને સુરક્ષિત વીજળી પૂરી પાડવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, નિર્માણ કાર્યમાં જોડાયેલા અધિકારીઓ અને એન્જિનિયરોની ટીમે સઘન મોનિટરિંગ કરીને આ ટેકનિકલ પ્રક્રિયાને સફળ બનાવી છે.

સમગ્ર પાંચસો આઠ કિલોમીટર લાંબા કોરિડોરમાં પાવર સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ચૌદ જેટલા અત્યાધુનિક ટ્રેક્શન સબ-સ્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે ગ્રીડમાંથી પાવર મેળવીને રેલવે લાઈનને વીજળી પ્રદાન કરશે. આ સમગ્ર પ્રણાલીનું સંચાલન એક સેન્ટ્રલાઈઝ્ડ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે, જેથી કોઈપણ તકનીકી ખામી વિના ટ્રેનનું સંચાલન સુરક્ષિત રીતે થઈ શકે.

આ વીજ પ્રવાહ શરૂ થતાની સાથે જ રેલવે તંત્ર દ્વારા આસપાસના વિસ્તારના નાગરિકો, મુસાફરો અને શ્રમિકો માટે કડક સુરક્ષા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હવે આ રૂટ પર લગાવવામાં આવેલા વીજળીના તાર હંમેશાં હાઈ-વોલ્ટેજ વીજપ્રવાહિત રહેશે, તેથી કોઈપણ વ્યક્તિએ આ તારોથી સુરક્ષિત અંતર જાળવવું અનિવાર્ય છે. કોરિડોરની આસપાસ વસવાટ કરતા સ્થાનિક લોકો તેમજ બાજુમાં કામ કરતા બાંધકામ શ્રમિકોને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ કોઈપણ સંજોગોમાં વીજ તારને સ્પર્શ કરવાનો પ્રયાસ ન કરે તેમજ ટ્રેક અને વિદ્યુત ઉપકરણોની આસપાસ અનધિકૃત પ્રવૃત્તિઓથી દૂર રહે. આ સુરક્ષા નિર્દેશોનું પાલન કરાવવા માટે સ્થાનિક સ્તરે જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યા છે, જેથી કોઈપણ પ્રકારની દુર્ઘટના ટાળી શકાય.

ઓવરહેડ સિસ્ટમ સક્રિય થવાથી હવે આ સેક્શન પર ટ્રેનના પ્રાયોગિક પરીક્ષણ માટેનો રસ્તો બિલકુલ સાફ થઈ ગયો છે. સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન સાથે જોડાયેલી બાકી રહેલી કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ ભારતીય રેલવે ઇતિહાસમાં એક નવો અધ્યાય જોડશે અને મુસાફરીનો સમય અત્યંત ટૂંકો બનાવી દેશે. નાગરિકોમાં પણ આ હાઈ-સ્પીડ ટ્રેનને જોવા અને તેના ટ્રાયલ રનની રાહ જોવાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વડોદરા વડસર બ્રિજ પાણી મુખ્ય લાઈન જર્જરિત થઈ ગઈ છે



વડોદરા | વડોદરા શહેરમાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડતી મહીસાગર નદીની મુખ્ય લાઈન અત્યંત ખરાબ અને જર્જરિત હાલતમાં પહોંચી ગઈ હોવાનું સામે આવ્યું છે, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને સમયસર યોગ્ય પગલાં નહીં ભરાય તો આગામી દિવસોમાં મોટો પાણીનો કકળાટ સર્જાવાની પૂરી શક્યતા દેખાઈ રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને નિયમિત પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે તેવો દાવો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ કહાની કહી રહી છે. વડસર બ્રિજ પરથી પસાર થતી વર્ષો જૂની પીવાના પાણીની મુખ્ય લાઈન હવે ખૂબ જ નબળી પડી ગઈ છે. સામાજિક કાર્યકર રાકેશ ઠાકોરે આ ગંભીર બાબત તરફ તંત્રનું ધ્યાન દોરતા જણાવ્યું છે કે આ પાઈપ માત્ર બહારથી જ નહીં પરંતુ અંદરના ભાગમાંથી પણ ગંભીર રીતે કાટ ખાઈ ચૂકી છે. વર્ષો જૂની આ લાઈનનું સમયાંતરે યોગ્ય મેન્ટેનન્સ કે રિપેરિંગ કામ કરવામાં ન આવતું હોવાના કારણે આજે આ સ્થિતિનું નિર્માણ થયું છે.

અભયમ મહિલા હેલ્પલાઈનની ત્વરિત મદદથી મહિલાને મળી રાહત, પૂર્વ પતિની હેરાનગતિથી ત્રસ્ત પરિવારને સુરક્ષા મળી

(એજન્સી) રાજપીપળા । તા. 18

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં કાયદેસરના છૂટાછેડા બાદ પણ પૂર્વ પતિ દ્વારા કરવામાં આવતી સતત માનસિક હેરાનગતિ અને ધમકીઓથી કંટાળી ગયેલી એક પીડિત મહિલાને અભયમ મહિલા હેલ્પલાઈન ની ત્વરિત અને સંવેદનશીલ કામગીરીને કારણે મોટી રાહત મળી છે. બુધવારે સામે આવેલા આ અત્યંત સંવેદનશીલ કિસ્સામાં, પોતાની અને પોતાના માસૂમ બાળકોની સુરક્ષા માટે મદદની ગુહાર લગાવનાર મહિલાની વ્હારે નર્મદાની સ્થાનિક ટીમ તાત્કાલિક પહોંચી હતી અને અસરકારક કાઉન્સેલિંગ તેમજ કાયદાકીય સમજણ આપીને પૂર્વ પતિ પાસેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારે પરેશાન ન કરવાની લેખિત ખાતરી મેળવી આ ગંભીર પારિવારિક વિવાદનો સુખદ અંત લાવ્યો હતો.

આજના આધુનિક યુગમાં પણ મહિલાઓ સામે થતા ઘરેલુ અને માનસિક અત્યાચારના કિસ્સાઓ સમાજ માટે ચિંતાનો વિષય બન્યા છે. નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના એક ગામમાં રહેતી એક મહિલાએ થોડા સમય પહેલાં જ પોતાના પતિ સાથેના અણબનાવ અને અસહ્ય ત્રાસને કારણે કાયદેસરના છૂટાછેડા લીધા હતા. સામાન્ય રીતે કાયદાકીય રીતે અલગ થયા બાદ બંને પક્ષો પોતપોતાનું જીવન શાંતિથી જીવતા હોય છે, પરંતુ આ કિસ્સામાં મહિલાની મુશ્કેલીઓ ઓછી થવાને બદલે વધુ વકરી હતી. કાયદેસર રીતે સંબંધ પૂરો થઈ ગયો હોવા છતાં, પૂર્વ પતિની હેરાનગતિ સતત ચાલુ રહી હતી. તે વારંવાર મહિલાના નિવાસસ્થાને આવીને બિનજરૂરી હસ્તક્ષેપ કરતો હતો અને મહિલા તેમજ તેમનાં નાનાં માસૂમ બાળકોને અવારનવાર ધમકીઓ આપીને ભયનું વાતાવરણ ઊભું કરતો હતો. પૂર્વ પતિના આ સતત માનસિક ત્રાસ અને અસુરક્ષાની ભાવનાને કારણે મહિલા અંદરથી સાવ ભાંગી પડી હતી અને તેમને કોઈ રસ્તો સૂઝતો ન હતો. પોતાના બાળકોના ભવિષ્ય અને સુરક્ષાની ચિંતામાં ડૂબેલી આ મહિલાએ આખરે હિંમત એકઠી કરીને સરકારની અભયમ મહિલા હેલ્પલાઈન પર ફોન કરીને મદદ માંગી હતી.

રાજપીપલા રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે, નર્મદા જિલ્લાની અદાલતોમાં કેસોનો સુખદ નિકાલ આવશે

(એજન્સી) રાજપીપલા । તા. 18

આગામી તારીખ બારમી ડિસેમ્બર, વર્ષ બે હજાર છવીસના રોજ શનિવારના દિવસે નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી લાખો વાદકારીઓને વર્ષો જૂના કાનૂની વિવાદોમાંથી કાયમ માટે મુક્તિ મળશે અને પરસ્પર સમજુતીથી ન્યાય મેળવવાનો એક નવતર તેમજ સુવર્ણ અવસર પ્રાપ્ત થશે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ યોજાનારી આ વિશેષ લોક અદાલતમાં પક્ષકારો પોતાના પ્રશ્નોનો ઝડપી અને સંતોષકારક ઉકેલ લાવી શકશે.

રાજ્યભરની અદાલતોમાં લાંબા સમયથી હજારો કેસો પેન્ડિંગ પડેલા છે, જેના કારણે સામાન્ય જનતાને આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના કાયમી નિવારણ માટે નર્મદા જિલ્લા ન્યાયાલય દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નાગરિકો કોઈપણ પ્રકારની લાંબી કાનૂની લડાઈ વગર પોતાના અટવાયેલા પ્રશ્નોનો નિકાલ આસાનીથી લાવી શકે તે માટે આ વિશેષ આયોજન અત્યંત ઉપયોગી સાબિત થવા જઈ રહ્યું છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આ અંગેનું તમામ માર્ગદર્શન પણ પક્ષકારોને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

વર્ષોથી અદાલતોના કાપી રહેલા સામાન્ય નાગરિકો માટે આ લોક અદાલત એક આશીર્વાદરૂપ સાબિત થવાની છે. કાયદાકીય પ્રક્રિયાની જટિલતાઓને કારણે અનેક પરિવારો આર્થિક અને માનસિક તાણ અનુભવતા હોય છે. આવા તમામ પરિવારો માટે આ અભિયાન એક રાહતનો શ્વાસ લઈને આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા પણ આ બાબતે ખાસ કાળજી રાખવામાં આવી છે જેથી કોઈ પણ પાત્ર પક્ષકાર આ સુવર્ણ તકથી વંચિત ન રહી જાય. આગામી લોક અદાલતના માધ્યમથી રાજ્યના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે વડી અદાલતમાં પડતર હોય તેવા તમામ સમાધાનપાત્ર કેસો રજૂ કરી શકાશે.

ભિક્ષાવૃત્તિ નિવારણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓની અરજીઓ મંગાવાઈ, કેવડિયા ખાતે નવી યોજના અમલી

(એજન્સી) રાજપીપળા । તા. 18

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા પ્રવાસન સ્થળ કેવડિયા ખાતે ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલી વ્યક્તિઓના રક્ષણ, અટકાયત, પુનઃસ્થાપન, કૌશલ્ય વિકાસ અને વ્યવસાયલક્ષી તાલીમ જેવી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓના સફળ અમલીકરણ માટે લાયકાતપ્રાપ્ત સ્વૈચ્છિક સંસ્થાઓ અને એજન્સીઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી છે.

આ કલ્યાણકારી યોજનાના માધ્યમથી જરૂરિયાતમંદ વ્યક્તિઓને મુખ્ય ધારામાં લાવવા માટે જિલ્લા તંત્ર દ્વારા સત્તાવાર જાહેરાત કરીને સાત કામકાજના દિવસોમાં નિયત નમૂનામાં અરજીઓ મોકલવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

આ યોજનાના અસરકારક સંચાલન માટે રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓએ સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલી કડક પાત્રતા શરતોનું પાલન કરવાનું રહેશે. મીડિયા અહેવાલ મુજબ, સંસ્થાનું ઈ-અનુદાન પોર્ટલ તેમજ એનજીઓ દર્પણ પોર્ટલ પર ફરજિયાતપણે રજિસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ. આ ઉપરાંત, સંસ્થા સોસાયટી રજિસ્ટ્રેશન કાયદા હેઠળ નોંધાયેલી હોવી અનિવાર્ય છે અને તેની પાસે ભિક્ષાવૃત્તિ નિવારણ ક્ષેત્રે ઓછામાં ઓછા બે વર્ષનો સક્રિય અનુભવ હોવો પણ આવશ્યક શરત તરીકે રાખવામાં આવ્યો છે.

યોગ્ય લાયકાત ધરાવતી સંસ્થાઓએ જરૂરી તમામ આધાર-પુરાવાઓ અને સાધનિક કાગળો સાથેના અરજીપત્રકો કુલ ત્રણ નકલમાં તૈયાર કરવાના રહેશે. આ દરખાસ્તો માત્ર રજિસ્ટર્ડ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટના માધ્યમથી જ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન, રાજપીપળા ખાતે મોકલવાની રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ સંજોગોમાં રૂબરૂમાં આવેલી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં અને નિર્ધારિત સમયમર્યાદા કે છેલ્લી તારીખ બાદ પ્રાપ્ત થતી અરજીઓ આપોઆપ રદ ગણવામાં આવશે.

સિંગતેલના ભાવમાં વધારો થવાથી મોંઘવારીના કારણે સામાન્ય લોકો મુશ્કેલીમાં મુકાયા



રાજકોટ | ગુજરાતમાં તહેવારો અને નવી સીઝનની શરૂઆત વચ્ચે જ સામાન્ય જનતાના રસોડાનું બજેટ સીધી રીતે હચમચી જાય તેવા ખરાબ સમાચાર સામે આવ્યા છે, જેમાં સરકારની કથિત ઉદાસીનતા અને બજારકીય પરિબળો વચ્ચે રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં સિંગતેલના ડબ્બાના ભાવમાં બે દિવસની અંદર જ બે રૂપિયાથી લઈને મોટા પ્રમાણમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે ૧૫ કિલોગ્રામનો ડબ્બો સીધો જ એકત્રીસ શાસન પચાસ સુધી પહોંચી ગયો છે અને બ્રાન્ડેડ તેલ તો બત્રીસ સો રૂપિયા આસપાસ વેચાઈ રહ્યું છે, જેને લઈને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતામાં મોટો વધારો થયો છે. રાજ્યમાં દર વર્ષે શિયાળાની શરૂઆત અને નવી મગફળીની આવક ટાણે તેલના ભાવ સામાન્ય રીતે કાબૂમાં રહેતા હોય છે અથવા તેમાં ઘટાડો જોવા મળતો હોય છે, પરંતુ આ વર્ષે સ્થિતિ બિલકુલ વિપરીત જોવા મળી રહી છે. સરકારી આંકડાઓ અને અંદાજો મુજબ આ વર્ષે પચાસ લાખ ટન મગફળીનો સારો પાક થયો હોવા છતાં અને બજાર તથા માર્કેટ યાર્ડમાં મગફળીની પર્યાપ્ત આવક સતત ચાલુ હોવા છતાં તેલના ભાવ ઘટવાનું નામ લઈ રહ્યા નથી.

વિવિધ કલ્યાણકારી યોજનાઓના મંજૂરીપત્રો એનાયત કરાયા

ભગવાન બિરસા મુંડા જન્મજયંતિ પર ભવ્ય આયોજન કરાયું



(એજન્સી) રાજપીપલા । તા. 18

આદિવાસી સમાજના મહાનાયક અને ક્રાંતિવીર ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિના પાવન અવસરે નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલા આંબેડકર હોલના પરિસરમાં એક ભવ્ય 'મહિલા સંમેલન'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ના અંતિમ દિવસે યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં ઉત્સાહી નારી શક્તિની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી હતી અને સમગ્ર વાતાવરણ દેશભક્તિ તેમજ વિકાસના રંગે રંગાઈ ગયું હતું.

રાજપીપળા ટાઉનહોલ ખાતે યોજાયેલા આ મહિલા સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરવાનો અને તેમને આત્મનિર્ભર બનાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના સ્વાગત સાથે થઈ હતી. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને માન આપતા આ સંમેલનમાં સ્થાનિક મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહીવટી તંત્ર અને સ્થાનીક નેતૃત્વના સહયોગથી આયોજિત આ કાર્યક્રમે ગ્રામીણ અને શહેરી વિસ્તારની બહેનોને એક જ મંચ પર લાવવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી શિવાની મહેતાએ મહિલાઓની વિશાળ ઉપસ્થિતિ બદલ ભારે ગૌરવ વ્યક્ત કરતા પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અગાઉ ઘરના ચાર દીવાલો વચ્ચે સીમિત રહેતી નારી આજે પચાસ ટકા અનામત અને સરકારના પ્રોત્સાહન થકી સમાજમાં અગ્રીમ હરોળમાં સ્થાન મેળવી રહી છે. આ સાચો બદલાવ વડાપ્રધાનના 'આત્મનિર્ભર નારી'ના સ્વપ્નને જમીની સ્તરે સાકાર કરી રહ્યો છે.

વર્તમાન સમયમાં દીકરીના જન્મથી લઈને તેના ઉચ્ચ શિક્ષણ, આરોગ્ય અને કારકિર્દીની સંપૂર્ણ ચિંતા સરકાર દ્વારા કરવામાં આવે છે. ડિજિટલ ક્રાંતિના યુગમાં હવે લાંબી કતારોમાં ઊભા રહેવાની કે કાગળિયા સાચવવાની જરૂર નથી રહી, પરંતુ એક જ ક્લિક પર તમામ યોજનાઓની માહિતી અને લાભ નાગરિકોના ઘર સુધી પહોંચી રહ્યા છે. તેમણે નર્મદા જિલ્લામાં સ્થપાયેલી બિરસા મુંડા યુનિવર્સિટીને જિલ્લાનું ઘરેણું ગણાવીને ઉપસ્થિત તમામ બહેનોને તેની આધુનિક શૈક્ષણિક સુવિધાઓ નિહાળવા માટે અવશ્ય મુલાકાત લેવા ખાસ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમને વિશેષ રૂપથી સંબોધતા માનનીય ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે વર્તમાન સોશિયલ મીડિયાના યુગમાં અફવાઓ અને ખોટી વાતોથી દૂર રહીને પોતાના પરિવારના હિતમાં સાચો અને સચોટ નિર્ણય લેવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે પારિવારિક જીવન તેમજ લોકશાહી વ્યવસ્થામાં બહેનોના અત્યંત મહત્વપૂર્ણ સ્થાનને બિરદાવ્યું હતું. આરોગ્ય, શિક્ષણ, પશુપાલન અને ખેતી સહિતના વિવિધ ક્ષેત્રોમાં સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિકાસલક્ષી યોજનાઓનો વિસ્તૃત ઉલ્લેખ કરતા તેમણે સૌને અપીલ કરી હતી.

મહિલા સશક્તિકરણ અને શિક્ષણનો અપાયો ખાસ સંદેશ, દીકરીઓના શિક્ષણથી સમાજની પ્રગતિનો માર્ગ પ્રશસ્ત

રાજપીપલા જાનકી આશ્રમ ખાતે ભવ્ય મહિલા સંમેલન યોજાયું

(એજન્સી) રાજપીપલા । તા. 18



ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિના અવસરે જનજાતીય ગૌરવ સપ્તાહના અંતિમ દિવસે રાજપીપલા ખાતેના જાનકી આશ્રમમાં એક ભવ્ય મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડેડીયાપાડા, ચીકદા અને સાગબારા તાલુકામાંથી મોટી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને ભાગ લીધો હતો અને સમગ્ર આસપાસના વિસ્તારમાં એક સકારાત્મક ઉર્જાનો સંચાર જોવા મળ્યો હતો. આદિવાસી સમાજના મહાનાયક અને ક્રાંતિવીર ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા આ જનજાતીય ગૌરવ સપ્તાહના અંતિમ ચરણમાં મહિલાઓના ઉત્થાન અને સશક્તિકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા જનજાતીય સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરાઓ અને વિકાસલક્ષી સંકલ્પોને ઉજાગર કરવામાં આવ્યા હતા. સપ્તાહના આ અંતિમ દિવસની ઉજવણી ભારે ઉત્સાહ, ઉમંગ અને અનેક મહિલાઓની વિશેષ ઉપસ્થિતિ સાથે સંપન્ન થઈ હતી. આજના આધુનિક યુગમાં સમાજને આગળ વધારવા માટે મહિલાઓનું સશક્તિકરણ અનિવાર્ય બની ગયું છે. આ દિશામાં વહીવટી તંત્ર અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સંમેલનના માધ્યમથી માત્ર ગ્રામીણ જ નહીં પરંતુ અંતરિયાળ વિસ્તારોની બહેનોમાં પણ કાગળ પરની યોજનાઓથી આગળ વધીને વાસ્તવિક જાગૃતિ લાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો છે, જે આવનારા સમયમાં સામાજિક પરિવર્તનનું મોટું સાબિત થશે.

આ પ્રસંગે ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમાજના હક, અધિકાર અને સન્માન માટે ઐતિહાસિક ક્રાંતિ કરી હતી. આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરદર્શી નેતૃત્વમાં દેશ અને સમાજ સર્વાંગી વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે. સમાજના સર્વાંગી અને ટકાઉ વિકાસ માટે શિક્ષણ એ સૌથી મોટું અને અમોઘ શસ્ત્ર છે. ખાસ કરીને બહેનોએ શિક્ષણને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને ભારે મહેનત અને અડ દૃઢ નિશ્ચય સાથે જીવનમાં હંમેશાં આગળ વધવું જોઈએ. આદિવાસી સમાજની દીકરીઓ પણ અન્ય વર્ગની જેમ ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે આઈએએસ અને આઈપીએસ પાસ કરીને દેશની ઉચ્ચ વહીવટી સેવાઓમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરે તે માટે તેમણે બહેનોને વિશેષ પ્રેરણા પૂરી પાડી હતી. આ ઉપરાંત, પૂર્વ ધારાસભ્ય અને પંચમહાલ જિલ્લાના પ્રભારીશ્રી હર્ષદભાઈ વસાવાએ સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે ઉપસ્થિત સૌને ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી હતી. માજી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવાએ પોતાના વક્તવ્યમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, મહિલાઓના સાચા સશક્તિકરણ અને આર્થિક સ્વાવલંબન માટે સરકાર દ્વારા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. દીકરીઓના શિક્ષણને વિશેષ પ્રોત્સાહન આપવા તેમજ મહિલા અને બાળ કલ્યાણ માટેની આ યોજનાઓનો પ્રત્યેક જરૂરિયાતમંદ પરિવાર સુધી સમયસર લાભ પહોંચે તે અત્યંત આવશ્યક છે, કારણ કે શિક્ષણ જ સમાજના આમૂલ પરિવર્તન અને પ્રગતિનું સૌથી સશક્ત માધ્યમ છે.

રાજકોટ પંથકમાં સર્જાયેલી ગોઝારી દુઘટના

કુવાડવા પાસે અકસ્માતમાં સિંગરનું મોત થયું છે

(એજન્સી) રાજકોટ । તા. 18

રાજકોટ જિલ્લાના કુવાડવા ગામ નજીક આજે પરોઢિયે સર્જાયેલા એક અત્યંત કરુણ અને ગંભીર અકસ્માતમાં કેશોદના ગંગનાથપરા વિસ્તારમાં રહેતા અને જાણીતા યુવાન સિંગર તથા હાર્મોનિયમ પ્લેયર કિશન રતનજીભાઈ સોલંકીનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે અને પરિવાર પર ભારે દુ:ખનો આભ તૂટી પડ્યો છે.

મૃતક યુવાન કિશન કેશોદ ખાતે પોતાના મ્યુઝિક ક્લાસ ચલાવતો હતો અને કલા જગતમાં સક્રિય રીતે જોડાયેલો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, તે પોતાની સ્વિફ્ટ કાર લઈને કેશોદથી અમદાવાદ તરફ જઈ રહ્યો હતો તે દરમિયાન વહેલી સવારે અંદાજે સવા ત્રણ વાગ્યાના સુમારે કુવાડવા ગામ પાસે પહોંચતાની સાથે જ તેની કાર રોડની વચ્ચે બેદરકારીપૂર્વક પાર્ક કરવામાં આવેલા એક ગેસ ટેન્કર પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે કાર ચાલક કિશનનું માથું ધડથી અલગ થઈ ગયું હતું અને તેનું ઘટનાસ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ઘટનાની જાણ થતાં જ રાજકોટ ખાતે રહેતા તેના સગા સંબંધીઓ તાત્કાલિક હોસ્પિટલ દોડી આવ્યા હતા. પોલીસ દ્વારા મોબાઈલ ફોનના આધારે મૃતકની પ્રાથમિક ઓળખ મેળવવામાં આવી હતી. નવાગામની રંગીલા સોસાયટીમાં રહેતા તેના સાળા આદિત્ય મકવાણા દ્વારા આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ટેન્કર ચાલક દ્વારા હાઈવે કે રોડની વચ્ચે કોઈ પણ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા રાખ્યા વગર ટેન્કર પાર્ક કરવામાં આવ્યું હતું. ટેન્કર ચાલકે ન તો પાર્કિંગ લાઈટ ચાલુ રાખી હતી અને ન તો વાહનની આસપાસ કોઈ પણ પ્રકારની રેડિયમ પટ્ટી કે આડશ રાખી હતી. વહેલી સવારના અંધકારના કારણે રસ્તા વચ્ચે ઊભેલા આ ટેન્કરનો અંદાજો કિશનને આવી શક્યો ન હતો, જેના પરિણામે આ ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી.

નર્મદા જિલ્લામાં ટીબી મુક્ત ભારત એપ લોન્ચ થઈ

રાજપીપલા ખાતે ટીબી મુક્ત ભારત એપ લોન્ચ કરાઈ

(એજન્સી) રાજપીપલા । તા. 18

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દેશને ક્ષય મુક્ત બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે ડિજિટલ ક્રાંતિના ભાગરૂપે તાજેતરમાં નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે 'ટીબી મુક્ત ભારત એપ' સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવી છે, જેનાથી સ્થાનિક દર્દીઓ અને આરોગ્ય તંત્રને સીધી અને અત્યાધુનિક ડિજિટલ સેવાઓનો મોટો લાભ મળવાની શરૂઆત થઈ ગઈ છે.

દેશમાંથી ક્ષય રોગને નેસ્તનાબૂદ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ દિશામાં નર્મદા જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા પણ સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. અગાઉ દર્દીઓને સારવાર માટે અનેક પ્રકારની કાગળની કાર્યવાહી તેમજ રૂબરૂ મુલાકાતોમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આધુનિક ટેકનોલોજીના માધ્યમથી આ તમામ પ્રક્રિયાઓને અત્યંત સરળ અને પારદર્શક બનાવવા માટે આ નવીન ડિજિટલ પ્લેટફોર્મની વિશેષ આવશ્યકતા અનુભવાઈ રહી હતી. આ આધુનિક ડિજિટલ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને એકબીજા સાથે જોડવાનો, સહાયક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો અને સારવારની સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. આ એપ્લિકેશન દ્વારા ટીબીના દર્દીઓ, નિ-ક્ષય મિત્રો, સ્વયંસેવકો, વિવિધ ટીમો, આરોગ્ય કર્મચારીઓ અને જિલ્લા વહીવટીતંત્રને એક જ ડિજિટલ છત્ર હેઠળ લાવવામાં આવ્યા છે. વિવિધ સ્તરે કાર્યરત તમામ હિતધારકો વચ્ચે સીધો સંવાદ અને સંકલન સ્થાપિત થવાથી દર્દીઓને સમયસર અને સચોટ માર્ગદર્શન મળી રહે છે. આ પહેલ ટીબી નાબૂદીના અભિયાનને નવી ગતિ અને પારદર્શિતા પ્રદાન કરે છે. 'ટીબી મુક્ત ભારત એપ'માં દર્દીઓની સુવિધા માટે અનેકવિધ મહત્વપૂર્

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું.

વૃષભ : બ. વ. ઉ.

આઉટડોર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો.

મિથુન : ક. છ. ઘ.

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશાખુશાલ કરી મુકશે. પ્રેમમાં આજે તમારી વિવેકાધીન બુધ્ધિનો ઉપયોગ કરો.

કર્ક : ડ. હ.

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

સિંહ : મ. ટ.

તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

કન્યા : પ. ઠ. ણ.

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે. જુદા પ્રકારના રોમાન્સનો અમુભવ થવાની શક્યતા છે.

તુલા : ર. ત.

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ.

વૃશ્ચિક : ન. ય.

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો! આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશાખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.

મકર : ખ. જ.

કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે.

કુંભ : ગ. સ. શ. ષ.

બ્લડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રોલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે.

મીન : દ. ચ. ઝ. થ.

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે.

ઉલ્કા વર્ષા

જામનગરના નભોમંડળમાં 18 અને 19 નવેમ્બરની વહેલી સવારે આકાશમાં જોવા મળશે સિંહ રાશિની ઉલ્કા વર્ષા

જામનગર: અંધારી રાત્રિ દરમિયાન આકાશમાં અચાનક લાંબો તેજસ્વી લિસોટો પસાર થતો જોવા મળે ત્યારે સામાન્ય રીતે તેને 'તારો ખર્યો' હોવાનું કહેવામાં આવે છે. વાસ્તવમાં આ ઘટના ઉલ્કા તરીકે ઓળખાય છે. વર્ષના અમુક ચોક્કસ દિવસો દરમિયાન આવી ઉલ્કાઓ મોટી સંખ્યામાં જોવા મળે છે, જેને ઉલ્કા વર્ષા કહેવામાં આવે છે. નવેમ્બર મહિનામાં થતી સિંહ રાશિની ઉલ્કા વર્ષા ખગોળપ્રેમીઓ માટે આકાશી નજારો માણવાની એક વિશેષ તક પૂરી પાડે છે.સૂર્યની પ્રદક્ષિણા કરતા ધૂમકેતુઓ પોતાની યાત્રા દરમિયાન અવકાશમાં નાના-મોટા કણો અને અવશેષો છોડતા જાય છે. આ અવશેષો ધૂમકેતુની ભ્રમણકક્ષામાં ફરતા રહે છે. જ્યારે પૃથ્વી પોતાની ભ્રમણકક્ષામાંથી પસાર થતાં આવા અવશેષોના વિસ્તારમાં પ્રવેશે છે, ત્યારે ધૂમકેતુના કણો પૃથ્વીના વાતાવરણમાં ખેંચાઈ આવે છે. અંદાજે 70 કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે વાતાવરણમાં પ્રવેશતા આ કણો હવાના ઘર્ષણને કારણે અત્યંત ગરમ થઈ તેજસ્વી લિસોટા સ્વરૂપે ચમકે છે અને અંતે સૂક્ષ્મ રાખ બની વાતાવરણમાં ભળી જાય છે.સિંહ રાશિની આ ઉલ્કા વર્ષાનો સંબંધ '55-પી/ટેમ્પલ-ટટલ' નામના ધૂમકેતુ સાથે છે. આ ધૂમકેતુએ પોતાની ભ્રમણકક્ષા દરમિયાન પાછળ છોડેલા અવશેષોમાંથી પૃથ્વી દર વર્ષે નવેમ્બર મહિનામાં પસાર થાય છે. ખાસ કરીને 14થી 20 નવેમ્બર દરમિયાન આ અવશેષો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં સિંહ રાશિની ઉલ્કા વર્ષા સર્જાય છે.ખગોળશાસ્ત્રમાં સિંહ રાશિની ઉલ્કા વર્ષા જાણીતી અને પ્રેક્ષણીય ઉલ્કા વર્ષાઓમાં સ્થાન ધરાવે છે. જોકે દર વર્ષે તેનો નજારો એકસરખો હોતો નથી. કેટલીક વખત સામાન્ય પ્રમાણમાં ઉલ્કાઓ જોવા મળે છે, જ્યારે કોઈક વર્ષે અતિ સુંદર અને નોંધપાત્ર ઉલ્કા વર્ષા જોવા મળે છે. વર્ષ 2002માં આવી અતિ સુંદર ઉલ્કા વર્ષા નિહાળવા મળી હતી.સવારે 3થી 5 દરમિયાન ઉલ્કા વર્ષા નિહાળવાની તક

હેતુફેરની મંજૂરી વગર લાઇબ્રેરી ની જગ્યામાં કોમર્શિયલ શોપિંગ સેન્ટર બનાવ્યું

પાલનપુરની ઐતિહાસિક 'વિક્ટોરિયા લાઇબ્રેરી' વિવાદમાં : ટ્રસ્ટના વહીવટ અને લાખો રૂપિયાના નાણાકીય કૌભાંડ સામે સવાલો

(એજન્સી) પાલનપુર | તા.18

પાલનપુરના મધ્યમાં આવેલી નવાબ સાહેબના સમયની ઐતિહાસિક વિક્ટોરિયા જયુબિલી ઈન્સ્ટિટયૂટ લાઈબ્રેરી ટ્રસ્ટ નોંધણી નં.ઈ/૪૨/બનાસકાંઠા હવે મોટા વિવાદમાં સપડાઈ છે જેમાં અરજદાર અમૃતભાઈ જોષી દ્વારા મદદનીશ ચેરિટી કમિશનર શ્રી ને રજૂઆત કરતા જણાવ્યું હતું કે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૩૭ તથા અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ ઉપરોક્ત જાહેર ટ્રસ્ટના તમામ કાયદાકીય અને નાણાકીય રેકર્ડ તાકીદે જપ્ત કરવા તથા નિષ્પક્ષ તપાસ કરવા બાબતે તા. ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ માનનીય ચેરિટી ઈન્સ્પેક્ટરશ્રીને લેખિત અરજી કરેલ હતી. સદરહુ તપાસની કાર્યવાહીમાં ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા તપાસ અધિકારીને સહકાર આપવામાં ન આવતો હોવાથી અને તપાસ અધૂરી છોડવામાં આવેલ હોવાથી અમો નીચે મુજબની હકીકતો આપ સાહેબશ્રીના ધ્યાન પર લાવીએ છીએ :

(૧) તપાસ અધિકારીના હુકમનો અનાદર અને અસહકાર: અરજદારની રજૂઆત અન્વયે ચેરિટી ઈન્સ્પેક્ટરશ્રીએ પ્રથમ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગિરીશભાઈ આઈ. ઠાકરને અને ત્યારબાદ પી.ટી.આર. પર નોંધાયેલા તમામ ટ્રસ્ટીઓને રેકર્ડ રજૂ કરવા નોટિસો પાઠવેલ હતી. તેમ છતાં પ્રમુખશ્રી દ્વારા વારંવાર ખોટા બહાનાઓ હેઠળ મુદતો માંગી રેકર્ડ રજૂ કરવાનું ટાળવામાં આવેલ.ત્યારબાદ ચેરિટી ઈન્સ્પેક્ટરશ્રીએ તા. ૨૭/૧૦/૨૦૨૬ ના પત્ર નં. ૩૦૬૫/૨૦૨૬ થી પ્રમુખશ્રીને સ્પષ્ટ આદેશ કરેલ કે, તા. ૦૪/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ટ્રસ્ટના કાર્યાલય ખાતે રેકર્ડ પરના તમામ ટ્રસ્ટીઓએ અસલ આધાર-પુરાવા તથા જરૂરી રેકર્ડ સાથે હાજર રહેવું અને તેની પ્રમાણિત નકલો રજૂ કરવી.તા. ૦૪/૧૧/૨૦૨૬ ના રોજ ઈન્સ્પેક્ટરશ્રી રૂબરૂ તપાસ અર્થે ટ્રસ્ટની ઓફિસે ગયેલ ત્યારે પ્રમુખ શ્રી ગિરીશભાઈ આઈ. ઠાકર સિવાય અન્ય કોઈ ટ્રસ્ટીઓ હાજર રહેલ નહીં, તેમજ પ્રમુખશ્રીએ તપાસના કામે અત્યંત અગત્યના દસ્તાવેજો રજૂ કરવાનો કે બતાવવાનો ઈન્કાર કરી કાયદાકીય તપાસમાં અવરોધ ઊભો કરેલ છે અને અધૂરું રેકર્ડ આપેલ છે.

(૨) તપાસ દરમિયાન છુપાવવામાં આવેલ અને રજૂ ન કરાયેલ અગત્યના દસ્તાવેજોની વિગત:

ટ્રસ્ટના પ્રમુખશ્રી દ્વારા નીચે મુજબના અતિ મહત્વના દસ્તાવેજો ઈરાદાપૂર્વક છુપાવવામાં આવેલ છે:

(અ) હેતુફેરની મંજૂરીના દસ્તાવેજો: સદરહુ જગ્યા પાલનપુરના નવાબ સાહેબશ્રી દ્વારા માત્ર અને માત્ર 'લાઈબ્રેરી' (પુસ્તકાલય) ના શુભ હેતુ માટે દાનમાં આપવામાં આવેલ હતી. ટ્રસ્ટના મૂળ ઉદ્દેશ્ય વિરુદ્ધ જઈને ત્યાં કોમર્શિયલ શોપિંગ સેન્ટર બનાવવા માટે સક્ષમ સત્તાધિકારી કે આપ સાહેબશ્રીની કચેરીની કોઈ 'હેતુફેરની મંજૂરી' મેળવવામાં આવેલ નથી કે તેના કોઈ આધારો રજૂ કરેલ નથી.

(બ) બાંધકામ ટેન્ડર અને નાણાકીય વાઉચરો: કોમર્શિયલ શોપિંગ સેન્ટરના બાંધકામ અર્થે જાહેર ટ્રસ્ટના નિયમો મુજબ દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ હોય તેવા કોઈ પુરાવા, કોટેશન કે કોન્ટ્રાક્ટરને ચૂકવવામાં આવેલ નાણાંના અસલ વાઉચરો રજૂ કરવામાં આવેલ નથી.

(ક) દુકાનોની ફાળવણી અને ભાડા ચિઠ્ઠીઓ: શોપિંગ સેન્ટરમાં તૈયાર થયેલ દુકાનો કઈ તારીખથી અને કયા ધોરણે અલગ-અલગ વ્યક્તિઓને ભાડે ફાળવવામાં આવી છે, તેની અસલ ભાડા ચિઠ્ઠીઓ કે ભાડા કરારો તપાસ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી.(ડ) કલમ-૩૬ હેઠળ પૂર્વ મંજૂરીનો અભાવ: ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૩૬ મુજબ કોઈપણ જાહેર ટ્રસ્ટની સ્થાવર મિલકત વેચાણ, ગીરો, બક્ષિસ કે લાંબા ગાળાના ભાડાપટ્ટે આપતા પહેલાં નામદાર સંયુક્ત/મદદનીશ ચેરિટી કમિશનરશ્રીની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી કાયદાકીય રીતે ફરજિયાત છે. ટ્રસ્ટ દ્વારા આવી કોઈ પૂર્વ મંજૂરી મેળવવામાં આવેલ નથી. (ઇ) જાહેર હરાજી કે જાહેરાતનો અભાવ: ટ્રસ્ટની મિલકત ભાડે આપતા પહેલાં મહત્તમ ઉપજ મળી રહે તે હેતુથી વર્તમાનપત્રોમાં કોઈ જાહેર નોટિસ કે જાહેરાત આપવામાં આવેલ નથી. (ફ) ઉઘરાવેલ નાણાંની પહોંચો (પાવતીઓ): ભાડે આપવામાં આવેલ દુકાનોના કબજેદારો પાસેથી ડિપોઝિટ, પાઘડી, દાન, વિકાસ ફાળો કે પ્રીમિયમ પેટે ઉઘરાવવામાં આવેલ લાખો રૂપિયાની રકમની અસલ પાવતી બુકો કે હિસાબી ચોપડા રજૂ કરવામાં આવેલ નથી.

જામનગરના ગોકુલનગર-પાણાખાણ વિસ્તારમાં પોલીસની મેગા કોમ્બિંગ નાઈટ : પ્રોહિબિશનના 5 કેસ સહિત સઘન કાર્યવાહી

જામનગર : જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તેમજ અસામાજિક તત્ત્વો અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી પોલીસ દ્વારા ગતરાત્રિના ગોકુલનગર અને પાણાખાણ વિસ્તારમાં મેગા કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. સીટી 'સી' ડિવિઝન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ સઘન કામગીરી દરમિયાન પ્રોહિબિશનના પાંચ ગુનાઓ નોંધવા ઉપરાંત વાહનચેકિંગ, બુટલેગરોની તપાસ અને હિસ્ટ્રીશીટરોની ચકાસણી સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવી મોહન સૈનીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલાના માર્ગદર્શનથી આ કોમ્બિંગ નાઈટ યોજાઈ હતી. જેમાં સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે ગોકુલનગર અને પાણાખાણ વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી હતી.આ કામગીરી દરમિયાન પ્રોહિબિશનના કુલ પાંચ કેસ નોંધવામાં આવ્યા હતા, જ્યારે પ્રોહિબિશન સંબંધિત છ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત એમ.વી. એક્ટની કલમ 207 હેઠળ સાત વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા એક એમ.સી.આર. ઇસમ, આઠ પ્રોહિબિશનના ધંધાર્થીઓ તથા બે હિસ્ટ્રીશીટરોની પણ ચકાસણી કરવામાં આવી હતી. એક ટપોરી અને અસામાજિક તત્ત્વની પણ તપાસ કરવામાં આવી હતી.

તિલકવાડા માં છૂટાછેડા બાદ પણ પતિ દ્વારા થતી હેરાનગતિથી પરેશાન મહિલા 181 અભયમ ને શરણે

રાજપીપલા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના એક ગામમાંથી 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર એક અત્યંત સંવેદનશીલ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં એક મહિલાએ પોતાના પૂર્વ પતિ દ્વારા કરવામાં આવતી સતત માનસિક હેરાનગતિ અને ધમકીઓ સામે સુરક્ષા અને મદદની ગુહાર લગાવી હતી.મહિલાની રજૂઆત મુજબ, પૂર્વ પતિ સાથે કાયદેસરના છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, તે વારંવાર મહિલાના ઘરે આવી તેમને અને તેમનાં માસૂમ બાળકોને ધમકીઓ આપતો હતો. પૂર્વ પતિના આ અસહ્ય ત્રાસ અને બિનજરૂરી હસ્તક્ષેપને કારણે મહિલા માનસિક રીતે ભાંગી પડ્યા હતા. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે તેમણે 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક સાધ્યો હતો.ઘટનાની ગંભીરતાને સમજીને 181 અભયમ નર્મદાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. કાઉન્સેલર દ્વારા સૌ પ્રથમ પીડિત મહિલા સાથે શાંતિથી વાતચીત કરી તેમને સુરક્ષાનો અહેસાસ કરાવ્યો હતો. ત્યારબાદ પૂર્વ પતિને બોલાવી બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી.અભયમની ટીમે પૂર્વ પતિને કાયદાકીય જોગવાઈઓની સમજ આપી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે જો આ પ્રકારની હેરાનગતિ ચાલુ રહેશે તો તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. કાઉન્સેલિંગના અંતે પૂર્વ પતિને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેમણે ભવિષ્યમાં મહિલા કે બાળકોને કોઈ પણ પ્રકારે પરેશાન ન કરવાની લેખિત ખાતરી આપી હતી.

૩.5 કરોડની ખંડણી માટે ધાક ધમકી આપી હતી

વાપીમાં ખંડણી વસુલવા જ્વેલર્સ પર છરા વડે જીવલેણ હુમલો

(એજન્સી) વાપી | તા.18



વાપી ટાઉનમાં મુખ્ય બજારમાં આવેલી મહાત્મા ગાંધી માર્કેટમાં ગઈકાલે મંગળવારે ભરબપોરે જ્વેલર્સ પર છરા વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલો કરી ત્રણ શખ્શો ભાગતા ચોર ચોરની બુમો પાડતા શાકભાજી માર્કેટમાંથી લોકોએ એકને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો. જ્યારે બે ફરાર આરોપીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડયા હતા. જો કે જ્વેલર્સ પાસે અગાઉ રૂ.પાંચ કરોડની ખંડણી માટે ફોન પર ધાક ધમકી આપી હતી. ખંડણી વસુલવા આ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે.વાપી ટાઉનમાં મહાત્મા ગાંધી માર્કેટમાં અભિષેક જ્વેલર્સ નામક દુકાન આવેલી છે. ગઈકાલે મંગળવારે બપોરે દુકાનદારનો નાનો પુત્ર લલીત મોતીલાલ જૈન માર્કેટના પહેલા માળે આવેલા શૌચાલયમાં લઘુશંકા કરવા ગયો હતો. બાદમાં દાદર પરથી ઉતરતી વેળા ત્રણ શખ્સો ઘસી ગયા બાદ લલિત કઈ બોલે કે સમયે તે પહેલા જ એક શખ્સે છરા વડે શરીરના જુદા જુદા ભાગો પર ઉપરાછાપરી સાતથી વધુ ઘા ઝીંકી ભાગી ગયા હતા. ઘટનાને પગલે લોકો દોડી ગયા બાદ ચોર ચોરની બુમો પાડતા શાકભાજી માર્કેટમાં ત્રણ પૈકી એક આરોપીને લોકોએ પકડી પાડી રીતસર મેથીપાક આપી પોલીસને હવાલે કર્યો હતો. બીજી તરફ ગંભીર રીતે ઘાયલ લલિત જૈનને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટનાને પગલે વાપી ટાઉન પોલીસ મથકના પીઆઈ ઝાલા સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે માર્કેટમાં આવેલી દુકાનોમાં લગાવેલા કેમેરાની ચકાસણી હાથ ધરી હતી. બીજી તરફ બે ફરાર આરોપીને પકડવા એલસીબી, સ્થાનિક પોલીસની ટીમે સઘન શોધખોળ શરૂ કરી હતી. જે દરમિયાન એલસીબીની ટીમે ફરાર બે આરોપીને પકડી પાડયા હતા. પોલીસે પકડાયેલા આરોપીની સઘન પુછપરછ આદરી છે. પ્રાથમિક પુછપરછમાં થોડા મહિના અગાઉ અભિષેક જ્વેલર્સના પ્રદીપ જૈનના મોબાઈલ પર રૂ.5 કરોડની ખંડણી વસુલવા ધાક ધમકી આપી હતી. જે મુદ્દે આ હુમલો કર્યો હોવાનું હાલ બહાર આવ્યું છે. બનાવ અંગે વાપી ટાઉન પોલીસે ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ આદરી છે. વાપીના ભરચક ગણાતા બજારમાં જ્વેલર્સ પર હુમલો કરી જાનથી મારી નાંખવાના પ્રયાસની ઘટનાને પગલે ભારે ચકચાર સાથે વેપારી સહિત લોકો ફફડાટ મચી ગયો છે.વાપીના અભિષેક જ્વેલર્સના સંચાલક લલિત જૈન પર જીવલેણ હુમલો કરી જાનથી મારી નાંખવાનો પ્રયાસ કરાતા ભારે ચકચાર સાથે ફફડાટ મચી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ત્રણ આરોપીઓ બે ત્રણ દિવસથી સામે આવેલી બંધ દુકાન અને અન્ય સ્થળે બેસી રેકી પણ કરતા હતા. દુકાનદારોએ પણ આરોપીને જોયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

જીપીએફ, પીપીઓ સહિતના તમામ લાભો હાથોહાથ અર્પણ કરી સન્માનિત કરાયા.....

પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા સતત ત્રીજા સત્રમાં નિવૃત્તિના દિવસે જ શિક્ષકોને તમામ આર્થિક-વહીવટી લાભો આપી નવા વર્ષની શુભેચ્છા પાઠવાઈ

| જગદીશ ત્રિવેદી | મહીસાગર



સરકારી કર્મચારીઓ નિવૃત્ત થાય ત્યારે પોતાના હકના નાણાકીય અને વહીવટી લાભો મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હોય છે, પરંતુ મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી એક પ્રશંસનીય અને અનોખી પરંપરા સ્થાપિત કરવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, મહીસાગર દ્વારા છેલ્લા ત્રણ સત્રથી વયનિવૃત્ત થતા શિક્ષકોને નિવૃત્તિના દિવસે જ તમામ લાભો હાથોહાથ આપી સન્માનવાની સરાહનીય પ્રથા શરૂ કરવામાં આવી છે.આ જ પરંપરાને આગળ ધપાવતા, તા. ૩૧/૧૦/૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થનાર જિલ્લાના ૧૫૮ પ્રાથમિક શિક્ષકો માટે પણ આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ દામાના સબળ માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પવિત્ર ધનતેરસના શુભ દિવસે એક સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તમામ ૧૫૮ નિવૃત્ત થતા શિક્ષકોને તેમને મળવાપાત્ર નિવૃત્તિના તમામ લાભો જેવા કે જી.પી.એફ. (GPF) નો આખરી ઉપાડ, એલ.પી.સી. (LPC), ફોર્મ નંબર ૨૨, અને પી.પી.ઓ. (PPO) ની નકલ વગેરે દસ્તાવેજો એકસાથે રૂબરૂમાં અર્પણ કરી તેમનું શાલ ઓઢાડી કે પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. પોતાની સમગ્ર કારકિર્દી શિક્ષણ જગતને સમર્પિત કરનાર ગુરુજનોને નિવૃત્તિની સાથે જ કોઈપણ જાતની વહીવટી અડચણ વિના તમામ હકના લાભો મળી રહેતા યુવી શિક્ષકોમાં ભારે આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. આ તકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તમામ નિવૃત્ત શિક્ષકોને નિરામય અને સુખમય નિવૃત્ત જીવનની તેમજ આગામી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

જામનગરમાં 12 વર્ષની બાળાના અપહરણ અને દુષ્કર્મના ચકચારી કેસમાં મદદગારી કરનાર આરોપીના જામીન નામંજૂર

(એજન્સી) જામનગર | તા.18

જામનગર શહેરમાંથી ગત જુલાઈ માસમાં 12 વર્ષની સગીરાને લલચાવી-ફોસલાવી ભગાડી જવા, દુષ્કર્મ અને એટ્રોસિટી સંબંધિત નોંધાયેલા ચકચારી પ્રકરણમાં મુખ્ય આરોપીને મદદગારી કરવાના આરોપસર પકડાયેલા રમેશ રામદેભાઈ રાણાવાયાની જામીન અરજી પોક્સો અદાલતે ફગાવી દીધી છે. સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈને અદાલતે આરોપીને જામીન પર મુક્ત કરવાનો ઇનકાર કર્યો હતો.આ ચકચારી બનાવ અંગે સગીરાના અપહરણ મામલે તા.7 જુલાઈ, 2026ના રોજ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન મુખ્ય આરોપી કાનાભાઈ ગોરાણીયા ઉપરાંત તેને મદદગારી કરવાના આરોપસર રમેશ રામદેભાઈ રાણાવાયાની પણ ધરપકડ કરવામાં આવી હતી.

એકજ દિવસમાં 25,000 ગુણી મગફળીની બમ્પર આવકથી બે દિવસ માટે નવી આવક બંધ

જામનગર : જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં લાભ પાંચમ બાદ જણસીઓની આવક શરૂ થતાં ખેડૂતોનો ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મગફળીની વિક્રમી આવક નોંધાઈ રહી છે. એક જ દિવસમાં આશરે 350 વાહનો મારફતે ખેડૂતો 25 હજારથી વધુ ગુણી મગફળી લઈને યાર્ડમાં પહોંચ્યા હતા. મગફળીની મોટી આવકને પગલે હાલ નવી આવક બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. યાર્ડમાં ઉતારવામાં આવેલી મગફળીની હરાજી પૂર્ણ થયા બાદ જ નવી આવક શરૂ કરવામાં આવશે.બીજી તરફ મગફળીના બજારમાં પણ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ સિઝનમાં 9 નંબરની મગફળીના ભાવ રૂ.2,775 સુધી પહોંચ્યા છે, જે આ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઊંચો ભાવ હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને તમિલનાડુના વેપારીઓ ખાદ્યતેલ માટે મગફળીની ખરીદી કરવા હાપા યાર્ડમાં આવી રહ્યા હોવાથી બજારમાં તેજી જોવા મળી રહી છે. મગફળીની વિવિધ જાતોમાં 6 નંબરની મગફળીના ભાવ પણ રૂ. 2,400થી વધુ બોલાઈ રહ્યા છે. ઊંચા ભાવ મળતાં ખેડૂતોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. ઓછા વરસાદ અને ઉત્પાદનના ઘટાડાની સ્થિતિ વચ્ચે મગફળીના સારા ભાવ મળવાથી ખેડૂતોને આર્થિક રાહત મળી રહી છે.આ અંગે હાપા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી હિતેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, મગફળીની ભારે આવકને ધ્યાનમાં રાખીને હાલ નવી આવક અટકાવવામાં આવી છે. યાર્ડમાં ઉતારવામાં આવેલી મગફળીની હરાજી પૂર્ણ થયા બાદ જ નવી આવક શરૂ કરવામાં આવશે.આમ, હાપા માર્કેટિંગ યાર્ડમાં એક તરફ મગફળીની વિક્રમી આવક અને બીજી તરફ ભાવમાં તેજી જોવા મળતાં કૃષિ બજારમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે 'જન જાતીય ગૌરવ સપ્તાહ' અંતર્ગત 'મહિલા સંમેલન'યોજાયું

| જગદીશ ત્રિવેદી | મહીસાગર



ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે ઉજવાઈ રહેલા 'જન જાતીય ગૌરવ સપ્તાહ' અંતર્ગત આજ રોજ સંતરામપુર નગરપાલિકા ટાઉન હોલ ખાતે 'મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળ સંરક્ષણ આયોગ ચેરમેન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર તથા પૂર્વ સાંસદ શ્રીમતી રમિલાબેન બારાની અધ્યક્ષતામાં યોજાયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ માતૃશક્તિને સંબોધતા બાળ સંરક્ષણ આયોગ ચેરમેન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરે નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ભારતની સંસ્કૃતિ, પરંપરા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજનું યોગદાન અત્યંત ગૌરવપૂર્ણ રહ્યું છે. ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની વયે રાષ્ટ્ર અને સમાજના સ્વાભિમાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું, જેમાંથી આજની યુવા પેઢી અને માતૃશક્તિએ પ્રેરણા લેવી જોઈએ.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા છ

મહિન્દ્રા XEV 9S ભારતની સૌથી સુરક્ષિત 7 સીટર SUV બની

5-સ્ટાર ભારત NCAP રેટિંગ મેળવનારી પ્રથમ 7 સીટર EV

(એજન્સી) મુંબઈ | તા.18

મહિન્દ્રાએ જાહેરાત કરી હતી કે XEV 9Sએ ભારત ન્યૂ કાર એસેસમેન્ટ પ્રોગ્રામ (ભારત NCAP) અંતર્ગત 5-સ્ટાર રેટિંગ મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સાથે જ તે ICE અને ઇલેક્ટ્રિક એમ બન્ને સેગમેન્ટમાં ભારતની સૌથી સલામત 7-સીટર SUV બની ગઈ છે. તે ટોપ રેટિંગ મેળવનારી ભારતની સૌ પ્રથમ 7-સીટર EV પણ છે. XEV 9Sએ એડલ્ટ ઓક્યુપન્ટ પ્રોટેક્શન (AOP)માં 32માંથી 31.15 અને ચાઇલ્ડ ઓક્યુપન્ટ પ્રોટેક્શન (COP)માં 49માંથી 45 પોઇન્ટ્સ પ્રાપ્ત કર્યા છે, જે આજની તારીખ સુધીમાં ભારત NCAP અંતર્ગત પરીક્ષણ કરાયેલી તમામ 7-સીટર વ્હિકલ્સની અંદર કુલ 76.15 પોઇન્ટ્સના સ્કોર સાથે સૌથી વધુ સ્કોર મેળવનારી SUV બની ગઈ છે. આ 5-સ્ટાર રેટિંગ SUV એન્જિનિયરિંગ અને ડેવલપમેન્ટના મૂળભૂત ભાગ તરીકે સુરક્ષાને ધ્યાનમાં રાખવાની મહિન્દ્રાની કટિબદ્ધતા વધુ દૃઢ બનાવે છે. આ પરિણામો સાથે, INGLO પ્લેટફોર્મ ઉપર નિર્માણ થયેલી તમામ ત્રણ મહિન્દ્રા ઇલેક્ટ્રિક ઓરિજિન SUVએ 5-સ્ટાર ભારત NCAP રેટિંગ મેળવીને પ્લેટફોર્મના મજબૂત સેફ્ટી એન્જિનિયરિંગનો મજબૂત પુરાવો આપ્યો છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના



ઓટોમોટિવ બિઝનેસના પ્રેસિડન્ટ અને મહિન્દ્રા ઇલેક્ટ્રિક ઓટોમોબાઇલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વેલુસામીએ જણાવ્યું હતું કે, 'સમગ્ર ભારતના ગ્રાહકો તરફથી XEV 9Sને મળી રહેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ અમે ગ્રાહકોના ખૂબ જ આભારી છીએ.

INGLO પ્લેટફોર્મ માટે સેફ્ટી હેટ્રિકઃ XEV 9એ XEV 9e અને BE 6 સાથે 5-સ્ટાર ભારત NCAP રેટિંગ મેળવનારી મહિન્દ્રાના INGLO પ્લેટફોર્મ પર ત્રીજી EV બની

ભારતની નં.1 EV* બનવાની બાબત બ્રાન્ડ ઉપર ગ્રાહકોએ મુકેલા વિશ્વાસનું પ્રતિબિંબ વ્યક્ત કરે છે. 5-સ્ટાર ભારત NCAP રેટિંગ તે ભરોસાને વધુ દૃઢ બનાવીને ગ્રાહકોને ખાતરી પુરી પાડે છે કે તેઓ તેવા વાહનની પસંદગી કરી રહ્યાં છે જે માત્ર ડિઝાઇન, પરફોર્મન્સ અને ટેક્નોલોજીમાં ઉત્કૃષ્ટ નથી પરંતુ સલામતીની દ્રષ્ટીએ પણ સર્વશ્રેષ્ઠ છે. અમે ગ્રાહકોના અવિરત વિશ્વાસ બદલ તેમના આભારી છીએ અને તેમની આકાંક્ષાઓમાં ખરી ઉતરે તેવી પ્રોડક્ટ્સ પૂરી પાડવા માટે તેમને કટિબદ્ધ છીએ.' 'ભારતની બિગ ન્યૂ ઇલેક્ટ્રિક' તરીકે નવેમ્બર 2025માં લોન્ચ થયેલી મહિન્દ્રા XEV 9S સાત એરબેગ્સ, પાંચ રડાર અને વિઝન કેમેરા ધરાવતી લેવલ 2+ એડવાન્સ્ડ ડ્રાઇવર આસિસ્ટન્ટ સિસ્ટમ (ADAS), DOMS (Eyedentity) સાથે ડ્રાઇવર ડ્રાઉઝીનેસ ડિટેક્શન અને લાઇવ વ્યૂ, રેકોર્ડિંગ અને લાઇવ કમ્યુનિકેશન ફિચર્સ સાથે સિક્યોર360 પ્રોના એડવાન્સ સેફ્ટી ફિચર્સ સાથે 7 સીટના અનુભવનો સમન્વય કરે છે. આ બાબત ઓક્યુપન્ટ પ્રોટેક્શન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને રોજિંદી વર્સેટિલિટી તેને ભારતની બેસ્ટ સેલિંગ ઇલેક્ટ્રિક વ્હિકલ બનાવવામાં મદદ કરે છે.

વતરાના રેન્ટલ્સ લિમિટેડનો રૂ. 120.10 કરોડનો આઈપીઓ 19 નવેમ્બરથી ખુલશે

નવી દિલ્હી | મટિરિયલ હેન્ડલિંગ ઇક્વિપમેન્ટ (એમએચઈ) અને એરિયલ વર્ક પ્લેટફોર્મ (એડબલ્યુપી) ભાડે આપવાના સોલ્યુશન્સ પૂરા પાડતી વતરાના રેન્ટલ્સ લિમિટેડનો આઈપીઓ) 19 નવેમ્બર, 2026ના રોજ ખુલશે અને 23 નવેમ્બર, 2026ના રોજ બંધ થશે. કંપની આઈપીઓ હેઠળ 49,02,000 ઇક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ લાવી રહી છે. આ માટે શેરદીઠ રૂ. 232થી રૂ. 245નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. અપર પ્રાઇઝ બેન્ડ પર આ ઇશ્યૂનું કુલ મૂલ્ય રૂ. 120.10 કરોડ થાય છે. કંપનીના શેર એનએસઈ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આઈપીઓમાંથી મળનારી રકમનો ઉપયોગ રૂ. 6,502.15 લાખના મટિરિયલ હેન્ડલિંગ ઇક્વિપમેન્ટ, રૂ. 1,458.20 લાખના એરિયલ વર્ક પ્લેટફોર્મ અને રૂ. 1,852.32 લાખની બેટરી ખરીદવા ઉપરાંત સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આઈપીઓમાં એક લૉટમાં 600 શેર હશે. વ્યક્તિગત રોકાણકારો માટે ઓછામાં ઓછા બે લૉટ માટે અરજી કરવી જરૂરી રહેશે. આ ઇશ્યૂમાં એન્કર ઇન્વેસ્ટર્સ માટે વધુમાં વધુ 9,36,000 ઇક્વિટી શેર અને માર્કેટ મેકર્સ માટે 2,52,000 ઇક્વિટી શેર અનામત રાખવામાં આવ્યા છે. નેટ ક્યુઆઈબી હિસ્સામાં વધુમાં વધુ 13,86,000 ઇક્વિટી શેર ઉપલબ્ધ રહેશે, જ્યારે નોન-ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ (એનઆઈઆઈ) માટે ઓછામાં ઓછા 6,98,400 ઇક્વિટી શેર અને વ્યક્તિગત રોકાણકારો માટે 16,29,600 ઇક્વિટી શેર અનામત રાખવામાં આવ્યા છે. કંપનીએ નાણાંકીય વર્ષ 2024માં રૂ. 130.23 કરોડની કુલ આવક અને રૂ. 18.05 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે નાણાંકીય વર્ષ 2025માં વધીને અનુક્રમે રૂ. 179.66 કરોડ અને રૂ. 24.43 કરોડ હતો. નાણાંકીય વર્ષ 2026માં કંપનીની કુલ આવક રૂ. 211.69 કરોડ રહી હતી, જ્યારે ચોખ્ખો નફો રૂ. 29.16 કરોડ રહ્યો હતો. નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીએ રૂ. 53.62 કરોડની કુલ આવક અને રૂ. 7.68 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. આ ગાળામાં ચોખ્ખા નફાનું માર્જિન 14.32 ટકા રહ્યું હતું. વર્ષ 2019માં સ્થપાયેલી વતરાના રેન્ટલ્સ લિમિટેડ સાધનો ભાડે આપવાના સોલ્યુશન્સ પૂરા પાડે છે. આ ઉપરાંત કંપની નવા અને વપરાયેલાં એમએચઈ તથા બેટરીના વેપાર સાથે પણ સંકળાયેલી છે. કંપનીના ગ્રાહકો ઓટોમોટિવ, ફૂડ અને બેવરેજીસ, ગ્લાસ, પેપર, લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને મેન્યુફેક્ચરિંગ સહિતના વિવિધ ઉદ્યોગોમાં ફેલાયેલા છે. 30 જૂન, 2026ની સ્થિતિએ કંપની પાસે પોતાના 2,679 યુનિટ્સનો કાફલો હતો. તેમાં 2,646 એમએચઈ અને 33 એડબ્લ્યુપી યુનિટ્સનો સમાવેશ થાય છે. કંપની 24 રાજ્યોમાં 500થી વધુ રેન્ટલ સાઇટ્સ પર કામ કરે છે. વતરાના રેન્ટલ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજીવ કુમાર વતરાનાએ જણાવ્યું હતું કે, "પ્રસ્તાવિત આઈપીઓ અમારી કંપનીની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે અમારા ઇક્વિપમેન્ટ ફ્લીટ અને ભૌગોલિક પહોંચનો સતત વિસ્તાર કર્યો છે. આ સાથે વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોના ગ્રાહકો સાથે મજબૂત સંબંધો પણ વિકસાવ્યા છે. આઈપીઓમાંથી મળનારી રકમનો ઉપયોગ મટિરિયલ હેન્ડલિંગ ઇક્વિપમેન્ટ, એરિયલ વર્ક પ્લેટફોર્મ અને બેટરીમાં વધુ રોકાણ કરવા માટે કરવામાં આવશે.

News Brief

માઇક્રોસોફ્ટમાં આઉટેજને પરિણામે ભારતના આઇટી સેવા ક્ષેત્રને ૨૦ કરોડ ડોલરનો ફટકો

મુંબઈ : ગયા સપ્તાહમાં માઈક્રોસોફ્ટ માં સર્જાયેલા આઉટેજને પરિણામે ૩૧૫ અબજ ડોલરના ભારતના ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) સેવા ક્ષેત્રને ૨૦ કરોડ ડોલરનો ફટકો પડયો હોવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. આઉટેજને કારણે કનેકટિવિટી કપાઈ જતા આઈટી સેવા કંપનીઓએ બિલિંગ કરી શકાય એવા કલાકો ગુમાવવાની ફરજ પડી હતી એટલું જ નહીં પ્રોજેકટ પૂરા કરવામાં ઢીલ પડી હતી અને ડિલિવરી સમયસર પાર પાડી નહીં શકવાને કારણે વધારાનો ખર્ચ ભોગવવો પડયો હતો એમ એક રિપોર્ટમાં જણાવાયુ હતું.આ ખલેલને કારણે ભારતના આઈટી સેવા ઉદ્યોગને ૨૦ કરોડ ડોલરનું નુકસાન ગયાનો અંદાજ હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યુ છે. વૈશ્વિક સ્તરે ટાઈમ એન્ડ મટિરિઅલ પ્રોજેકટસના સરેરાશ ચાર બિલિંગ કલાકો વેડફાઈ ગયા હતા. કેટલાક કામો તો સંપૂર્ણ દિવસ સુધી ખોરવાયેલા રહ્યા હતા.કેટલાક પ્રોજેકટસની કામગીરીમાં થોડોક સમય ખલેલ પડી હતી તો કેટલાકમાં આખા દિવસનું કામકાજ ખોરવાઈ ગયુ હતું.૧૨મી નવેમ્બરે આઉટેજ સર્જાયુ હતું અને આઉટલુક, ટીમ્સ તથા કામના સ્થળના અન્ય અપ્લિકેશનો સહિત માઈક્રોસોફ્ટ ૩૬૫ સર્વિસીઝ ૨૪ કલાક કરતા વધુ સમય સુધી ખોરવાઈ ગયા હતા.વિશ્વના મોટાભાગના દેશોમાં વેપાર કામકાજ પર અસર પડી હતી અને દૈનિક કામગીરી પાર પાડવા વપરાતા ટુલ્સનું જોડાણ કરવામાં કર્મચારીઓને સમશ્યા ઊભી થઈ હતી. જે પ્રોજેકટસમાં કલાયન્ટસને કલાકો પ્રમાણે બિલિંગ કરવામાં આવે છે, તેવા કલાકો ભરપાઈ થઈ શકે એમ નથી, જે નુકસાનીમાં જ ગયા છે.

આપત્તિજનક કન્ટેન્ટ પર લાગશે રોક

હવે ઈન્સ્ટાગ્રામ પર નહીં દેખાય અશ્લીલ કન્ટેન્ટ, મેટાએ રિકમેન્ડેશન એલ્ગોરિધમમાં કર્યો મોટો ફેરફાર

(એજન્સી) નવી દિલ્હી | તા.18

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Instagram પર યુઝર્સને કેવી પોસ્ટ અને વીડિયો દેખાશે તેના પર Meta એ પોતાની રિકમેન્ડેશન અને રેન્કિંગ આપતી સિસ્ટમમાં ફેરબદલ કરી છે. કંપનીનું કહેવું છે કે ઈન્સ્ટાગ્રામ યુઝર્સની પસંદ અને તેમની એક્ટિવિટીના આધારે કન્ટેન્ટ બતાવે છે. જોકે, આપત્તિજનક, સંવેદનશીલ કે ઓછી ક્વોલિટી હોય તેવા કન્ટેન્ટને ભલામણોમાંથી બચાવવાનો પ્રયત્ન કારવમાં આવશે. સરકારી નિર્દેશો પર કરવામાં આવેલા આ બદલાવ બાદ ઈન્સ્ટાગ્રામના એક્સપ્લોર, રીલ્સ અને ફીડમાં દેખાતી ભલામણો પર અસર પડી શકે છે. મેટા અનુસાર, ઈન્સ્ટાગ્રામ જે એકાઉન્ટને યુઝર્સ ફોલો નથી કરતાં તેમનું કન્ટેન્ટ બતાવવામાં આવે છે. આ માટે કંપની યુઝર્સની પસંદ, તેમની એક્ટિવિટી અને અગાઉ જોવાયેલા કન્ટેન્ટનું ધ્યાન રાખે છે. દાખલા તરીકે, જો કોઈ યુઝર હોટેલ કે પુસ્તક સાથે જોડાયેલી પોસ્ટ જુએ છે તો તેને ખાણી-પીણી, રેસીપી અને પુસ્તકો સાથે જોડાયેલો કન્ટેન્ટ વધારે બતાવવામાં આવી શકે છે. કંપનીએ જણાવ્યું કે, તે પોતાની રેકોમેન્ડેશન સિસ્ટમ માટે અમુક ખાસ નિયમોનો ઉપયોગ કરે છે. આ નિયમોનો હેતુ એવા કન્ટેન્ટને ભલામણોમાં આવવાથી અટકાવવાનો છે, જે ઓછી ગુણવત્તા વાળો, આપત્તિજનક કે વધુ સંવેદનશીલ હોય. આ માટે મેટા ટેકનોલોજીની મદદથી આ નિયમોનું પાલન નથી કરતાં તેવા કન્ટેન્ટ અને એકાઉન્ટની ઓળખ કરે છે. મેટાના આ બદલાવની અસર ખાસ કરીને યુઝર્સને નવા એકાઉન્ટ અને કન્ટેન્ટ શોધવામાં મદદ કરતાં ઈન્સ્ટાગ્રામ એક્સપ્લોરર, રીલ્સ અને ફીડમાં પડશે.ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ 10 ઓકટોબરે એડવાઈઝરી જાહેર કરીને મેટાને પોતાના કન્ટેન્ટ રિકમેન્ડેશન અને રેન્કિંગ સિસ્ટમની સમીક્ષા કરવા કહ્યું હતું. સોશિયલ મીડિયાનો અલગોરિધમ ખોટી અને ભ્રામક માહિતી સાથે આપત્તિજનક કન્ટેન્ટને પણ મોટા પ્રમાણમાં લોકો સુધી પહોંચાડી શકે છે તેની સરકારને ચિંતા હતી. આ બાદ મેટાએ ભારતમાં ઈન્સ્ટાગ્રામના સિસ્ટમને સુધારવા માટે AI આધારિત ટેકનોલોજીનો ઉપયોગ વધાર્યો છે.

મોન્ટ્રા ઇલેક્ટ્રિકે સુપર ઓટોનું નવું વેરિઅન્ટ લોન્ચ કર્યું

ચેન્નઈ | મુરુગપ્પા ગ્રુપની ક્લીન મોબિલિટી બ્રાન્ડ મોન્ટ્રા ઇલેક્ટ્રિકે આજે સુપર ઓટો લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ વાહન કંપનીની ફ્લેગશિપ લાસ્ટ-માઇલ ઇલેક્ટ્રિક પેસેન્જર થ્રી-વ્હીલર શ્રેણીમાં નવો ઉમેરો છે. સુપર ઓટો પ્લેટફોર્મ પર તૈયાર કરવામાં આવેલા આ નવા વેરિઅન્ટમાં વધુ આરામ અને વિશાળ જગ્યાની સુવિધા આપવામાં આવી છે. આ વાહન સેગમેન્ટમાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સની સાથે ડ્રાઇવરો અને ફ્લીટ ઓપરેટર્સ દ્વારા લાંબા સમયથી માગવામાં આવતી સુવિધાઓનો સમન્વય કરીને આ શ્રેણી માટે નવો માપદંડ સ્થાપિત કરવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવ્યું છે.

મહત્વકાંક્ષાથી લઇને એન્ટરપ્રાઇઝ બનાવા સુધી: ફ્લિપકાર્ટની સાથે મહિલા આંત્રપ્રિન્યોર ચાર્ટ વિકાસનો નવો પ્રવાસ આગળ વધારે છે

(એજન્સી) મુંબઈ | તા.18

ભારતમાં રજિસ્ટર્ડ એમએસએમઈસમાં લગભગ દર 10માંથી 4 મહિલા માલિકીની છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (પીઆઈબી)ના ડેટા અનુસાર, ઓક્ટોબર 2026 સુધીમાં આવા લગભગ 3.69 કરોડ ઉદ્યોગ અસ્તિત્વમાં છે. આ બિઝનેસીસ રોજગારીનું સર્જન કરે છે, સ્થાનિક સપ્લાઈ ચેઈન મજબૂત બનાવે છે અને આર્થિક વિકાસને વધુ વિસ્તારે છે. મહિલાઓમાં મહત્વકાંક્ષા તો ભરપૂર છે, એટલું જ નહીં, પરંતુ બજાર સુધીની પહોંચ વધુ ધરાવે છે, વિશ્વસનીય લોજિસ્ટિક્સ અને વ્યવસાયના વિસ્તરણ માટે યોગ્ય સહાય પણ મળે એ તેમના માટે ગેમચેન્જર સાબિત થયું છે. ફ્લિપકાર્ટ ટાયર 2 અને ટાયર 3 શહેરોને સાંકળતા મહિલા ઉદ્યોગસાહસિકોને દેશભરના ગ્રાહકો સાથે જોડીને આ અંતરને દૂર કરવામાં મદદ કરી રહ્યું છે. ઓનબોર્ડિંગ થવામાં સરળતા, સમયસર ચુકવણી અને સમર્પિત વિક્રેતા સપોર્ટ દ્વારા, માર્કેટપ્લેસ વ્યવસાયોને સ્થાનિક બજારોથી આગળ વધવા માટે સક્ષમ બનાવે છે. ધ બિગ બિલિયન ડેઝ જેવી ઈવેન્ટ્સ તેમની પહોંચને વધુ વિસ્તારે છે, જે ઉભરતા અને સ્થાપિત વિક્રેતાઓ માટે તકો ખોલે છે.મહિલા ઉદ્યોગસાહસિકતા દિવસ પર, તેમનો પ્રવાસ આવી જ એક દૃઢ નિશ્ચયની શક્તિને તેમજ ભારતના ઉદ્યોગસાહસિક ભવિષ્યમાં મહિલાઓના નેતૃત્વ હેઠળના વ્યવસાયોના વધતા યોગદાનને દર્શાવે છે.એક ભૂતપૂર્વ શિક્ષક એવા મુક્તા માથુર એ બાપ્પા એસોસિયેટ્સની શરૂઆત 2015માં કરી હતી, તે સમયે ભારતમાં ઈ-કોમર્સ ક્ષેત્રની હજી શરૂઆત હતી. આજે હવે તે, ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં એક સ્થાપિત બિઝનેસ બની ગયું છે. અહીં ઘડિયાળ એ મુખ્ય શ્રેણીમાં છે, ઉપરાંત તેમાં કેલક્યુલેટર્સ અને અન્ય સાધનોનું પણ વેચાણ કરવામાં આવે છે.તેઓ ડિસેમ્બર ૨૦૧૫માં ફ્લિપકાર્ટ સાથે જોડાયાં હતાં અને ત્યારથી તેમણે આ માર્કેટપ્લેસમાં ઘણો મોટો બદલાવ આવતો જોયો છે. તેમના મતે, અનુકૂલન સાધવાની ક્ષમતા સૌથી વધુ મહત્વની બની રહી છે. તેઓ કહે છે, "પરિવર્તન તો સતત થતું જ રહે છે." આ જ દ્રષ્ટિકોણને આગળ વધારતા, તેઓ લગભગ ૧૭ સભ્યોની પોતાની ટીમને સંભાળે છે; જેમાંથી ઘણા સભ્યો સાતથી નવ વર્ષોથી તેમની સાથે જોડાયેલા છે.

આઈસીઆઈસીઆઈ લાઇફ સિગ્નેચર પેન્શન રજૂ કરે છે નિવૃત્તિના આયોજનની સાથે આગામી પેઢી માટે સંપત્તિ ટ્રાન્સફર કરવાની સુવિધા

(એજન્સી) મુંબઈ | તા.18

આઈસીઆઈસીઆઈ લાઇફ સિગ્નેચર પેન્શન વ્યક્તિઓને બજાર સાથે જોડાયેલા વળતર દ્વારા સંપત્તિ ઊભી કરવાની સાથે કરમુક્ત વારસાનું આયોજન કરવાનો વિકલ્પ પણ આપે છે. આ યોજનામાં વેસ્ટિંગની ઉંમર 90 વર્ષ સુધીની હોવાથી વ્યક્તિ 40 વર્ષની ઉંમર પછી પણ તેમાં રોકાણ શરૂ કરી શકે છે અને લાંબા સમય સુધી રોકાણ જાળવીને ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિનો લાભ મેળવી શકે છે.આ પ્રોડક્ટ અંગે આઈસીઆઈસીઆઈ લાઇફ ઇન્શ્યોરન્સના ચીફ પ્રોડક્ટ ઓફિસર વિકાસ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "નિવૃત્તિનું આયોજન અને વારસાનું આયોજન એકબીજા સાથે જોડાયેલાં છે. જોકે, આ બંને નાણાંકીય આયોજન જટિલ હોઈ શકે છે અને તેમાં કરવેરાને લગતી અસરો પણ સામેલ હોઈ શકે છે. આઈસીઆઈસીઆઈ લાઇફ સિગ્નેચર પેન્શન આ બંને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ પ્રોડક્ટ ગ્રાહકોને બજાર સાથે જોડાયેલું ભંડોળ ઊભું કરવામાં મદદ કરે છે. આ માટે વિવિધ ફંડના વિકલ્પો ઉપલબ્ધ છે, જેમાંથી ગ્રાહકો પોતાની પસંદગી મુજબ વિકલ્પ પસંદ કરી શકે છે. વેસ્ટિંગ સમયે ભેગા કરેલા ભંડોળના 60 ટકા સુધીની રકમ કરમુક્ત ઉપાડી શકાય છે, જે આગામી પેઢીને વારસા તરીકે આપી શકાય છે. બાકીની રકમનો ઉપયોગ એન્યુઇટી પ્રોડક્ટ ખરીદવા માટે કરી શકાય છે, જેના દ્વારા નિવૃત્તિ પછી જીવનભર નિશ્ચિત આવક મેળવી શકાય છે.લાંબા ગાળે સંપત્તિ ઊભી કરવાની પ્રક્રિયાને બજાર સાથે જોડાયેલા વળતર સાથે સરળતાથી જોડીને આ યોજના તૈયાર કરવામાં આવી છે. આ રીતે તે ગ્રાહકો અને તેમના પરિવારજનો માટે નિવૃત્તિ તેમજ વારસાના આયોજનનો મજબૂત પાયો પૂરો પાડે છે."આઈસીઆઈસીઆઈ લાઇફ સિગ્નેચર પેન્શન ગ્રાહકોને મૃત્યુ લાભ પણ આપે છે, જે ચૂકવવામાં આવેલા કુલ પ્રીમિયમના 105 ટકા અથવા ફંડની કિંમતમાંથી જે રકમ વધુ હોય તે મુજબ નક્કી થાય છે. આથી, જો કમનસીબે પોલિસીધારકનું અવસાન થાય તો પણ આ યોજના હેઠળ નિયુક્ત નોમિનીને મૃત્યુ લાભની રકમ મળે છે. જો પોલિસી સંયુક્ત જીવનના આધારે લેવામાં આવી હોય, તો મુખ્ય વીમાધારકનું અવસાન થવાના કિસ્સામાં પ્રીમિયમ માફ કરવાની સુવિધા પણ આ યોજનામાં પહેલેથી જ સામેલ છે. આથી, બીજા વીમાધારક માટે પોલિસી ચાલુ રહે છે. આવા કિસ્સામાં બીજા વીમાધારકનું અવસાન થાય ત્યારે નોમિનીને મૃત્યુ લાભની રકમ ચૂકવવામાં આવે છે.

એમેઝોનની2030 સુધીમાં ભારતમાં નવીનીકરણક્ષમઊર્જામાં US$7 બિલિયનનું રોકાણ કરવાની યોજના



(એજન્સી) મુંબઈ | તા.18

એમેઝોન દ્વારા આજે 2030 સુધીમાં ભારતમાં નવીનીકરણક્ષમઊર્જા પ્રોજેક્ટ્સમાં US$7 બિલિયનનું રોકાણ કરવાની યોજના જાહેર કરાઈ છે, જે તેના નવીનીકરણક્ષમઊર્જા પોર્ટફોલિયોને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરશે અને દેશના વધુ સક્ષમ અને સ્થિતિસ્થાપક ઊર્જા ભવિષ્ય તરફના સંક્રમણને ટેકો આપશે. આ દેશમાં નવીનીકરણક્ષમઊર્જા રોકાણોમાં પહેલાથી જ કરાર કરાયેલા US$4 બિલિયન ઉપરાંત છે, જે તેને કાર્બન-મુક્ત ઊર્જાના ભારતની અગ્રણી કોર્પોરેટ ખરીદદારોમાંની એક બનાવે છે. એમેઝોને 934 મેગાવોટ (MW)ની કુલ ક્ષમતા સાથે ચાર નવા યુટિલિટી-સ્કેલ પવન અને સૌર પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી. છે. તેમાં કર્ણાટકમાં 234 મેગાવોટનો પવન ફાર્મ, એમેઝોનનો અત્યાર સુધીનો એશિયામાં કરારબદ્ધ સૌથી મોટો પવન પ્રોજેક્ટ; કર્ણાટકમાં 200 મેગાવોટનો સંયુક્ત સૌર અને પવન પ્રોજેક્ટ; મધ્યપ્રદેશમાં 300 મેગાવોટનો સૌર પ્રોજેક્ટઅને રાજસ્થાનમાં 200 મેગાવોટનો સૌર પ્રોજેક્ટ સામેલ છે. પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સ (PPA) દ્વારા સુરક્ષિતઆ પ્રોજેક્ટ્સ એમેઝોનના ભારતમાં હાલના US$4 બિલિયન કરાર હેઠળના પ્રોજેક્ટ્સનો ભાગ છે અને એકવાર કાર્યરત થયા પછીતેમની સંયુક્ત ક્ષમતા 2ગિગાવોટ (GW)થી વધુ હશે, જે 3.5 મિલિયનથી વધુ ભારતીય ઘરોની વાર્ષિક જરૂરિયાતોને સમકક્ષ વીજળી ઉત્પન્ન કરવા માટે પૂરતી છે. ભારતમાં એમેઝોનનાંઆજે જાહેર કરાયેલાં નવીનીકરણક્ષમઊર્જા રોકાણો એમેઝોનના નવા વૈશ્વિક ધ્યેયમાં યોગદાન આપશે, જે 2030 સુધીમાં તેના સંચાલનને શક્તિ આપતી વીજળીની કાર્બન તીવ્રતા 65% ઘટાડે છે. નવા લક્ષ્યનો અર્થ એ છે કે કંપની જે વીજળીનો વપરાશ કરે છે તેના દરેક યુનિટ 2019ની બેઝલાઇન સામે 65% ઓછા કાર્બન ઉત્સર્જન સાથે સંકળાયેલા હશે. વધતી જતી વૈશ્વિક ઊર્જા માગણીની પૃષ્ઠભૂમિ સાથેઆ લક્ષ્ય એમેઝોનના 2040 સુધીમાં શુદ્ધ શૂન્ય કાર્બન ઉત્સર્જનના લક્ષ્ય તરફ એક સીમાચિહન છે. "અમે ભારતમાં નવીનીકરણક્ષમઊર્જામાં એમેઝોનના સતત રોકાણનું સ્વાગત કરીએ છીએ. આવાં રોકાણો ભારતની સ્વચ્છ ઊર્જા મહત્ત્વાકાંક્ષાઓને આગળ વધારવા, ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવા અને સક્ષમ આર્થિક વિકાસને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ ભારતના નવીનીકરણક્ષમઊર્જા ક્ષેત્રમાં વૈશ્વિક કંપનીઓના વધતા વિશ્વાસ અને લાંબા ગાળાના રોકાણને આકર્ષિત કરવાની, આર્થિક તકો ઊભી કરવાની અને દેશના ઊર્જા સંક્રમણને ગતિ આપવાની તેની ક્ષમતાને પણ દર્શાવે છે. અમે ભારતના નવીનીકરણક્ષમઊર્જા લક્ષ્યોને આગળ વધારવા માટે ઉદ્યોગ સાથે સતત સહયોગની રાહ જોઈ રહ્યા છીએ," એમ નવીન અને નવીનીકરણક્ષમ ઊર્જા, શિક્ષણ, ગ્રાહક બાબકો તેમ જ ખાદ્ય અને જાહેર વિતરણ માટેના કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું. "ભારતમાં અમારા નવીનીકરણક્ષમ ઊર્જા રોકાણો વર્ષોથી ઉદ્યોગમાં સતત પ્રયાસો, આયોજન અને સહયોગને પ્રતિબિંબિત કરે છે. US$7 બિલિયનનું આ વધારાનું રોકાણ અમારી લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે, જે ભારતની ઊર્જા સુરક્ષા અને લાંબા ગાળાની નવીનીકરણક્ષમ ઊર્જા મહત્વાકાંક્ષાઓમાં યોગદાન આપતી વખતે વધારાની પવન અને સૌર ક્ષમતાને ઓનલાઈન લાવવામાં મદદ કરે છે. ઉચ્ચ સ્તર પર નવીનીકરણક્ષમ ઊર્જાની પહોંચનો વિસ્તાર કરીનેઅમે ભારતની વધતી જતી વીજળીની માગણીને પહોંચી વળવા.

ટાટા ઓટોકોમ્પે ત્રણ વર્ષમાં ચોથું ડેમિંગ પ્રાઇઝ જીત્યું

પુણે : ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સની શ્રેષ્ઠ ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતાએ વધુ એક વૈશ્વિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેમાં ટાટા ટોયો રેડિયેટર્સ લિમિટેડ (TTR) પ્રતિષ્ઠિત ડેમિંગ પુરસ્કારથી સન્માનિત થનારી ભારતની પ્રથમ પાવરટ્રેન કૂલિંગ સિસ્ટમ્સ ડિઝાઇન અને ઉત્પાદન કંપની બની છે. યુનિયન ઓફ જાપાનીઝ સાયન્ટિસ્ટ્સ એન્ડ એન્જિનિયર્સ (JUSE) દ્વારા આપવામાં આવતો, ડેમિંગ પુરસ્કાર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ (TQM)માં શ્રેષ્ઠતા અને સતત સુધારણા માટે સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય માન્યતાઓમાંનો એક માનવામાં આવે છે. તાજેતરની માન્યતા છેલ્લા ત્રણ વર્ષમાં 'ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ'ને એનાયત કરવામાં આવેલું ચોથું 'ડેમિંગ પ્રાઇઝ' છે, જે ઉત્પાદનની શ્રેષ્ઠતા અને સતત સુધારણાની તેની પરંપરાને વધુ મજબૂત બનાવે છે. અગાઉ, 'ટાટા ઓટોકોમ્પ હેન્ડ્રિક્સન સસ્પેન્શન્સ પ્રાઈવેટ લિમિટેડ' (THSL) ને 2025માં આ પુરસ્કાર મળ્યો હતો, જ્યારે ટાટા ફિકોસા ઓટોમોટિવ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ અને ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સના કમ્પોઝિટ્સ ડિવિઝનને 2024માં સન્માનિત કરવામાં આવ્યા હતા, જે વિશ્વસ્તરીય ગુણવત્તાના ધોરણો પ્રત્યે ગ્રુપની અવિરત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ શાનદાર સિદ્ધિ અંગે ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડના વાઇસ ચેરમેન શ્રી અરવિંદ ગોયલે જણાવ્યું હતું કે, '2018માં અમારી ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ યાત્રા શરૂ કર્યા પછી, ચાર ટાટા ઓટોકોમ્પ બિઝનેસ યુનિટ્સે પ્રતિષ્ઠિત ડેમિંગ પુરસ્કાર મેળવ્યો છે, જેમાં ટાટા ટોયો રેડિયેટર્સ નવીનતમ છે, જે એ વાતની પુષ્ટિ કરે છે કે ગુણવત્તાની સંસ્કૃતિ કાયમી સફળતા તરફ દોરી જાય છે. અમારું ધ્યાન ગ્રાહકની ખુશી પર રહે છે. અમે સમગ્ર સંસ્થામ

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 10

મુખ્યમંત્રી પણ હવે 10 રૂપિયાના ટ્રોલ જેવું લખવા માંડયા

સોનિયા ગાંધીના પુસ્તક વિમોચનમાં રાહુલ ગાંધીએ માતા - પિતાના સંબંધ તેમજ બાળપણ સાથે જોડાયેલી કેટલીક યાદો વાગોળી હતી. આ બાબતે આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા સરમાએ કારણ વગર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધીના ભાષણ પછી કેટલાક વિરોધીઓએ એમને ટ્રોલ કર્યા હતા, પરંતુ મુખ્યમંત્રી કક્ષાની વ્યક્તિ પણ સસ્તા ટ્રોલની જેમ વર્તણૂક કરે એ નવાઈની વાત છે. સરમાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'માફ કરજો મેડમ તમારા જીવનના ખાસ દિવસે પણ તમારે શરમાવું પડયું. દેશને તો આ વાત ખૂબ પહેલા જ સમજાઈ ગઈ હતી. આશા છે કે હવે તમને પણ સમજાયું હશે. આ 'પ્રોડક્ટ' હવે લોન્ચ કે રીલોન્ચ કરવાને લાયક નથી રહી.' સરમાની આ ટીપ્પણી પછી બીનરાજકીય વ્યક્તિઓએ પણ સરમાની ટીપ્પણીની આકરી ટીકા કરી હતી.કોંગ્રેસનો આરોપ છે કે સરકારની આર્થિક નિતિ અને લોકો વિરોધી નીતિઓને કારણે મોંઘવારી બેકાબુ થઈ ગઈ છે. પક્ષે કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અસંવેદનશીલતા અને અભિમાનને કારણે પરિસ્થિતિ બદતર બની છે. સંકટ વચ્ચે પણ વડાપ્રધાનને રાજકારણની ચિંતા છે. કોંગ્રેસના મહામંત્રી અને પ્રભારી જયરામ રમેશએ સોશ્યલ મીડિયા એક્સ પર એક મીડિયા રીપોર્ટ મૂકીને ટીપ્પણી કરી હતી. આ રીપોર્ટ પ્રમાણે દર ૧૦માંથી ૯ કુટુંબ એક વર્ષ પહેલાની સરખામણીએ ઘરેલુ સામાન પર ૨૦ ટકા વધુ ખર્ચ કરી રહ્યો છે. જયરામ રમેશએ લખ્યું છે કે, 'મોંઘવારીને કારણે લોકો હેરાન છે અને કામધંધા બંધ હોવાથી મજબૂર છે. સરકારની નીતિને કારણે સામાન્ય લોકો અને વેપારીઓની કમર તૂટી રહી છે. ૬૧ ટકા કુટુંબોનો માસિક ખર્ચ ૨૦ ટકા વધી ગયો છે.'કોકરોચ જનતા પાર્ટી છેલ્લા ઘણા સમયથી શાંત થઈ ગઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાાનેશ કુમારનું રાજીનામું માગવા માટે દેખાવો કર્યા પછી સીજેપીના હોદ્દેદારો એકાએક નેપથ્યમાં ચાલ્યા ગયા છે. હવે સીજેપીએ નવા સંગઠનના સભ્યોની જાહેરાત કરી છે. કોકરોચ જનતા પાર્ટીએ સોશ્યલ મીડિયા પર આ બાબતે જાણકારી આપી છે. સીજેપીએ બે નવા ઝોનલ ઈન્ચાર્જ અને ઉત્તર ઝોન માટે બે સંકલન સમીતીના સભ્યો અને ઉત્તર પૂર્વ ઝોન માટે ૧૪ સંકલન સમીતીના સભ્યો જાહેર કર્યા છે. સાથે ૯ રાજ્યો માટેની રાજ્ય સ્તરની સંકલન સમીતીની જાહેરાત પણ કરવામાં આવી છે. સીજેપીએ સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે, 'કોકરોચ જનતા પાર્ટીની ટીમના નવા સભ્યોને મળો. અમે આખા દેશમાં એક મજબૂત અને વધુ સક્રિય સંગઠન બનાવી રહ્યા છીએ.'રાહુલ ગાંધી સહિત વિરોધપક્ષના નેતાઓએ સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ રજુ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરોને સવાલ પૂછવાની મંજૂરી માંગી છે. નેતાઓએ ૪૮ સવાલો તૈયાર કર્યા છે. કેટલાક સવાલો આ પ્રકારે છે. સીઈસી અને અન્ય કમિશનરોએ જવાબી સોગંદનામા માટે કેવી રીતે મંજૂરી આપી? શું આ મંજૂરી ઈલેક્ટ્રોનિક માધ્યમથી લેવામાં આવી હતી? શું એસઆઈઆર સંબંધીત કોઈ નિર્ણય પર ચૂંટણી પંચમાં બહુમતિના આધારે નિર્ણય લેવામાં આવ્યો હતો? શું અત્યાર સુધી કોઈ ખાનગી કોન્ટ્રાક્ટરને મતદાર યાદીના ડેટાબેઝમાં ડેટા લખવાનો કે બદલવાનો અધિકાર આપવામાં આવ્યો હતો? ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ કેટલીવાર લેખીતમાં વાંધો નોંધાવ્યો હતો? સમગ્ર દેશમાં એસઆઈઆર શરૂ કરવાનો નિર્ણય ચૂંટણી પંચે કઈ તારીખે લીધો હતો?વસ્તીગણતરી ૨૦૨૭ સંદર્ભે ઉત્તરાખંડમાં પહેલી ડિસેમ્બરથી ઘરે ઘરે જઈને વસ્તીગણતરીની પ્રક્રિયા શરૂ થશે. જોકે એ પહેલા ૧૬મી નવેમ્બરથી ઉત્તરાખંડમાં ડીજીટલ સ્વ-ગણનાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મતલબ કે ૩૦મી નવેમ્બર સુધી લોકો પોતે જ પોતાની ગણતરી કરી શકે છે. ત્યાર પછી ઘરે ઘરે જઈને વસ્તીગણતરીની પ્રક્રિયા શરૂ થશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના કહેવા પ્રમાણે વસ્તીગણતરીથી મળેલી માહિતીને કારણે ભવિષ્યની વિકાસ યોજનાઓ તૈયાર કરવાની જાણકારી મળશે. ઉત્તરાખંડની અસમાન ભૌગોલિક પરિસ્થિતિવાળા રાજ્યમાં વસ્તીગણતરીના સાચા આંકડાનું ખાસ મહત્વ છે. પર્વતિય વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, રસ્તાઓ કે પાણી જેવી મૂળભૂત સગવડો માટે ક્ષેત્રદીઠ વસ્તી જાણવી અગત્યની છે. વસ્તી ગણતરીના સાચા આંકડા ઉપલબ્ધ થાય તો વિકાસ છેવટની વ્યક્તિ સુધી પહોંચી શકે.કેન્દ્રીય અર્ધ સૈનિક દળો 'સીએપીએફ'ના રીટાયર્ડ કર્મચારીઓને લશ્કરની માફક 'પૂર્વ સૈનિક'નો દરજ્જો આપવા માટે કોઈ રાજ્ય તૈયાર નથી. ગૃહમંત્રાલય દ્વારા ૧૪ વર્ષ પહેલા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસીત પ્રદેશોને કહેવામાં આવ્યું હતું કે અર્ધ સૈનિક દળોના રીટાયર્ડ કર્મચારીઓને 'એક્સ સીએપીએફ પર્સનલ'નો દરજ્જો આપવામાં આવે.

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકામાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર ની ગાથા

નડગચોંડ ગામે સીસીટીવી કેમેરા લગાવ્યા વગર જ લાખો રૂપિયાના બિલો ઉપાડી દેવાયાની ચોંકાવનારી વિગતો સામે આવી

ડાંગ | ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા પંચાયત અંતર્ગત હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસના કામોમાં ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ અંગે દેવલપાડા ગામના રહેવાસી મનિષભાઈ કરમશીભાઈ મારકણા દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO) તથા કલેક્ટર સમક્ષ લેખિતમાં ગંભીર આક્ષેપો સાથે તટસ્થ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ (RTI) હેઠળ વઘઈ તાલુકા પંચાયત પાસેથી મેળવાયેલા દસ્તાવેજો અને રૂબરૂ સ્થળ તપાસના આધારે બહાર આવેલી આ વિગતો અનુસાર, કાગળ પર જ વિકાસના કાર્યો બતાવી સરકારી ગ્રાન્ટની મોટાપાયે ઉચાપત કરવામાં આવી છે. અરજદારના જણાવ્યા મુજબ, ૧૫મા નાણાપંચ (વર્ષ ૨૦૨૨-૨૩) હેઠળ વઘઈ તાલુકાના નડગચોંડ ગામે જાહેર જગ્યાએ સી.સી.ટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૧,૦૦,૦૦૦/- ની રકમ મંજૂર કરવામાં આવી હતી અને સરકારી રેકર્ડમાં આ કામ પૂર્ણ થઈ ગયાનું દર્શાવી પૂરા નાણાં ચૂકવી પણ દેવાયા છે. પરંતુ, જ્યારે વાસ્તવિક સ્થિતિ જાણવા માટે ગ્રામજનો અને અરજદાર દ્વારા નડગચોંડ ગામે રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ત્યાં એક પણ સી.સી.ટીવી કેમેરા લગાવેલા ન હોવાનું સામે આવ્યું હતું. આ અંગે જ્યારે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનો ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેઓ પણ કોઈ જ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. આ પરથી સ્પષ્ટ થાય છે કે કોઈપણ પ્રકારની ભૌતિક કામગીરી કર્યા વગર જ માત્ર કાગળો પર પ્રોજેક્ટ પૂર્ણ બતાવી સરકારી નાણાંની સરાજાહેર લૂંટ ચલાવવામાં આવી છે.આ ઉપરાંત, RTI હેઠળ મેળવાયેલા સરકારી રેકર્ડ અને યાદીઓમાં વહીવટી તંત્ર દ્વારા ભારે બેદરકારી દાખવી ગ્રામ પંચાયતોના નામ અને કામના લોકેશન (સ્થળ) તદ્દન ખોટા અને વિરોધાભાસી દર્શાવવામાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે. ઉદાહરણ તરીકે, કાલીબેલ ગામનું કામ દર્શાવી સામે ગ્રામ પંચાયતનું નામ ખાતળ લખવામાં આવ્યું છે, તો ક્યાંક સિલોટમાળ અને ચિચોંડ ગામના કામ પાછળ પંચાયતનું નામ ભેંડમાળ દર્શાવાયું છે. આ જ રીતે રાજેન્દ્રપુર પ્રાથમિક શાળા પર સી.સી.ટીવી કેમેરાના કામમાં પંચાયતનું નામ શીવારીમાળ તથા ધોડવહળ ગામે એલ.ઈ.ડી. લાઈટના કામમાં અધૂરું નામ દર્શાવવામાં આવ્યું છે. આ પ્રકારના ખોટા લોકેશનો બતાવીને એક જ કામના નામે અન્યત્ર નાણાં ફાળવવાની અને સમગ્ર તપાસની દિશાને ભ્રમિત કરવાની ગંભીર પ્રવૃત્તિ આચરવામાં આવી છે. વિકાસના આ કાર્યોમાં ગેરરીતિનો સિલસિલો માત્ર અહીં જ અટકતો નથી, પરંતુ સરકારી ગ્રાન્ટમાંથી ખરીદવામાં આવેલી સરકારી સંપત્તિઓનો પણ બેફામ દુરુપયોગ થઈ રહ્યો છે.શીવારીમાળ, કાલીબેલ અને વઘઈ સહિતની ગ્રામ પંચાયતોમાં સરકારી નાણાંથી વસાવવામાં આવેલા સી.સી.ટીવી કેમેરા અને તેની મોનિટરિંગ સિસ્ટમ કે ડી.વી.આર. ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવાના બદલે ખાનગી વ્યક્તિઓના ઘરો કે ખાનગી જગ્યાઓ પર સંચાલિત થઈ રહ્યા છે, જે નિયમો વિરુદ્ધ છે.

વધુમાં, વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આંગણવાડીઓના પતરાના શેડ, મરામત, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક અને સ્ટ્રીટ લાઈટના લાખો રૂપિયાના વિકાસ કાર્યોમાં અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠી છે. મોટાભાગના કિસ્સાઓમાં સંબંધિત સરપંચને જ ઈજારદાર તરીકે દર્શાવીને સર્ટિફિકેટ આપી દેવાયા છે અને એસ્ટીમેટ કે નકશા મુજબ કામ કર્યા વગર જ બિલ પાસ કરી દેવાયા છે.આ ગંભીર કૌભાંડ સામે આવતા ડાંગ જિલ્લાના ગ્રામીણ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે. અરજદાર દ્વારા માંગ કરવામાં આવી છે કે નડગચોંડ ગામે સી.સી.ટીવી કેમેરા વગર જ બિલ ચૂકવી દેનાર જવાબદાર અધિકારીઓ અને ઈજારદારો સામે તાત્કાલિક ફોજદારી ગુનો નોંધી સરકારી નાણાંની વસૂલાત કરવામાં આવે, ખાનગી સ્થળોએ ધમધમતા સરકારી સી.સી.ટીવી કેમેરા જપ્ત કરી પંચાયત હસ્તક લાવવામાં આવે, તેમજ વિજિલન્સ કે ઉચ્ચ સ્તરીય તકનીકી ટીમ દ્વારા સમગ્ર વઘઈ તાલુકાના આ તમામ વિકાસ કામોની સઘન સ્થળ તપાસ હાથ ધરી ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.

રાત્રિના સમયે દીપડી અને તેના ત્રણ બચ્ચાંની અવરજવરથી લોકોમાં ભયનો માહોલ:- વન વિભાગ દ્વારા સાવચેત રહેવા અપીલ..



ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતેથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ગત રોજ રાત્રિના સમયે શહેરી વિસ્તારમાં આવેલા આકાશવાણી ભવન અને પોલીસ લાઈન પરિસરમાં એક દીપડી પોતાના ત્રણ નાનાં બચ્ચાં સાથે ખુલ્લેઆમ આંટાફેરા કરતી નજરે પડી હતી. રહેણાંક અને સરકારી કચેરીઓથી ધમધમતા આ વિસ્તારમાં રાત્રિના સુમારે વન્યજીવની પરિવાર સાથેની આ અવરજવરને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છવાઈ ગયો છે.આ અદભુત પરંતુ જોખમી દ્રશ્ય ત્યાંથી પસાર થતા એક વાહનચાલક કે સ્થાનિક વ્યક્તિ દ્વારા પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરવામાં આવ્યું હતું, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે.શહેરના મધ્ય ભાગમાં દીપડી અને તેના બચ્ચાંઓની સરેઆમ રસ્તા પર થયેલી આ હિલચાલને પગલે વહીવટી તંત્ર અને વન વિભાગ પણ હરકતમાં આવી ગયું છે. નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા વિશેષ સૂચનાઓ જારી કરીને લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને રાત્રિના સમયે કે વહેલી સવારે બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવા તેમજ સુરક્ષિત રહેવા જણાવાયું છે. જો ક્યાંય પણ દીપડી કે તેના બચ્ચાં નજરે પડે તો તેમની નજીક જવાનો કે તેમને હેરાન કરવાનો કોઈ પ્રયાસ ન કરવા તેમજ ત્વરિત વન વિભાગ કે સ્થાનિક તંત્રને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વન્યજીવોની માનવ વસ્તી તરફ વધતી અવરજવરને પગલે સ્થાનિક રહીશોમાં સતત ગભરાહટનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકોએ અત્યંત સાવચેતી દાખવવી અનિવાર્ય બની છે.

આર્ટીકલ નામ ÷ મિશન ઝીરો એક્સિડેન્ટ કચ્છ : એક સંકલ્પ, અનેક જિંદગીઓની સુરક્ષા!



જય ગોસ્વામી/ વિશાલ બારેજા(નખત્રાણા બ્લોગર્સ)

માર્ગ અકસ્માતોમાં અમૂલ્ય માનવજીવનનો ભોગ ન લેવાય અને કચ્છના માર્ગો વધુ સુરક્ષિત બને તેવા ઉમદા હેતુ સાથે 'Mission Zero Accident Kutch' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. નખત્રાણા બ્લોગર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક નાગરિકમાં માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો અને સુરક્ષિત વાહન વ્યવહારની આદતો વિકસાવવાનો છે.આ અભિયાન અંતર્ગત દરેક વાહનચાલકને ત્રણ મહત્ત્વપૂર્ણ બાબતોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. ટુ-વ્હીલર ચાલકોએ ફરજિયાત હેલ્મેટ પહેરવું, ફોર-વ્હીલર ચાલકોએ સીટ બેલ્ટ બાંધવો અને વાહન ચલાવતી વખતે ઝડપ હંમેશાં નિયંત્રણમાં રાખવી.અભિયાનનો સંદેશ છે કે થોડી મિનિટ વહેલા પહોંચવા કરતાં સુરક્ષિત ઘરે પહોંચવું વધુ મહત્ત્વનું છે. કારણ કે રસ્તા પર નીકળેલી દરેક વ્યક્તિની ઘરે કોઈ રાહ જોઈ રહ્યું હોય છે. કોઈ માતાની આશા, કોઈ પિતાનો સહારો તો કોઈ બાળકનું ભવિષ્ય તેની સાથે જોડાયેલું હોય છે.માર્ગ સુરક્ષા માત્ર પોલીસ કે તંત્રની જવાબદારી નથી, પરંતુ સમાજના દરેક નાગરિકની સહિયારી જવાબદારી છે. દરેક વ્યક્તિ પોતે નિયમોનું પાલન કરે અને પરિવારજનો, મિત્રો તથા આસપાસના લોકોને પણ જાગૃત કરે તો અકસ્માતો અટકાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે.

એક સંકલ્પ - સુરક્ષિત કચ્છ, અકસ્માતમુક્ત કચ્છ!

ચાલો, સૌ સાથે મળીને એવી સંસ્કૃતિનું નિર્માણ કરીએ જ્યાં હેલ્મેટ પહેરવું આદત બને, સીટ બેલ્ટ બાંધવો સ્વભાવ બને અને સુરક્ષિત ઝડપ જીવનનો ભાગ બને.

આ અભિયાન કોઈ એક વ્યક્તિનું નહીં, સમગ્ર કચ્છનું અભિયાન છે.

બ્રેક ફેલ થતા કન્ટેનરનો અકસ્માત:- ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ



ડાંગ | ડાંગ જિલ્લાના સાપુતારા-માલેગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા યુ-ટર્ન નજીક કન્ટેનરની બ્રેક ફેલ થતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, મહારાષ્ટ્રના પુણેથી મશીનરીનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલું કન્ટેનર નંબર GJ-16-AY-3780 યુ-ટર્ન પાસે પહોંચતા તેની બ્રેક ફેલ થઈ જતા અકસ્માતનો ભોગ બન્યુ હતું.આ અકસ્માતમાં કન્ટેનરમાં ભરેલી મશીનરી સહિતના માલસામાનને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.જોકે, અકસ્માતની ગંભીરતા વચ્ચે કન્ટેનરના ચાલક અને ક્લીનરને નાની-મોટી ઈજાઓ થતા બંનેનો ચમત્કારિક બચાવ થયો હતો.આ અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ભારતીય સેના દ્વારા ભારતીય અસ્મિતાના કેન્દ્ર શ્રી સોમનાથ મહાદેવને પુષ્પાંજલિ અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ-તા.૧૮. ભારતીય અસ્મિતા, અતૂટ આસ્થા અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીક એવા પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આજે ભારતીય સેનાની વિશેષ સાહસિક ઉડ્ડયન ટીમ 'માઉન્ટેન ઈગલ્સ' દ્વારા પુષ્પવર્ષા કરી હવાઈ અભિવાદન કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાના 'Wings of Valour and Unity Expedition 2026' અંતર્ગત બે માઈક્રોલાઈટ વિમાનો અને બે પાવર્ડ હેંગ ગ્લાઈડર્સના કાફલા દ્વારા શ્રી સોમનાથ મંદિર પરિસર ઉપરથી પસાર થઈ પુષ્પવર્ષા કરવામાં આવી હતી. ભારતીય સેનાની શૌર્ય, સાહસ અને રાષ્ટ્રભક્તિ ની ભાવનાને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક વિરાસત સાથે જોડતી આ અનોખી પહેલે ઉપસ્થિત સૌમાં ગૌરવ અને રાષ્ટ્રપ્રેમની લાગણી પ્રબળ બનાવી હતી.ભારતીય સેનાના આ વિશેષ અભિયાનનો પ્રારંભ 14 નવેમ્બર 2026ના રોજ મહૂથી કરવામાં આવ્યો હતો. આશરે 3,200 કિલોમીટરની રાષ્ટ્રીય હવાઈ સાહસયાત્રા અંતર્ગત ટીમ દ્વારા પશ્ચિમ અને મધ્ય ભારતનાં વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં ઉડ્ડયન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનું આયોજન આર્મી એડવેન્ચર નોડલ સેન્ટર,મિલિટરી કોલેજ ઑફ ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરિંગ, મહૂ દ્વારા આર્મી એડવેન્ચર વિંગના નેજા હેઠળ કરવામાં આવ્યું છે.અભિયાનના ભાગરૂપે ભારતીય સેનાની 'માઉન્ટેન ઈગલ્સ' ટીમે સોમનાથના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વને વંદન કરતાં મંદિર ઉપરથી વિશેષ હવાઈ ઉડ્ડયન કર્યું હતું. આ પ્રસંગે વિમાનોમાંથી કરવામાં આવેલી પુષ્પવર્ષા દ્વારા સનાતન સંસ્કૃતિના અવિનાશી પ્રતીક શ્રી સોમનાથ મહાદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શ્રી સોમનાથ મંદિર માત્ર કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર જ નહીં, પરંતુ વિદેશી આક્રમણો સામે ભારતીય સંસ્કૃતિના અસ્તિત્વ, અડગ શ્રદ્ધા અને પુનરુત્થાનનું પણ પ્રતીક છે. ત્યારે ભારતીય સરહદોની રક્ષા કરનાર ભારતીય સેનાના જવાનો દ્વારા ભારતીય અસ્મિતાના આ ઐતિહાસિક કેન્દ્રને અર્પણ કરવામાં આવેલી આ પુષ્પાંજલિ વિશેષ પ્રતીકાત્મક મહત્ત્વ ધરાવે છે. એક તરફ રાષ્ટ્રની ભૌગોલિક સરહદોના રક્ષકો અને બીજી તરફ રાષ્ટ્રની સાંસ્કૃતિક ચેતનાના પ્રતીક શ્રી સોમનાથ મહાદેવ - આ બંનેનું આકાશી માધ્યમથી થયેલું આ ભાવનાત્મક જોડાણ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપે છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ ભારતીય સેનાના તમામ સાહસિક જવાનો, પાઇલટ્સ અને અભિયાન સાથે જોડાયેલા અધિકારીઓની દેશ સેવા, સમર્પણ અને સાહસને વંદન કરે છે તથા 'Wings of Valour and Unity Expedition 2026'ની સફળતા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

રાજ્યપાલ દેવવ્રતજીને સત્કારતા રાજુલા જાફરાબાદ ખાંભાના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા ખાતે પ્રાકૃતિક ખેતી ના હિમાયતી અને ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજુલા વિસ્તારની મુલાકાતે પધાર્યા ત્યારે પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર દ્વારા રાજ્યપાલ નું સ્વાગત કર્યું હતું અને રાજ્યપાલ સાથે જૂની વાતો વાગોળી હતી. પ્રગતિશીલ ખેડૂત અને કોટડી ગામ ના સરપંચ શ્રી મનુભાઈ આહિર દ્વારા બનાવેલ ખેત તલાવડી નું લોકાર્પણ રાજ્યપાલ શ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી શ્રી રાજુલા ના વડીલ મુરબ્બી શ્રી દાનાભાઈ ભગવાનભાઈ આહિર ના રાજુલા સ્થિત મુરલીધર ફાર્મ ખાતે પધાર્યા અને આદર્શ પ્રાકૃતિક ખેતી નિહાળી ભાવવિભોર થયા હતા. રાજ્યના સર્વોચ્ચ બંધારણીય પદ પર બિરાજમાન હોવા છતાં સાદગી, સંસ્કાર, પ્રાકૃતિક જીવનશૈલી અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની તેમની આત્મીયતા સૌને સ્પર્શી જાય છે. આટલી મોટી ઉંમરે અને આટલા ઉચ્ચ હોદ્દા ઉપર



રહેવા છતા પણ આચાર્ય દેવવ્રતજી Down To Earth રહી છેવાડાના માનવી સાથે સંવાદ સાધી ખેડૂત ખેતી પર્યાવરણ પશુ પક્ષી અને માનવજાત ને બચાવવાં મથામણ કરી રહ્યા છે. રાજુલા મુલાકાત દરમિયાન મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ દેશી ગાય પ્રત્યેનો પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કર્યો હતો. પ્રાકૃતિક ખેતી અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પ્રત્યેની તેમની નિષ્ઠા નો આ સુંદર પ્રસંગ ખાસ કરીને ગામડાની માટી, ખેતી, ગૌમાતા અને પરિવાર સાથે જોડાયેલી ભારતીય જીવનશૈલી પ્રત્યેનો તેમનો લગાવ જોઈને ખૂબ જ આનંદની લાગણી અનુભવી હતી આજના આધુનિક યુગમાં પણ આપણી પરંપરા, સંસ્કૃતિ, ગૌસેવા અને પ્રાકૃતિક જીવનપદ્ધતિ નું મહત્ત્વ જળવાઈ રહે તેવો સુંદર સંદેશ આ મુલાકાતમાં પ્રાપ્ત કર્યા હતો. આ ગૌરવશાળી અને યાદગાર પ્રસંગે ગુજરાત રાજ્યના માનનીય કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, મોટી સંખ્યામાં ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ, પદાધિકારીઓ, મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સરપંચ ઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિયોદર તાલુકામાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો પર ખાલી પડેલ વ્યવસ્થાપકની જગ્યાઓ ભરવા અંગેની જાહેરાત

પાલનપુર | મામલતદારશ્રીની કચેરી, દિયોદરની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, શૈક્ષણિક સત્ર સને ૨૦૨૬-૨૭ દરમિયાન દિયોદર તાલુકાના મધ્યાહન ભોજન યોજના (મ.ભો.યો.) કેન્દ્રો પર ખાલી પડેલી વ્યવસ્થાપકની જગ્યાઓ સરકારશ્રીના વિવિધ ઠરાવોની જોગવાઈઓને આધીન રહીને માસિક ઉચ્ચક રૂ. ૪,૫૦૦/-ના માનદવેતનથી ખંડ સમય માટે તદ્દન હંગામી ધોરણે ભરવાની થાય છે. જે અંતર્ગત કેન્દ્ર નં. ૧૧૬- સોનપુરા (ધ્રાંડવ) પ્રાથમિક શાળા, કેન્દ્ર નં. ૧૪૯- વાલાકેર (ગોલવી) પ્રાથમિક શાળા, કેન્દ્ર નં. ૧૬૦- ગુલાબપુરા (પાલડી) પ્રાથમિક શાળા અને કેન્દ્ર નં. ૧૭૭- નવાવાસ કોટડા (દિ) પ્રાથમિક શાળા ખાતે વ્યવસ્થાપકની નિમણૂક માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ધોરણ-૧૦ પાસ હોવી જોઈએ. અરજદારની ઉંમર લઘુત્તમ ૨૦ વર્ષ હોવી જરૂરી છે, જ્યારે મહત્તમ ઉંમર સામાન્ય કેટેગરીના ઉમેદવાર માટે ૫૫ વર્ષ અને અનામત કેટેગરીના ઉમેદવાર માટે ૫૮ વર્ષ નિર્ધારિત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયામાં સ્થાનિક વિધવા, ત્યક્તા અને નિરાધાર મહિલા ઉમેદવારોને અગ્રતા (પ્રાધાન્ય) આપવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ વિનામૂલ્યે મામલતદાર કચેરી, દિયોદરની મ.ભો.યો. શાખામાંથી તા. ૧૯/૧૧/૨૦૨૬થીતા.૦૩/૧૨/૨૦૨૬ સુધીમાં કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન મેળવી લેવાનું રહેશે. અરજી ફોર્મમાં તમામ વિગતો સંપૂર્ણપણે ભરીને તેની સાથે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (એલ.સી.), શૈક્ષણિક લાયકાતના આધારો, રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, લાઈટ બિલ, મતદારયાદીમાં નામ કે ૭/૧૨-૮/અ ના ઉતારા પૈકી કોઈ પણ એક, અનામત કેટેગરીમાં આવતા હોય તો સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો, રોજગાર કચેરીમાં નામ નોંધણીનું પ્રમાણપત્ર, વિધવા કે ત્યક્તા હોય તો સક્ષમ અધિકારીનો દાખલો, કોઈ ગુનામાં સંડોવાયેલા નથી તે મતલબનો પોલીસ સ્ટેશનનો દાખલો તેમજ બેંક ખાતા નંબર કે પાસબુકની સ્વ-પ્રમાણિત (ખરી) નકલો બિડવાની રહેશે. સંપૂર્ણ વિગતો અને જરૂરી આધાર-પુરાવા સાથેની અરજીઓ મામલતદાર કચેરી, દિયોદરની મ.ભો.યો. શાખામાં મોડામાં મોડા તા. ૦૩/૧૨/૨૦૨૬ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા તો ટપાલમાં ફક્ત રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. (R.P.A.D.) મારફતે મોકલી આપવાની રહેશે.

કેશોદના દીનદયાળ ઉપાધ્યાય ઉદ્યાનમાં ટૂંક સમયમાં વોટર કુલર મુકવામાં આવશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૮. કેશોદ શહેરના દીનદયાળ ઉપાધ્યાય ઉદ્યાનમાં ફરવા અને સમય પસાર કરવા આવતા નાગરિકોને પીવાના ઠંડા પાણીની સુવિધા મળી રહે તે હેતુથી જાગૃત નાગરિક અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સક્રિય કાર્યકર તેમજ સામાજિક કાર્યકર હરસુખભાઈ સિદ

બનાસકાંઠા જિલ્લામાં 'વર્લ્ડ એન્ટીમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ અવેરનેસ વીક-૨૦૨૬'નો પ્રારંભ; પાલનપુર કલેક્ટર કચેરી ખાતે વિવિધ વિભાગોની બેઠક યોજાઇ

● "એક સ્વાસ્થ્ય, એક પહેલ: અત્યારે જ એ.એમ.આર. અટકાવો"ના સૂત્ર સાથે બનાસકાંઠામાં એન્ટીમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ જાગૃતિ અભિયાન શરૂ

● દવાઓનો બેફામ ઉપયોગ 'સુપરબગ'ને નોતરે છે: પાલનપુર ખાતે યોજાયેલી બેઠકમાં અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ અને આરોગ્ય અધિકારીશ્રી બ્રિજેશ વ્યાસ દ્વારા માર્ગદર્શન અપાયું





પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં 'વર્લ્ડ એન્ટીમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ અવેરનેસ વીક-૨૦૨૬'ની ઉજવણીનો પ્રારંભ અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી. પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે વિવિધ હિતધારકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. 'એક સ્વાસ્થ્ય, એક પહેલ: અત્યારે જ એ.એમ.આર. અટકાવો'ના સૂત્ર સાથે યોજાયેલી આ બેઠકમાં સૂક્ષ્મજીવો સામે વધી રહેલી દવાઓની પ્રતિરોધકતા (રેઝિસ્ટન્સ) અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી, જેમાં બનાસ મેડિકલ કોલેજના માઇક્રોબાયોલોજીસ્ટે વિગતવાર તકનીકી માહિતી રજૂ કરી હતી.


આ પ્રસંગે અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી. પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સંજોગોમાં 'એન્ટીબાયોટિક રેઝિસ્ટન્સ' એ અત્યંત ગંભીર અને ચિંતાજનક વિષય છે. સામાન્ય લોકો ડૉક્ટરની સલાહ વગર જ જાતે દવાઓ લેવા ટેવાઈ ગયા છે અને ઘણીવાર અધૂરો કોર્સ છોડી દે છે અથવા વધુ પડતો ડોઝ લે છે, જેના કારણે બેક્ટેરિયા દવા સામે પ્રતિકારક શક્તિ વિકસાવી લે છે અને ભવિષ્યમાં તે દવા બિનઅસરકારક બની જાય છે. નવી દવાઓ વિકસાવવી એ અત્યંત ખર્ચાળ અને સમય માંગી લેતી પ્રક્રિયા હોવાથી, પ્રાકૃતિક ખેતીની જેમ દવાઓના વપરાશમાં પણ 'ઇન્ટેલિજન્ટ કન્ઝમ્પશન' એટલે કે સમજદારીપૂર્વકનો ઉપયોગ અનિવાર્ય છે. તેમણે જણાવ્યું હતું કે, આ જાગૃતિ અભિયાનને માત્ર એક અઠવાડિયા પૂરતું સીમિત ન રાખતા, સમિતિની રચના કરીને પ્રિસ્ક્રિપ્શનનું યોગ્ય ચેકિંગ, પશુપાલકોમાં જાગૃતિ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તેમના વાલીઓ સુધી સાચો સંદેશ પહોંચાડવા સંગઠિત પ્રયાસો કરવા પડશે.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી બ્રિજેશ વ્યાસે જણાવ્યું હતું કે, માનવી, પશુ અને ખેતી એમ દરેક ક્ષેત્રમાં સૂક્ષ્મજીવો સામે લડવા એન્ટીબાયોટિક કરોડરજ્જુ સમાન છે, પરંતુ તેના અયોગ્ય વપરાશથી હાયર એન્ટીબાયોટિક્સની જરૂર પડે છે અને અંતે 'સુપરબગ' જેવી ભયાનક સ્થિતિ સર્જાય છે. એન્ટીબાયોટિક એ બંને બાજુ ધાર ધરાવતી તલવાર જેવી હોવાથી તેનો વિવેકપૂર્ણ ઉપયોગ અત્યંત જરૂરી છે. આ માટે હોસ્પિટલોમાં 'એ.એમ.આર. કમિટી'ની રચના, 'એન્ટી-બાયોગ્રામ' મુજબ ચોક્કસ પ્રિસ્ક્રિપ્શન પોલિસી, સામાન્ય વાયરલ ચેપમાં એન્ટીબાયોટિક ટાળવી, કલ્ચર ટેસ્ટ બાદ જ દવા આપવી અને મેડિકલ સ્ટોર પર પ્રિસ્ક્રિપ્શન વગર અપાતી દવાઓ પર નિયંત્રણ લાવવા જેવા નક્કર પગલાં લેવા પડશે.

ડૉ. વ્યાસે બનાસકાંઠા જેવા પશુપાલન અને કૃષિ પ્રધાન જિલ્લામાં પશુધન અને પાકની સુરક્ષા માટે વેટરનરી અને કૃષિ વિભાગ સાથે સંકલન સાધીને દવાઓના બેફામ ઉપયોગને અટકાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) થી લઈને મેડિકલ કોલેજ સુધી પોસ્ટરો દ્વારા જનજાગૃતિ લાવવી પડશે તેમજ શિક્ષણ અને માહિતી વિભાગના સહયોગથી શાળા-કોલેજોમાં ક્વિઝ અને પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમો યોજીને વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવશે. આ એક 'વન હેલ્થ મિશન' છે, જેમાં તમામ સંબંધિત વિભાગો એકજૂથ થઈને કામ કરશે તો જ આ ગંભીર સમસ્યા પર નિયંત્રણ મેળવી શકાશે.

આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, બનાસ મેડિકલ કોલેજના અધિષ્ઠાતાશ્રી, પશુપાલન વિભાગના વડા, માઇક્રોબાયોલોજી વિભાગના વડા, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ વિભાગ)ના અધિકારીઓ, આઈ.એમ.એ. (IMA)ના પ્રમુખશ્રી, કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખશ્રી, શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પુરુષાર્થ, પુકાર અને પ્રતિક્ષાથી રામ પ્રગટ થાય: મોરારીબાપુ



નાગપુર(તખુભાઈ સાંડસુર દ્વારા)

માનસ ભારત સ્વસ્તિક યાત્રાનું દ્વિતીય ચરણ પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરી રહ્યું છે.પૂ. મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલી આ ગન્તવ્ય રામકથામાં આજે નાગપુર ખાતે પાંચમા દિવસનું ગાન થયું હતું.આજે આજે પાંચમા દિવસની કથાનું આયોજન રશ્મી બાગ ગ્રાઉન્ડમાં નાગપુર ખાતે થયું હતું. આ સ્થળ નાગપુરના સ્વ. શ્રી કેશવ ચંદ્ર હેડ ગેવોરજી સ્મૃતિભવનની પાસે આવેલું છે. આજે પુ.મોરારિબાપુએ સ્વસ્તિકના ચિંતનને વ્યક્ત કરતાં કહ્યું કે આ ભૂમિ પર હું લોકમાન્ય તિલક, બાબાસાહેબ આંબેડકર અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃત્તિઓનું પણ સ્મરણ કરું છું. કલ્યાણકારી સ્વસ્તિકના દર્શનમાં આજે ચાર ગુરૂજનોને યાદ કરવા છે. જોકે આ યાત્રા તમસ, રજસ નથી માત્ર અધ્યાત્મિક અને ભારતને નેક અને એક કરવાની આ યાત્રા છે.શંકરાચાર્યજીના પગલે પગલે ચાલવાના પ્રયોગથી પ્રયાગ તરફ જઈ રહ્યા છીએ. ચાર ગુરૂજનોમાં આપણે પ્રથમ એવો શ્રી માવલી જ્ઞાનેશ્વર કે જે સાક્ષાત્કારના અનુભવોને પોતાના ગ્રંથમાં તેમણે પેશ કર્યું છે, તે ખૂબ ઉપકારક છે.બીજા છે તુકારામ જેમણે વિઠોબાનું રૂપ સૌને બતાવ્યું. ત્રીજા આપણા સમર્થ રામદાસજી એ શિવાજીને રાષ્ટ્ર નિર્માણ માટે સમગ્ર દેશને અર્પણ કર્યા.ચોથું આપણું વિઠોબા સ્વરૂપ જેમાં બધા જ સમાવિષ્ટ છે. ગુરૂના સ્વરૂપો સાત છે.જેમાં સૂચક ગુરૂ, વાચક ગુરૂ, બંધક ગુરૂ, નિશ્ચિત ગુરૂ, કર્મખ્ખીયા ગુરૂ અને પરમ ગુરૂનો સમાવેશ થાય છે. કથાનો ક્રમ આજે પરબ્રહ્મ પરમાત્માની પ્રાગટ્યની કથાનો રહ્યો હતો. તેમાં બાપુએ કહ્યું કે ભગવાન રામનું પ્રાગટ્ય જેમાં પુરુષાર્થ હોય પુકાર એટલે કે સાદ હોય અને પ્રતિક્ષા પણ હોય તો સંભવ છે તેમ જણાવ્યું. રામજીના અવતાર માટેના પાંચ કારણોની વિસ્તૃત કથા અને પછી ભગવાન રામના પ્રાગટ્યનો ઉત્સવ પણ થયો. આજે ટ્રેન થોડી મોડી પહોંચતા કથાનો સમય એક કલાક મોડો કરવો પડ્યો હતો. આવતીકાલે એટલે કે તારીખ 29 ના રોજ મહાપ્રભુજીની બેઠક ચંપારણ્ય ધામમાં છઠ્ઠા દિવસની કથાનું ગાન થશે.

આરટીઓ પાલનપુરની

નવી ટુ-વ્હીલર સિરીઝ GJ-08-EHના પસંદગીના નંબરો માટે ૨૪ નવેમ્બરથી ઓનલાઈન હરાજી પ્રક્રિયા શરૂ થશે

પાલનપુર | પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, પાલનપુર દ્વારા ટુ-વ્હીલર વાહનોની નવી રજીસ્ટ્રેશન સિરીઝ GJ-08-EHના પસંદગીના નંબરો મેળવવા ઇચ્છુક અરજદારો માટે ઓનલાઈન હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા પસંદગીના નંબરોની ફાળવણી પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે વાહન 4.0 પોર્ટલ મારફતે ઓનલાઈન ઓક્શનની વ્યવસ્થા અમલી બનાવવામાં આવી છે.

આ ઓનલાઈન હરાજી પ્રક્રિયા ડાયનેમિક ઓક્શન પદ્ધતિથી યોજાશે. જેમાં અરજદારે હરાજી દરમિયાન પોતાની બોલીની રકમમાં સમયાંતરે વધારો કરવાનો રહેશે. બોલીની રકમમાં વધારો રૂ. ૧,૦૦૦ના ગુણાંકમાં જ કરી શકાશે. અગાઉની વન ટાઈમ બિડિંગ પદ્ધતિની જેમ માત્ર એક જ વખત બોલી લગાવી શકાશે નહીં.

ઓનલાઈન હરાજી માટે અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકથી તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૫૯:૫૯ કલાક સુધી રહેશે. ત્યારબાદ ઓનલાઈન ઈ-ઓક્શન બિડિંગ પ્રક્રિયા તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકથી તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૫૯:૫૯ કલાક સુધી યોજાશે. હરાજીનું પરિણામ તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક અરજદારોએ સૌપ્રથમ https://parivahan.gov.in/parivahan/ વેબસાઇટ પર નોંધણી કરાવી યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરવાના રહેશે. ત્યારબાદ વેબસાઇટ પર લોગિન કરીને વાહન ખરીદીના દિવસથી સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે પસંદગીના નંબર માટેની હરાજી પ્રક્રિયામાં ભાગ લઈ નિયમોનુસાર ચુકવણી કરવાની રહેશે.

હરાજીમાં સફળ થયેલા અરજદારોને બાકીની રકમ પાંચ દિવસની અંદર જમા કરાવવા અંગે એસએમએસ અથવા ઈ-મેઈલ મારફતે જાણ કરવામાં આવશે. નિયત સમયમર્યાદામાં બાકીની રકમ જમા નહીં કરાવનાર અરજદારની બેઝ પ્રાઈસની મૂળ રકમ જપ્ત કરવામાં આવશે અને સંબંધિત નંબરની ફરીથી હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓક્શન દરમિયાન અરજદારે આરબીઆઈ દ્વારા નિર્ધારિત દર મુજબ લાગુ પડતા ચાર્જ પણ ચૂકવવાના રહેશે. સિલ્વર તથા ગોલ્ડન નંબરો માટે સરકાર દ્વારા નિર્ધારિત બેઝ પ્રાઈસ ચૂકવવાની રહેશે.

હરાજીમાં સફળ ન થયેલા અરજદારોને તેમની જમા કરાવેલી રકમ પરત કરવાની કાર્યવાહી હાલની પદ્ધતિ મુજબ કરવામાં આવશે. નેટ બેન્કિંગ અથવા ક્રેડિટ/ડેબિટ કાર્ડ મારફતે ચુકવણી કરનાર અરજદારોને એસબીઆઈ ઈ-પે દ્વારા તે જ ચુકવણીના માધ્યમથી રકમ પરત કરવામાં આવશે.ઓનલાઈન હરાજી પ્રક્રિયા અંગેની વિગતવાર સૂચનાઓ (APPENDIX-A) પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, પાલનપુરના નોટિસ બોર્ડ તથા રજીસ્ટ્રેશન શાખામાં ઉપલબ્ધ રહેશે. પસંદગીના નંબરો મેળવવા ઇચ્છુક નાગરિકોએ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરી તેનો લાભ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, પાલનપુર દ્વારા અપીલ કરવામાં આવી છે.

સોનિયાએ સંતાનોના દબાણને પગલે પીએમ પદ સ્વીકાર્યું નહીં!

અમદાવાદ | રાહુલ અને પ્રિયંકા બંનેમાંથી કોઈ પણ નહોતું ઈચ્છતું કે તેમની માતા વડાપ્રધાન બને. તેમણે પોતાની દાદી ઈન્દિરા ગાંધીની હત્યા અને પોતાના પિતા રાજીવ ગાંધીની ક્રૂર હત્યાનો ભયાનક સમય નજરે જોયો હતો અને એ દર્દમાંથી તેઓ પસાર થયા હતા, પરંતુ કોંગ્રેસ પક્ષને બચાવવા અંતર આત્માનો નિર્ણય સ્વીકારી તેમને કોંગ્રેસ બેઠી કરવાનું કામ કર્યું પરંતુ જ્યારે કોંગ્રેસને લોકસભાની ૨૦૦૪ની ચૂંટણીમાં આશ્ચર્યજનક પરિણામો મળ્યા પછી કોંગ્રેસના નેતાઓ તરફથી વડાપ્રધાનપદ માટે દબાણ થયું તે સમયે રાહુલ અને પ્રિયંકાનું દર્દ અને વેદનાઓએ તેમને રોક્યા. રાહુલ વડાપ્રધાનપદ માટે પોતાની માતાને ગુમાવવા તૈયાર ન હતો અને માટે જ લાગણીવશ સોનિયા ગાંધીએ વડાપ્રધાનપદનો અસ્વીકાર કર્યો તેમના મનમાં વારંવાર એક જ વિચાર આવતો હતો કે સમગ્ર ભારત માટે. દેશને એક એવી મજબૂત અને કાબેલ સરકારની જરૂર હતી જે ભારતને ભાગલાવાદી રાજકારણથી દૂર રાખી શકે અને વિકાસ તથા પ્રગતિના પથ પર આગળ લઈ જાય તેથી તેમણે ડો. મનમોહનસિંહને વડાપ્રધાનપદ માટે લાયક ગણાવ્યાભારત સમાચારભારતીય રાજકારણના ઈતિહાસમાં મે ૨૦૦૪નો એ સમયખંડ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. સમગ્ર દેશની નજર ૧૦ જનપથના દરવાજા પર મંડાયેલી હતી. લોકસભાની ચૂંટણીના પરિણામોએ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનને સત્તાના શિખર સુધી પહોંચાડી દીધું હતું. લાખો કાર્યકરોના હૃદયમાં એક જ નામ ગુંજતું હતું, સોનિયા ગાંધી. સૌ કોઈએ સ્વીકારી લીધું હતું કે, હવે દેશના આગામી વડાપ્રધાન સોનિયા ગાંધી જ બનશે. પરંતુ, જ્યારે સત્તાનો મુગટ સામે ચાલીને આવ્યો, ત્યારે તેમણે જે નિર્ણય લીધો તેણે સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધું. પોતાની આત્મકથા 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ' માં સોનિયા ગાંધીએ એ ઐતિહાસિક ક્ષણો, પડદા પાછળના રાજકીય દાવપેચ, પોતાના બાળકોની વેદના અને સત્તાથી દૂર રહેવાના પોતાના દ્રઢ સંકલ્પના અનેક અજાણ્યા પાસાઓ ઉજાગર કર્યા છે.સોનિયા ગાંધી લખે છે કે જ્યારે તેમણે વડાપ્રધાન પદ ન સ્વીકારવાનો અંતિમ નિર્ણય લીધો, ત્યારે તેમના મનમાંથી શંકાના છેલ્લા અંશો પણ ઓગળી ગયા હતા. તેમણે જાણે પોતાની જાતને જ એમ કહેતા સાંભળી હતી કે, 'સોનિયા, તારી જાત પ્રત્યે ઈમાનદાર રહે. તું હંમેશાથી આ વાત જાણતી હતી.બસ, હવે આને છોડી દે.'આ શબ્દો માત્ર કોઈ રાજકીય નિર્ણયનું પરિણામ નહોતા, પરંતુ વર્ષોથી તેમના અંતરમનમાં ચાલી રહેલા મનોમંથનનો અંતિમ પડાવ હતો. તેમણે તે સમયે પણ જાહેરમાં કહ્યું હતું કે તેમણે પોતાના 'અંતરાત્માના અવાજ' પર આ નિર્ણય લીધો છે, અને આજે આટલા વર્ષો પછી પણ તેમના સંસ્મરણોમાં એ જ સત્ય અને સ્પષ્ટતા છલકાય છે. વાસ્તવિકતા એવી પણ છે કે, પોતાના સંતાનોને પીડા આપીને તેઓ સત્તા ભોગવવા માગતા નહોતા.આ નિર્ણયના મૂળ ૨૦૦૪ની ચૂંટણીના પરિણામોમાં નહીં, પરંતુ તેના કેટલાક મહિનાઓ પહેલાના એક પારિવારિક સંવાદમાં છુપાયેલા હતા. સોનિયા ગાંધી જણાવે છે કે ચૂંટણીના થોડા મહિના પહેલા તેમણે પોતાના બંને સંતાનો, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે આ મુદ્દે ખુલીને વાત કરી હતી.વાતચીત દરમિયાન બેમાંથી એક સંતાને તેમને સીધો સવાલ પૂછ્યો હતો કે જો આપણી પાર્ટી ચૂંટણી જીતી જાય, તો શું તમે વડાપ્રધાન પદ સ્વીકારશો? સોનિયા ગાંધીએ લગભગ ગુસ્સા અને અત્યંત સ્પષ્ટતા સાથે તરત જ જવાબ આપ્યો હતો કે, 'બિલકુલ નહીં.' જ્યારે બાળકોએ ફરીથી ભારપૂર્વક પૂછ્યું કે શું તમને પૂરો વિશ્વાસ છે, ત્યારે તેમણે દ્રઢતાથી કહ્યું કે હું મારા નિર્ણય અંગે એકદમ સ્પષ્ટ છું.રાહુલ અને પ્રિયંકા બંનેમાંથી કોઈ પણ નહોતું ઈચ્છતું કે તેમની માતા વડાપ્રધાન બને. આ ઈચ્છા પાછળ કોઈ રાજકીય ગણતરી નહોતી, પરંતુ એક ઊંડો, અસહ્ય પારિવારિક આઘાત હતો. તેમણે પોતાની દાદી ઈન્દિરા ગાંધીની હત્યા અને પોતાના પિતા રાજીવ ગાંધીની ક્રૂર હત્યાનો ભયાનક સમય નજરે જોયો હતો અને એ દર્દમાંથી તેઓ પસાર થયા હતા. તેમના મનમાં વડાપ્રધાનનું પદ કોઈ વૈભવ કે સત્તાનું પ્રતીક નહોતું, પરંતુ સીધેસીધું જીવલેણ જોખમ સાથે જોડાયેલું હતું. જ્યારે સોનિયા ગાંધીએ ના પાડી, ત્યારે રાહુલ અને પ્રિયંકાને રાહત થઈ. સોનિયા ગાંધીને પણ પોતાનું મન અત્યંત હળવું થઈ ગયું હોય તેવો અનુભવ થયો હતો, કારણ કે જીવનમાં પહેલીવાર તેમણે આ સવાલ પર પોતાનો નિર્ણય મોટેથી, સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કર્યો હતો.ચૂંટણી પ્રચાર દરમિયાન જ્યારે પણ પત્રકારો કે જનતા દ્વારા તેમને પૂછવામાં આવતું કે કોંગ્રેસ તરફથી વડાપ્રધાન કોણ બનશે, ત્યારે સોનિયા ગાંધી ક્યારેય કોઈ ચોક્કસ જવાબ આપતા નહોતા. પરંતુ તેમના અંતરમનમાં એક સ્પષ્ટ ચિત્ર અંકિત હતું. તેઓ જાણતા હતા કે આ પદ પર એવી કોઈ વ્યક્તિ હોવી જોઈએ જે અગાઉની કોંગ્રેસ સરકારોના વારસાને આગળ ધપાવી શકે, જેને સરકાર ચલાવવાનો બહોળો અનુભવ હોય અને જેની ઈમાનદારીનો રેકોર્ડ સંપૂર્ણપણે બેદાગ હોય.જોકે, ૨૦૦૪ની જીત સુધીનો આ પ્રવાસ સોનિયા ગાંધી માટે જરાય સરળ નહોતો. તેમણે જુલાઈ ૨૦૦૩માં શિમલામાં યોજાયેલી કોંગ્રેસની એક તણાવપૂર્ણ બેઠકનો પણ ઉલ્લેખ કર્યો છે. તે સમયે અન્ય પક્ષો સાથે ગઠબંધન કરવા મુદ્દે પાર્ટીની અંદર ભારે મતભેદો ચાલી રહ્યા હતા.એક તબક્કે સોનિયા ગાંધીને લાગ્યું કે તેમને આ ચર્ચાથી બાકાત રાખવામાં આવ્યા છે. જ્યારે તેમણે પોતાના સાથીઓને પૂછ્યું કે તેઓ શેની ચર્ચા કરી રહ્યા છે, ત્યારે થોડા ખચકાટ સાથે તેમને જવાબ મળ્યો કે ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે તે અંગે વિચારણા ચાલી રહી છે. આ સાંભળીને સોનિયા ગાંધી સ્તબ્ધ થઈ ગયા હતા. તેમને એ વાતનું ઊંડું દુ:ખ થયું હતું કે તેમની જ પાર્ટીના સાથીઓએ તેમને 'બહારના' સમજ્યા હતા. જોકે, તેમણે મક્કમતાથી સંદેશ આપ્યો કે કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેઓ જ ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે.ત્યારબાદ એ જ થયું જેની કોઈને કલ્પના નહોતી. તત્કાલીન એનડીએ સરકારે 'ઇન્ડિયા શાઇનિંગ' અને 'ફીલ ગુડ'ના આકર્ષક નારાઓ સાથે નિર્ધારિત સમય કરતાં છ મહિના વહેલી ચૂંટણી કરાવવાનો મોટો જુગાર ખેલ્યો હતો. ભાજપને પોતાની જીતનો અતિશય વિશ્વાસ હતો, પરંતુ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે એવો જબરદસ્ત વળતો પ્રહાર કર્યો કે ભાજપ સત્તાની બહાર ફેંકાઈ ગયો. આ પરિણામોએ સમગ્ર દેશના રાજકીય સમીકરણો બદલી નાખ્યા. પરંતુ, જીતની ખુશીની સાથે જ સોનિયા ગાંધી સામે સૌથી મોટી અગ્નિપરીક્ષા આવીને ઉભી રહી.આ નેતાઓએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ કોઈપણ ભોગે સોનિયા ગાંધીને વડાપ્રધાન બનવા માટે મનાવી લેશે. બીજા દિવસે બપોરે ૧૦ જનપથના સૌથી પાછળના ભાગમાં આવેલા રાજીવ ગાંધીના કોન્ફરન્સ રૂમમાં આ બેઠક શરૂ થઈ.તમામ નેતાઓ એકસૂરે સોનિયા ગાંધીને વડાપ્રધાન પદ સ્વીકારવાનો આગ્રહ કરી રહ્યા હતા.

જગતમાં જે કાંઈ ભૌતિક સુખ છે એ બધું નાશવંત છે

ધન્ય એકાદશી,
એકાદશી કરીએ તો વ્રજ સુખ પામીએ,
મારે ઠાકોરજી ને મળવું છે ધન્ય એકાદશી..

દેવ પોઢી અગિયાર થી લઈને દેવ ઊઠી અગિયારસ ના દિવસો ને ચાતુર્માસ ના પવિત્ર દિવસો માનવા આવે છે.આ વર્ષે અધિક માસ હોવાથી ચાતુર્માસ માં વિષ્ણુ ભક્તો એ કથા વાર્તા,ચારધામ ની યાત્રાઓ અને અધ્યયન દ્વારા ભગવાન વિષ્ણુ ની કૃપા પ્રાપ્ત કરી હતી. ધન્ય એકાદશી એટલે એવું વ્રત કે જેમાં ભક્ત ની ઇચ્છાઓ અને કામનાઓ મેળવવા કરતા પરમાત્મા માં સંપૂર્ણ સમર્પણ હોય છે.આ જગત માં જે કાંઈ ભૌતિક સુખ છે એ બધું નાશવંત છે માત્ર પરમાત્મા નું સાનિધ્ય જ શાશ્વત હોય છે. આમ તો દર વર્ષે કુલ ૨૪ અગિયારસ હોય છે પણ વર્ષ ૨૦૨૬ માં અધિકમાસ હતો એટલે આ વર્ષે ૨૬ એકાદશી છે.એકાદશી નું વ્રત ઈશ્વરની કૃપા વગર થતું નથી જેના પર ઠાકોરજી ની વિશેષ કૃપા હોય છે એ જ એકાદશી નું વ્રત ધારણ કરી શકે છે. પરિવાર ના બધાય સભ્યો એકાદશી નું વ્રત ભાગ્યેજ કરી શકે છે. કરતા હશે જે સભ્ય પર ભગવાન ની કૃપા હશે વિશેષ હશે એજ કરતું હશે.

કારતક સુદ શુક્લ પક્ષ આ એકાદશી ને પ્રબોધની એકાદશી પણ કહેવાય છે. દેવ ઊઠી એકાદશી નું વ્રત કરવાથી માતા લક્ષ્મીજી ની અનન્ય કૃપા પ્રાપ્ત થતી હોય છે..દેવો અને દાનવો એ અમૃત પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન કર્યું ત્યારે અનેકો અનેક ચીજ વસ્તુઓ સમુદ્ર માંથી નીકળી હતી. હળાહળ ઝેર ભગવાન શિવજી એ ધારણ કર્યું હતું.સમુદ્ર માંથી લક્ષ્મીજી પ્રગટ થતા જ ભગવાન વિષ્ણુ એ એની સાથે પાણિગ્રહણ કર્યું હતું એટલે જ લક્ષ્મીજી વૈકુંઠપતિ ભગવાન વિષ્ણુ ના સ્વામીની છે. માતા લક્ષ્મીજી નું પ્રાગટ્ય સમુદ્ર માંથી થયું હતું એટલે એ સમુદ્ર પુત્રી માનવામાં આવે છે.માતા લક્ષ્મી એ વિષ્ણુ પ્રિયા નામનો ઉલ્લેખ આદિગુરુ શંકરાચાર્ય એ રચેલ કનક ધારા સ્તોત્ર માં છે. જ્યારે ભૃગુ ઋષિ એ ક્ષીરસાગર માં લક્ષ્મીજી ના ખોળા માં માથું રાખીને પોઢેલ વિષ્ણુ ભગવાન ની છાતી પર લાત મારી ત્યારે લક્ષ્મીજી એ ક્રોધિત થઈ ને 'બ્રાહ્મણ ને ત્યાં ધન ટકશે નહી' શ્રાપ આપ્યો હતો.હિન્દુ કેલેન્ડર મુજબ ધનારક અને મીનારક માં ધનારાક ના દિવસો શુભ પ્રસંગ થતા નથી ને મિનારક બેસતા જ ધરા પર શુભ પ્રસંગો નિમિતે ચારેય બાજુ ઢોલ નગારા અને શરણાઈ ના સુર સંભળાઈ છે. ધનારક માં ભગવાન વિષ્ણુ નિંદ્રાધીન થતાં શુભ પ્રસંગો થતાં નથી એટલે જ જ્યાં ભગવાન વિષ્ણુ નો વાસ ત્યાં લક્ષ્મીજી નું આગમન થતું જ હોય છે ને જયાં તુલસી ક્યારા ની પૂજા ત્યાં ભગવાન વિષ્ણુ નો વાસ રહેતો હોય છે.તુલસી દલ વગર ભગવાન વિષ્ણુ ને ભોગ લાગતો નથી ને ફૂલ માળા માં તુલસી દલ હોવું જરૂરી છે. ભગવાન વિષ્ણુ ને એની ભક્ત વૃંદા માટે પથ્થર ના શાલિગ્રામ સ્વરૂપે ભૂમિ પર અવતરિત થવું પડ્યું હતું.



પ્રબોધિની એકાદશી
- રુપાલી દવે

કારતક સુદ અગિયારસ ના દિવસે ભગવાન વિષ્ણુ ના લગ્ન તુલસી સાથે ધામધૂમથી કરવાનો રિવાજ સમગ્ર ગુજરાતમાં છે. વૃંદા એ ભગવાન વિષ્ણુ ની પ્રખર ભક્ત હતી એ નિત્ય તુલસી દલ ની માળા ભગવાન ને ભક્તિ ભાવ થી અર્પણ કરતી હતી. ભગવાન ને અર્પણ કરેલી માળા એ એના દૈત્ય પતિ રાજા શંખચૂડ ને નિત્ય પહેરાવતી હતી. પતિ વ્રતા સ્ત્રી વૃંદા ની પહેરાવેલી માળા ને લીધે દેવાસુર સંગ્રામ માં મેદાન મા હરાવવા મુશ્કેલ બની રહ્યું હતું. વૃંદા એના પતિ ને અનહદ પ્રેમ કરતા હતા.પતિવ્રતા સ્ત્રી ના ભાગ્ય ના લીધે રાજા શંખચૂડ વિજયી બનતા હતા એ પણ એની પત્ની વૃંદાને અત્યંત પ્રેમ કરતા હતા. આ માળા ને લીધે જ દેવો શંખ ચૂડ સામે હારવવા મુશ્કેલ બની રહ્યું હતું.એ સમયે પૃથ્વી પર શંખચુડ ના લીધે અસુરો નો ત્રાસ અને દમન વધ્યા હતા.દેવો થી યુદ્ધ અશક્ય લાગતાં બધા ભગવાન વિષ્ણુ ના શરણ માં ગયા.ભગવાન વિષ્ણુ એ દૈત્યો ના ત્રાસ દમન ના લીધે ધરા પર લોકો ની વિપરીત સ્થતિ નિહાળી ને દેવોની મદદ કરી. જ્યારે રાજા શંખચૂડ યુદ્ધ માટે મહેલ માંથી રવાના થયો ત્યારે ભગવાન વિષ્ણુ વૃંદા ના મહેલમા પધાર્યા. વૃંદા એના પતિના પ્રેમ માં એટલા ખોવાયેલા રહેતા હતા ને કે એને એના આરાધ્ય ભગવાન વિષ્ણુ માં પણ પતિ શંખચૂડ ના દર્શન ના દર્શન થયા.ભગવાન વિષ્ણુ ને પતિ સમજીને એને ભેટી પડ્યા.ભગવાન વિષ્ણુ ને આલિંગન આપ્યા બાદ વૃંદા ને સમજાયું કે એણે ભગવાન વિષ્ણુ ને ભૂલથી આલિંગન આપ્યું છે.વૃંદા એ ગુસ્સે થઈ ને વિના વિચાર્યે ભગવાન વિષ્ણુ ને શ્રાપ આપતા કહ્યું કે પૂર્ણ પરમાત્મા, આપને મારા આરાધ્ય માની જન્મો જન્મ થી પુજુ છું, માણસ છું મારાથી તો ભૂલ થાય પણ મારી ભૂલ ને તમે ટાળી શકયા હોત આજ વૃંદા નો પતિવ્રત ધર્મ તૂટ્યો ન હોત.તમને શ્રાપ આપુ છું કે તમે અત્યારે જ પથ્થર બની જાવ. ભગવાન એ વૃંદા ના શ્રાપ ને સ્વીકારતા વરદાન આપ્યું કે આજથી ધરતી પર તમે તુલસીના છોડ બનીને પૂજાશો, અજાણતા તમારાથી થયેલ અપરાધ ને લીધે દર વર્ષે હું તમારા સાથે શાલિગ્રામ સ્વરૂપે લગ્ન કરીશ. તમને મારા પત્ની લક્ષ્મીજી જેવું સ્થાન આપીશ. પૃથ્વી ના અંત બાદ પણ તુલસી દલની માળા ગળા માં ધારણ કરીને હદય ની નજીક લક્ષ્મીજી ના શ્રી વત્સ આગળ સ્થાન આપીશ.

૧ જે ભક્ત મને તુલસી દલ નિયમિત અર્પણ કરશે એના સુખ દુ:ખ માં સ

'અર્થશૉટ પ્રાઇઝ'માં રૉયલ કપલનો દેશી અંદાજ

વિલિયમ-કેટ સાથે આલિયા-સોનમે લૂંટી મહેફિલ; 750 કલાકમાં બનેલો ડ્રેસ ને 90 વર્ષ જૂની ફેશન સ્ટોરી બની આકર્ષણ



(એજન્સી) મુંબઈ | તા.18

મુંબઈમાં મંગળવારની સાંજે 2026ના 'અર્થશોટ પ્રાઇઝ' એવોર્ડ્સ માટે બોલિવૂડ સેલેબ્સ, સ્પોર્ટ્સ પર્સનાલિટીઝ અને ઈન્ટરનેશનલ ગેસ્ટ્સ એકઠા થયા હતા. પ્રિન્સ વિલિયમ અને કેટે મિડલટન પણ આ પ્રખ્યાત એનવાયર્નમેન્ટલ ઈવેન્ટ માટે મુંબઈમાં હતા, જેનું ભારતમાં પહેલીવાર આયોજન કરવામાં આવ્યું હતું. આલિયા ભટ્ટ અને સોનમ કપૂરથી લઈને રકુલ પ્રીત સિંહ, મૌની રોય, નિમ્રત કૌર અને ધનશ્રી વર્મા સુધીના અનેક જાણીતા ચહેરાઓ આ ઈવેન્ટમાં સામેલ થયા હતા અને આ અવસર પર પોતાનો બેસ્ટ ફેશન લુક રજૂ કર્યો હતો.

અર્થશૉટ પ્રાઇઝ એવોર્ડ્સ માટે, પ્રિન્સેસ કેટે તેમના જાણીતા રોયલ વૉર્ડરોબને બદલીને મહિમા મહાજન દ્વારા ડિઝાઈન કરાયેલો એક શાનદાર લાલ અનારકલી ડ્રેસ પહેર્યો હતો. ફ્લોર સુધી લંબાયેલો આ ડ્રેસમાં હલણી સફેદ ડિઝાઈન, ઝીણી લીલા અને ગોલ્ડન રંગની કઢાઈ હતી. ડીપ V-નેકલાઈન અને ફિટેડ ચોળીએ ટ્રેડિશનલ લુકને મૉર્ડન લુક આપ્યો, જ્યારે ફૂલ સ્લીવ્ઝ અને ડેકોરેટિવ ડિટેલિંગે સુનિશ્ચિત કર્યું કે આઉટફિટમાં જૂના જમાનાનું આકર્ષણ જળવાઈ રહે.

જ્વેલરીની વાત કરીએ તો, કેટે ક્વીન એલિઝાબેથ IIના એમેરલ્ડ ટેસેલ સેટ સાથે રોયલ કલેક્શન પસંદ કર્યું, જેમાં ઘેરા લીલા પથ્થરો તેમના ડ્રેસ પરની કઢાઈને વધુ નિખારી રહ્યા હતા. મેચિંગ ઈયરરિંગ્સ અને રેડ ક્લચે લુક પૂરો કર્યો, જ્યારે તેમના વાળને સોફ્ટ કર્લ્સ સાથે હાફ-અપ સ્ટાઈલમાં પાછળની તરફ સેટ કરવામાં આવ્યા હતા.

પ્રિન્સ વિલિયમ માત્ર ફેશન મોમેન્ટ પૂરતા મર્યાદિત નહોતા. તેમણે મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરેલો કસ્ટમ બ્લેક શૂટ પહેર્યો હતો. જેણે ઈન્ડિયન ટેલરિંગને તેમના ફોર્મલ વૉર્ડરોબમાં એક શાર્પ અને સિમ્પલ સિલુએટ સાથે રજૂ કર્યું. આ કપલ ઈન્ડિયન ડિઝાઈનરના કપડામાં પહોંચ્યું હતું.

આલિયા ભટ્ટ સ્પષ્ટપણે સેફ રમવાના મૂડમાં નહોતી. તે ડિઝાઈનર રિતુ કુમારના ડિઝાઈન કરેલા ડ્રામેટિક બ્લેક-એન્ડ-એન્ટિક-ગોલ્ડ આઉટફિટમાં નજરે પડી, સાથે જ એક સ્કલ્પ્ટેડ, સ્ટ્રેપલેસ બ્લાઉઝ અને એક મોટું સ્કર્ટ હતું જે રેડ કાર્પેટ પર શાનદાર હેલરૂમ-જ્વેલરી વાઈબ્સ લાવી રહી હતી. આખા આઉટફિટ પર બારીક ગોલ્ડ એમ્બ્રોઈડરી સુંદર પેટર્નમાં ફેલાયેલી હતી.

સિમોન એશ્લેએ પોતાની તમિલ વિરાસતની ઉજવણી કરી

સિમોન એશ્લેએ 'સ્વદેશ' અને મનીષ મલ્હોત્રાના શાનદાર આઉટફિટમાં ઈન્ડિયન ટેક્સટાઈલ હેરિટેજને રેડ કાર્પેટ પર ઉતાર્યું, જેને તેમની તમિલ જડોને શ્રદ્ધાંજલિ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. ગોલ્ડન-યલો લુકમાં હેવી એમ્બેલિશ્ડ હોલ્ટર-નેક બ્લાઉઝ, મેચિંગ સ્કર્ટ અને બનારસી ટિશ્યુ ડ્રેપ સામેલ હતા. આ કારીગરી ધ્યોર મલબરી સિલ્ક અને ગોલ્ડ ઝરી ટિશ્યુમાં કાંજીવરમ વણાટની હતી, જેમાં 'સ્વદેશ'ના માસ્ટર વીવર રાજેશ શાએ ફેબ્રિક તૈયાર કરવામાં 700-750 કલાક લીધા હતા.

બોર્ડર પરના રેક્કુ મોટિફ્સ સાઉથ ઈન્ડિયન મંદિર આર્કિટેક્ચરથી પ્રેરિત હતા, જ્યારે ઝરદોઝી એમ્બ્રોઇડરી વિન્ટેજ કુંદન અને પોલ્કી જ્વેલરીના ફ્લોરલ મોટિફ્સથી લીધેલી હતી. એમેરલ્ડ, રૂબી, ટૂરમાલાઈન અને એમેથિસ્ટના જ્વેલ-ટોન્ડ સ્ટોન્સ ગોલ્ડ બેઝને શાનદાર ક્વોલિટી આપી રહ્યા હતા. સિમોને પોતાના વાળ સ્લીક અને સેન્ટર-પાર્ટેડ રાખ્યા હતા, જેથી ડિટેલ્ડ નેકલાઈન અને કારીગરી સેન્ટર સ્ટેજ પર રહી શકે.

સોનમ કપૂરે અનામિકા ખન્ના કૌતુર સાથે 90 વર્ષ જૂની ફેશન સ્ટોરી જીવંત કરી

સોનમ કપૂરે ડાઇટ સબ્યા દ્વારા શેર કરવામાં આવેલી ફેશન નોટ મુજબ, આઉટફિટ અનામિકા ખન્નાનું કૌતુર ક્રિએશન હતું, જે અમૃતા શેરગિલના કઝિન સુમેર અપજીત સિંહના પોર્ટ્રેટથી પ્રેરિત હતું. આ લુકમાં હાથથી પેઇન્ટ કરેલી શિફોન સાડી અને એક વેલવેટ ઓવરકોટ હતો. રિચ એમેરલ્ડ ઓવરકોટમાં શાનદાર ગોલ્ડ બોર્ડર અને કફ સામેલ હતા, જ્યારે સાડીમાં ઘેરા લીલા બેઝ પર સોફ્ટ પિંક ફ્લોરલ ડિટેલ્સ હતી. અંજલિ ભીમરાજકા અને આમ્રાપલી જ્વેલ્સની મેચિંગ જ્વેલરીએ આ લુકને પૂરો કર્યો.

વધુમાં ઈવેન્ટમાં પહોંચેલી અભિનેત્રી સોનમ કપૂર અને સયાની ગુપ્તાએ વધતા પ્રદૂષણને લઈને ચિંતા વ્યક્ત કરી. સોનમ કપૂરે ANI સાથેની વાતચીતમાં કહ્યું, 'હું અહીં આ પહેલનું સમર્થન કરવા આવી છું. દેશમાં જે થઈ રહ્યું છે, તે ખૂબ જ ડરામણું છે. પોતાના બાળકોને જોઈને ડર લાગે છે કે અમે તેમના માટે કેવું ભવિષ્ય છોડીને જઈશું.'

તેમણે આગળ કહ્યું, 'મેં તાજેતરમાં જોયું હતું કે આપણે ગંગા નદીને સાફ કરી હતી, પરંતુ પછી આપણે સૌએ તેને ફરીથી ખૂબ ગંદી કરી નાખી. એક માનવી તરીકે આપણે સમજવું પડશે કે પર્યાવરણની જવાબદારી આપણી પણ છે. આપણે આપણી આસપાસના વાતાવરણની સંભાળ રાખવી પડશે. તેની શરૂઆત આપણે પોતાના ઘરથી કરવી પડશે.'

ANI સાથેની વાતચીતમાં સયાની ગુપ્તાએ કહ્યું, "હું પ્રિન્સ વિલિયમની આ પહેલની પ્રશંસા કરું છું. એ સારી વાત છે કે જમીની સ્તરે કામ કરતા લોકોને ઓળખ મળી રહી છે, પરંતુ આપણા દેશમાં પર્યાવરણને બચાવવા માટે હજુ ઘણું વધુ કામ કરવાની જરૂર છે."

તેમણે આગળ કહ્યું, 'અહીં લોકો બરાબર શ્વાસ પણ લઈ શકતા નથી. એવું લાગે છે કે આપણે હવાની સાથે સિમેન્ટ પણ શ્વાસમાં લઈ રહ્યા છીએ. મુંબઈ સિમેન્ટના ઢગલામાં ફેરવાતું જઈ રહ્યું છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે અને મેન્ગ્રોવનો નાશ કરવામાં આવી રહ્યો છે. પૈસાનો લોભ હવે અટકવો જોઈએ.'

સલમાન ખાનના નવા ગીત પર ભડકી સોના મહાપાત્રા

સૈનિકો પર બનેલી 'માતૃભૂમિ'માં બે પેગ લગાવીને વિમાન બનવાની વાત કરી રહ્યા છે

(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડ એક્ટર સલમાન ખાનની આગામી ફિલ્મ 'માતૃભૂમિ'માં તેમણે ગાયેલું નવું ગીત 'તેરી સેક્સી બ્યુટી' વિવાદોમાં ઘેરાઈ ગયું છે,

સિંગર સોના મહાપાત્રાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને સલમાન ખાન અને તેમના આ નવા ટ્રેક પર તીખો કટાક્ષ કર્યો છે, ચિત્રાંગદા સિંહ અને સલમાન પર ફિલ્માવવામાં આવેલા આ ગીતમાં દારૂ પીવા અને વિમાનની જેમ ઉડવા જેવા બોલ છે.

સોનાએ સૈનિકોના બલિદાન પર આધારિત ફિલ્મમાં આવાં ગીતો રાખવા પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે સલમાન સાથે વિવાદ કરીને બોલિવૂડ કારકિર્દી ગુમાવવાનો તેમને કોઈ અફસોસ નથી,

સોના મહાપાત્રાએ પોતાના વીડિયોમાં સલમાન ખાનના તાજેતરમાં રિલીઝ થયેલા ગીત 'તેરી સેક્સી બ્યુટી'ના બોલ પર નિશાન સાધ્યું. તેમણે કટાક્ષ કરતાં કહ્યું, 'મિસ્ટર ખાનની નવી માસ્ટરપીસ એવી ફિલ્મમાંથી આવી છે, જે કથિત રીતે આપણા સૈનિકોના બલિદાનથી પ્રેરિત છે. અને આપણા સુપરસ્ટાર બે પેગ લગાવવા અને વિમાન બનવા વિશે ગાઈ રહ્યા છે.'

સોનાએ આગળ કહ્યું કે લોકો તેમને કહેતા હતા કે જો તેમણે સલમાન ખાન સાથે ઝઘડો વહોરી લીધો ન



હોત તો તેમની બોલિવૂડ કારકિર્દી શાનદાર હોત. આ અંગે કટાક્ષ કરતાં તેમણે પૂછ્યું કે શું આ જ તે બોલિવૂડ સિંગિંગ છે, જે તેમણે ગુમાવી દીધી અને આજે કોની કારકિર્દીને સહાનુભૂતિની જરૂર છે.

વીડિયોના કેપ્શનમાં પણ સોના મહાપાત્રાએ સલમાન ખાન પર સીધો હુમલો કર્યો. તેમણે લખ્યું, 'એ બોલિવૂડ કારકિર્દી, જેને ગુમાવવાનો મને અફસોસ થવો જોઈએ હતો.

ત્યારબાદ તેમને અને તેમની માતાને દુષ્કર્મની ધમકીઓ મળી હતી અને અશ્લીલ મોર્ફ્ડ તસવીરો વાયરલ કરવામાં આવી હતી, જેને લઈને પોલીસ ફરિયાદ કરવી પડી હતી અને તત્કાલીન મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીના મંત્રાલયે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો, આ ઉપરાંત, 2019માં જ્યારે સલમાને લગ્ન કરવા માટે ફિલ્મ 'ભારત' છોડવા બદલ પ્રિયંકા ચોપડાની વારંવાર મજાક ઉડાવી હતી, ત્યારે પણ સોનાએ તેને બુલિંગ ગણાવીને સલમાનના 'સેવિયર કોમ્પ્લેક્સ' પર સવાલ ઉઠાવ્યા હતા.

'RRR' સુપરસ્ટાર રામચરણ 'લાલો'ની રિમેકમાં દેખાશે?

(એજન્સી) મુંબઈ | તા.18

સાઉથના સુપરસ્ટાર રામચરણ અને જાણીતા ડિરેક્ટર સુકુમારની મોટઅવેટેડ ફિલ્મ 'RC17' ને લઈને ફિલ્મી વર્તુળો અને સોશિયલ મીડિયામાં એક નવો ગણગણાટ શરૂ થયો છે. આ મેગા-પ્રોજેક્ટનું ફર્સ્ટ લુક જાહેરાત પોસ્ટર રિલીઝ થયા બાદ, નેટિઝન્સમાં એવી ચર્ચાઓ વહેતી થઈ છે કે શું આ ફિલ્મ ગુજરાતી સિનેમાની ઐતિહાસિક બ્લોકબસ્ટર ફિલ્મ 'લાલો' પર આધારિત કે તેની રિમેક હશે? 'પુષ્પા' જેવી સુપરહિટ ફિલ્મ આપનાર સુકુમાર જ્યારે રામચરણ સાથે 'RC17' લઈને આવી રહ્યા છે, ત્યારે સ્વાભાવિક રીતે જ દર્શકોની નજર તેના દરેક અપડેટ પર ટકેલી છે.

તાજેતરમાં જ મેકર્સ દ્વારા ફિલ્મનું એનાઉન્સમેન્ટ પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ગુજરાતી ફિલ્મ 'લાલો'એ બોક્સ ઓફિસ પર તમામ જૂના રેકોર્ડ તોડીને 125 કરોડથી વધુની ઐતિહાસિક કમાણી કરી હતી. તેની અપાર સફળતાને પગલે આ ફિલ્મને હિન્દીમાં ડબ કરીને પણ રિલીઝ કરવામાં આવી હતી. આટલી મોટી પેન-ઈન્ડિયા લોકપ્રિયતા અને સુપરહિટ સફળતાને કારણે, જ્યારે 'RC17' ના પોસ્ટરની થીમ સામે આવી, ત્યારે સ્વાભાવિક રીતે જ સિનેમાપ્રેમીઓએ તેને 'લાલો' સાથે જોડીને જોવાનું શરૂ કર્યું અને રિમેકની વાતોએ જોર પકડ્યું.

સોશિયલ મીડિયા પર ચાલી રહેલી આ અટકળો વચ્ચે ગુજરાતી ફિલ્મ 'લાલો'ના પ્રોડ્યુસર જય વ્યાસે સ્પષ્ટતા આપી.

તેણે જણાવ્યું કે- 'RC17' અને 'લાલો' વચ્ચે રિમેક જેવી કોઈ બાબત નથી અને હાલ જે કંઈ ચર્ચાઈ રહ્યું છે તે માત્ર પાયાવિહોણી અફવાઓ જ છે.

'પંચાયત' સીઝન-5 પ્રાઇમ પર 3 ડિસેમ્બરે રિલીઝ થશે : 5 OTT સીઝન ધરાવતી બીજી ભારતીય સિરીઝ

(એજન્સી) મુંબઈ | તા.18

પ્રાઇમ વીડિયોએ બુધવારે 'પંચાયત'ની સિઝન 5ની રિલીઝ તારીખની જાહેરાત કરી. આ સિઝન 3 ડિસેમ્બરથી પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ થશે.

રિલીઝ બાદ 'પંચાયત' પાંચ સિઝન પૂર્ણ કરનારી ભારતની બીજી વેબ સિરીઝ બની જશે. TVFની જ વેબ સિરીઝ 'ગુલ્લક' OTT પર પાંચ સિઝન પૂર્ણ કરનારી ભારતની પહેલી સિરીઝ છે. આ પારિવારિક કોમેડી-ડ્રામા સોની લિવ પર સ્ટ્રીમ થાય છે. તેની પહેલી સિઝન 2019માં રિલીઝ થઈ હતી.

પંચાયતની નવી સિઝનમાં નવી વાર્તા સાથે દર્શકો ફરી ફુલેરા ગામ અને સચિવજી સાથે પરત ફરશે. શોમાં ગામની રાજનીતિ, બદલાતા સંબંધો અને હળવું-ફૂલકું હાસ્ય જોવા મળશે. શોમાં સચિવ અને બનરાકસ વચ્ચેની ખેંચતાણ પણ જોવા મળશે.

ફુલેરાને નવા પ્રધાન મળ્યા છે અને બનરાકસ એટલે કે ભૂષણ નવા સરપંચ તરીકે શું કરશે, એ જ આ સિઝનનો મોટો સવાલ છે.

પંચાયત સીઝન 5નું નિર્માણ ધ વાયરલ ફીવર (TVF)એ કર્યું છે. સિરીઝમાં જિતેન્દ્ર કુમાર, રઘુબીર યાદવ, નીના ગુપ્તા, સુનીતા રાજવર, ફૈઝલ મલિક, ચંદન રોય, દુર્ગેશ કુમાર અને અશોક પાઠક જોવા મળશે.

શોનું નિર્દેશન દીપક કુમાર મિશ્રાએ કર્યું છે. તેના ક્રિએટર્સ દીપક કુમાર મિશ્રા, ચંદન કુમાર અને અરુણાભ કુમાર છે.

પંચાયતની પહેલી સીઝન 3 એપ્રિલ 2020ના રોજ પ્રાઇમ વીડિયો પર આવી હતી. તેમાં એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ અભિષેક ત્રિપાઠીની વાર્તા દર્શાવવામાં આવી હતી. સારી નોકરી ન મળતાં તે ઉત્તર પ્રદેશના કાલ્પનિક ગામ ફુલેરામાં પંચાયત સચિવની નોકરી કરવા પહોંચે છે.

શહેરમાં ઉછરેલા અભિષેક માટે ગામનું વાતાવરણ નવું હોય છે. તે ગામના લોકો, તેમની સમસ્યાઓ અને પંચાયતના રાજકારણ વચ્ચે પોતાની નોકરી કરે છે. સાથે જ તેનું સપનું MBA કરીને વધુ સારી નોકરી મેળવવાનું છે.

પહેલી સીઝનને મળેલા સારા પ્રતિસાદ બાદ બીજી સીઝન 2022માં આવી. ત્રીજી સીઝન 2024માં અને ચોથી સીઝન જૂન 2025માં રિલીઝ થઈ. હવે પાંચમી સીઝન લગભગ દોઢ વર્ષ બાદ દર્શકો સમક્ષ આવશે.



પંચાયત 2ને મળ્યો હતો પહેલો IFFI OTT અવોર્ડ :

સિરીઝને દર્શકો સાથે પુરસ્કારો પણ મળ્યા છે. નવેમ્બર 2023માં ગોવામાં યોજાયેલા 54મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા (IFFI)માં પંચાયત 2ને બેસ્ટ વેબ સિરીઝનો પહેલો OTT એવોર્ડ આપવામાં આવ્યો હતો.

માહિતી અને પ્રસારણ મંત્રાલય અનુસાર, આ પુરસ્કાર માટે 15 OTT પ્લેટફોર્મની 10 ભાષાઓની 32 સિરીઝ પસંદ કરવામાં આવી હતી. તેમાંથી ચાર સિરીઝને અંતિમ નૉમિનેશન મળ્યું હતું. પ્રાઇમ વીડિયોના જણાવ્યા અનુસાર, પંચાયતની ચોથી સિઝનને રિલીઝના પહેલા અઠવાડિયામાં 180થી વધુ દેશોમાં જોવામાં આવી.

કરીનાનો બિકીની લુક, શર્ટલેસ થયો સૈફ...!

તૈમૂર-જેહ ફિશિંગ કરતાં દેખાયા, જુઓ ગ્રીસના દરિયે મોજ માણતા પટૌડી પરિવારના PHOTOs

(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડના નવાબ સૈફ અલી ખાને જ્યારથી ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યૂ કર્યું છે, ત્યારથી તેમની દરેક પોસ્ટ સોશિયલ મીડિયા પર છવાયેલી રહે છે. હાલમાં જ સૈફે પત્ની કરીના કપૂર ખાન અને બંને દીકરાઓ તૈમૂર અને જેહ સાથે ગ્રીસના સુંદર દરિયાકિનારે માણેલા વેકેશનની ખાસ તસવીરો શેર કરી છે

સૈફની આ વેકેશન પોસ્ટમાં કરીના કપૂરનો બોલ્ડ બિકીની લુક જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. એક તસવીરમાં કરીના યલો કલરની બિકીની પહેરીને એકદમ રિલેક્સ મૂડમાં જોવા મળી હતી. ખુલ્લા વાળમાં બેબોનો ટશન અને સ્ટાઈલ ફેન્સને ખૂબ પસંદ આવી રહ્યા છે. અન્ય એક તસવીરમાં કરીના ગ્રીન કલરની મોનોકિનીમાં ગ્લેમરનો તડકો લગાવતી જોવા મળી.

બીજી તરફ, 56 વર્ષીય સૈફ અલી ખાને પણ પોતાની ફિટનેસથી સૌને ચોંકાવી દીધા છે. શર્ટલેસ લુકમાં સેલ્ફી લેતા સૈફનો અંદાજ એકદમ ડેશિંગ લાગી રહ્યો છે. ઉપરાંત, વેકેશનની એક ખાસ તસવીરમાં સૈફ અને કરીના એકબીજાની આંખોમાં ખોવાયેલા જોવા મળ્યા. લગ્નના આટલા વર્ષો બાદ પણ આ કપલ વચ્ચેની કેમેસ્ટ્રી અને રોમાન્સ કોઈ ન્યૂલીવેડેડ કપલ જેવો જ લાગે છે.

આ વેકેશનની સૌથી ક્યૂટ ઝલક પટૌડી પરિવારના બંને લાડલા દીકરાઓ તૈમૂર અને જેહની રહી. એક તસવીરમાં, તૈમૂર અને જેહ દરિયાકિનારે ફિશિંગ રોડ લઈને માછલી પકડતા જોવા મળ્યાં.

ઉપરાંત, તૈમૂરની ભૂરી આંખોવાળી એક તસવીર પરથી લોકોની નજર હટતી નથી, તે હવે મોટો થઈ ગયો છે તેનું આ ટ્રાન્સફોર્મેશન જોઈ લોકો ચોંકી ગયા ફિલ્મોના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢીને પટૌડી પરિવારનો આ રિલેક્સિંગ અને રોમેન્ટિક વેકેશન અંદાજ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહ્યો છે, અને ફેન્સ આ તસવીરો પર પ્રેમ વરસાવી રહ્યા છે.



'ધુરંધર 2' બોક્સઓફિસ પર બ્લોકબસ્ટર

(એજન્સી) મુંબઈ | તા.18

રણવીર સિંહ અભિનીત ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ'નું સંગીત 69મા ગ્રેમી એવોર્ડ્સની અંતિમ નોમિનેશન યાદીમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યું છે.

સોમવારે જાહેર થયેલી ગ્રેમી 2027ની યાદીમાં ફિલ્મનું એક પણ ગીત સામેલ કરવામાં આવ્યું નથી. નિર્માતાઓએ ઓક્ટોબરમાં ફિલ્મના સાઉન્ડટ્રેક અને ગીતોને કુલ 9 કેટેગરીમાં નોમિનેશન માટે મોકલ્યાં હતાં. શાશ્વત સચદેવના સંગીતવાળી આ ફિલ્મના ગીતોએ 300 કરોડ રૂપિયાથી વધુની આવક મેળવી હતી, પરંતુ ફિલ્મ ગ્રેમીની રેસમાંથી બહાર થઈ ગઈ છે.

ફિલ્મનું ચર્ચિત ગીત 'ફિર સે' બેસ્ટ સૉન્ગ રિટન ફૉર વિઝ્યુઅલ મીડિયા કેટેગરીમાં મોકલવામાં આવ્યું હતું, જેને અરિજીત સિંહે અવાજ આપ્યો છે. જોકે, આ ગીત અંતિમ યાદીમાં સ્થાન મેળવી શક્યું નથી.

બીજી તરફ, બોમ્બે રોકર્સ, ખાન સાબ, જૅસ્મિન સેન્ડલસ, રિબેલ, ટોકન અને સુધીર યાદવંશીએ ગાયેલું 'આરી આરી' બેસ્ટ એશિયન પૉપ મ્યુઝિક પરફોર્મન્સ કેટેગરીમાં મોકલવામાં આવ્યું હતું, પરંતુ તે પણ સ્થાન મેળવી શક્યું નથી.

"વાત કરવાની તમીઝ નથી...", નવાઝુદ્દીન પર ભડકી દીયા મિર્ઝા

(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડમાં હાલ એક સોશિયલ મીડિયા પોસ્ટને લઈને ભારે ચર્ચા જાગી છે, જેના કેન્દ્રમાં અભિનેત્રી દીયા મિર્ઝા અને અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકી છે. દીયા મિર્ઝાની એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સામે આવી છે, જેમાં તેમણે કામ કરવાના અનુભવને લઈને એવી વાતો લખી છે જેનાથી સોશિયલ મીડિયા પર અટકળો શરૂ થઈ ગઈ છે. નવાઈની વાત એ છે કે આ પોસ્ટમાં દીયાએ નવાઝુદ્દીન સિદ્દીકીને પણ ટેગ કર્યા હતા.

દીયાએ પોતાની ઈન્સ્ટા સ્ટોરીમાં લખ્યું કે, 'નવાઝુદ્દીન સિદ્દીકી સાથે કામ કરવું કોઈ ખરાબ સપના જેવું છે. ન તો વાત કરવાની તમીઝ છે અને એટીટ્યુડ તો અલગ જ લેવલનો છે. બિલકુલ ઓફેન્સિવ કેરેક્ટર.' આ પોસ્ટ સામે આવતા જ લોકોમાં સવાલો ઉઠવા લાગ્યા કે બંને વચ્ચે આખરે શું બન્યું છે? આ સમગ્ર મામલામાં સૌથી વધુ ધ્યાન ખેંચનારી બાબત નવાઝુદ્દીન સિદ્દીકીને ટેગ કરવાની રહી. દીયાની પોસ્ટ બાદ લોકોએ બંને વચ્ચે શૂટિંગ દરમિયાન કોઈ વિવાદ કે અણબનાવ થયો હોવાની અટકળો લગાવવાની શરૂ કરી દીધી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ખેલાડીઓએ બતાવી કમાલ

નેશનલ આર્ચરી ચેમ્પિયનશિપમાં ધ્રુવ બગ્ગાનો ઐતિહાસિક વિજય




(એજન્સી) શિલોંગ । તા. 18

નેશનલ આર્ચરી ચેમ્પિયનશિપમાં દિલ્હીના યુવા તીરંદાજ ધ્રુવ બગ્ગાએ શાનદાર પ્રદર્શન કરતા વર્લ્ડ કપ ફાઇનલ્સના ગોલ્ડ મેડલ વિજેતા અને દિગ્ગજ ઓલમ્પિયન ધીરજ બમ્માદેવારાને હરાવીને પોતાનું પહેલું સિનિયર નેશનલ રિકર્વ મેન્સ ઇન્ડિવિજ્યુઅલ ટાઇટલ જીતી લીધું છે. આ રોમાંચક અને અતિ-રોમાંચક ફાઇનલ મુકાબલામાં ધ્રુવ બગ્ગાએ શિસ્ત અને ઉત્કૃષ્ટ માનસિક મનોબળનું અદભુત પ્રદર્શન કરીને ખેલ જગતમાં ભારે ચર્ચા જગાવી છે.

શિલોંગના પેરેડાઈઝ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી આ નેશનલ આર્ચરી ચેમ્પિયનશિપમાં રિકર્વ મેન્સ ફાઇનલનો મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો. ૨૩ વર્ષીય ધ્રુવ બગ્ગાએ શરૂઆતથી જ પોતાની કાબિલેયત સાબિત કરતા પ્રથમ સેટમાં સતત બે વખત ૧૦ પૉઇન્ટ મેળવીને સરસાઈ મેળવી હતી. અનુભવી ખેલાડી ધીરજે શાનદાર વાપસી કરતા ત્રીજા અને ચોથા સેટમાં જીત મેળવીને ૫-૩ની લીડ મેળવી લીધી હતી. પરંતુ, હાર ન માનનાર ધ્રુવ બગ્ગાએ પાંચમા સેટમાં ૨૯-૨૮થી વિજય મેળવીને સ્કોર ૫-૫થી બરાબર કરી દીધો અને મુકાબલાને શૂટ-ઑફમાં ધકેલી દીધો. ટાઈ-બ્રેકર શૂટ-ઑફમાં ધીરજે ૯ પૉઇન્ટ મેળવ્યા જ્યારે ધ્રુવે સચોટ નિશાન તાકીને ૧૦ પૉઇન્ટ અર્જિત કર્યા અને આ ઐતિહાસિક વિજય પોતાના નામે કર્યો.

સેમિફાઇનલમાં શાનદાર જીત મેળવી સરસાઈ લીધી

ટોટલ ચેસ બે હજાર છવ્વીસમાં ગિરી અને ફિરોઝાનો દબદબો



(એજન્સી) બુડાપેસ્ટ । તા. 18

હંગેરીની રાજધાની બુડાપેસ્ટ ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ટોટલ ચેસ બે હજાર છવ્વીસ વિશ્વ ચેમ્પિયનશિપ ટૂરની ખિતાબી સેમિફાઇનલના પ્રથમ દિવસે જબરદસ્ત રોમાંચ જોવા મળ્યો હતો. મંગળવારે રમાયેલા પ્રથમ સત્રના મુકાબલામાં અનીશ ગિરી અને અલીરેઝા ફિરોઝાએ પોતપોતાના હરીફોને હરાવીને શરૂઆતી સરસાઈ મેળવી લીધી છે. અનીશ ગિરીએ મેક્સિમ વાચિયર-લાગ્રેવને સાડા ચૌદ વિરુદ્ધ સાડા પાંચ પૉઇન્ટથી પરાજય આપ્યો હતો, જ્યારે બીજી તરફ અલીરેઝા ફિરોઝાએ દિગ્ગજ ખેલાડી ફેબિયાનો કારુઆનાને બાર વિરુદ્ધ આઠ પૉઇન્ટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશવા તરફ મજબૂત ડગલાં માંડ્યા છે. ખિતાબી સેમિફાઇનલના પ્રથમ દિવસે અનીશ ગિરી અને અલીરેઝા ફિરોઝા બંનેએ અસાધારણ માનસિક સંતુલન અને આક્રમક રણનીતિનો પરિચય આપ્યો હતો. ડચ ગ્રાન્ડમાસ્ટર અનીશ ગિરી સમગ્ર દિવસ દરમિયાન રમાયેલી સાતેય બાજીઓમાં અજેય રહ્યા હતા. ઝડપી રમાતી બ્લિટ્ઝ બાજીઓમાં એક જીત મેળવીને તેમણે અઢી વિરુદ્ધ દોઢ પૉઇન્ટની પાતળી સરસાઈ મેળવી હતી. ત્યારબાદ મધ્યમ ગતિની બે રેપિડ બાજીઓ ડ્રો રહેતા ગિરીએ પોતાની નજીવી સરસાઈ જાળવી રાખી હતી.

દિવસની અંતિમ અને સૌથી નિર્ણાયક ફાસ્ટ ક્લાસિક બાજીમાં સફેદ મહોરાં સાથે રમતા ગિરીને દિવસ જીતવા માટે માત્ર ડ્રોની જ જરૂર હતી, પરંતુ તેમણે શાનદાર ચાલ રમીને વિજય મેળવ્યો અને પૂરા આઠ પૉઇન્ટ અંકે કર્યા હતા. આ હાર બાદ હવે વાચિયર-લાગ્રેવ માટે બુધવારનું સત્ર જીતવું અનિવાર્ય બની ગયું છે, જેથી તે મુકાબલાને ટાઈબ્રેકર સુધી લઈ જઈ શકે.

બીજી સેમિફાઇનલમાં ફ્રાન્સનું પ્રતિનિધિત્વ કરતા અલીરેઝા ફિરોઝાએ શરૂઆતથી જ આક્રમક તેવર બતાવીને ફેબિયાનો કારુઆના સામેની ચારેય બ્લિટ્ઝ બાજીઓ જીતી લીધી હતી. જોકે, અમેરિકન ખેલાડી કારુઆનાએ પણ હાર ન માનતા પ્રથમ રેપિડ મુકાબલો જીતીને ચાર પૉઇન્ટ મેળવ્યા હતા અને સ્કોર બરાબરી પર લાવી દીધો હતો.

ભારત પાકિસ્તાન ફૂટબોલ મેચ જીત્યું પાકિસ્તાને આપ્યું ગાર્ડ ઓફ ઓનર

બાંગ્લાદેશમાં ઢાકા ખાતે ભારતે રચ્યો નવો ઇતિહાસ

(એજન્સી) ઢાકા । તા. 18

દક્ષિણ એશિયાઈ ફૂટબોલ મહાસંઘ ચેમ્પિયનશિપની અત્યંત રોમાંચક અને સાસાકીય ફાઇનલ મેચમાં ભારતીય ફૂટબોલ ટીમે પાકિસ્તાનને બે વિરુદ્ધ એક ગોલથી હરાવીને ઇતિહાસના પૃષ્ઠોમાં સોનેરી અક્ષરે નામ નોંધાવતા દસમી વખત ભવ્ય ખિતાબ પોતાના નામે કર્યો છે. મંગળવારે બાંગ્લાદેશની રાજધાની ઢાકા ખાતે રમાયેલી આ મહામુકાબલામાં ભારતીય યુવા ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને મેચ પૂરી થયા બાદ પાકિસ્તાની ખેલાડીઓએ લાઇનમાં ઊભા રહીને વિજેતા ભારતીય ટીમને વિશેષ સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર પૂરું પાડ્યું હતું, જેણે બંને દેશો વચ્ચે રમતગમતની સાચી અને મધુર ખેલદિલીનો અનોખો સંદેશો સમગ્ર વિશ્વમાં ફેલાવ્યો છે.

મળતી માહિતી મુજબ, મેચના પ્રથમ હાફમાં પાકિસ્તાની ટીમનું પલડું ભારે રહ્યું હતું અને ઈન્જરી ટાઇમ દરમિયાન આલમગીર ગાઝીએ શાનદાર ગોલ ફટકારીને પોતાની ટીમને એક શૂન્યની સરસાઈ અપાવી હતી. જોકે, બીજા હાફમાં ભારતીય ટીમે જબરદસ્ત વાપસી કરી હતી. મેચની ઓગણસઠમી મિનિટે રેફરી દ્વારા વીડિયો સહાયક



પ્રણાલીની મદદથી ખતરનાક ટેકલ બદલ પાકિસ્તાનના ખેલાડી જુનૈદ શાહને રેડ કાર્ડ બતાવવામાં આવ્યો હતો, જેના કારણે પાકિસ્તાની ટીમ દસ ખેલાડીઓ સાથે રમવા મજબૂર બની ગઈ હતી. આ સોનેરી તકનો લાભ ઉઠાવતા ભારતના તેજસ્વી ખેલાડી સુહેલ અહમદ ભટ્ટ દ્વારા સાઈઠમી મિનિટે ગોલ ફટકારીને સ્કોર એક-એકથી સરખો કરી દેવામાં આવ્યો હતો.

જ્યારે મુકાબલો રોમાંચક તબક્કામાં પહોંચી ગયો હતો અને બંને ટીમો વિજય માટે ઝઝૂમી રહી હતી, ત્યારે મેચની અગ્યારેક મિનિટ બાકી હતી એટલે કે અઠ્ઠાસીમી મિનિટે સંદીપ મંડીએ એક નિર્ણાયક અને અદભુત ગોલ ફટકારીને ભારતને બે વિરુદ્ધ એકથી આગળ કરી દીધું હતું. અંત સુધી આ સરસાઈ જાળવી રાખીને ભારતે પાકિસ્તાનને પરાજય આપ્યો હતો. નોંધનીય છે કે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ભારતે પોતાની મુખ્ય સિનિયર ટીમને બદલે યુવા પ્રતિભાશાળી ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા અને આ યુવા વાહિનીનું સફળ માર્ગદર્શન અંડર-વીસ કોચ નૌશાદ મૂસા દ્વારા કરવામાં આવ્યું હતું. આ શાનદાર વિજય સાથે ભારતે સાતત્ય જાળવીને સતત ત્રીજું અને કુલ દસમી વખત આ ખિતાબ જીતી લીધો છે.

આજકાલ સરહદી અને ક્રિકેટના મેદાન પર જોવા મળતા તણાવ વચ્ચે ફૂટબોલના મેદાન પર જે દ્રશ્ય જોવા મળ્યું તેણે સૌનું મિલન કરાવી દીધું હતું. મેચ પૂર્ણ થયા બાદ મેડલ વિતરણ સમારોહ અને મેદાન પર પાકિસ્તાની ખેલાડીઓએ ભારતીય ચેમ્પિયન ટીમને સન્માનિત કરવા માટે ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. બંને દેશોના ખેલાડીઓએ હસ્તમિલન કરીને એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા.

સોશિયલ મીડિયા પર આ સુંદર ક્ષણનો વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે અને ખેલ પ્રેમીઓ દ્વારા બંને દેશોના ખેલાડીઓની રમતગમતની ભાવનાની મુક્ત મને પ્રશંસા કરવામાં આવી રહી છે. પાકિસ્તાની ટીમ પ્રથમ વખત આ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી હતી, જોકે અંતમાં હાર્યા છતાં તેમણે હૃદય જીતી લીધા છે.

નસીર ખાન મરૂફખિલ ટેસ્ટ ડેબ્યૂ શાનદાર સદી વિકેટ

(એજન્સી) શારજાહ । તા. 18

અફઘાનિસ્તાનના વીસ વર્ષીય યુવા ઓલરાઉન્ડર નસીર ખાન મરૂફખિલે શારજાહ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ઝિમ્બાબ્વે સામેની રોમાંચક ટેસ્ટ ડેબ્યૂ મેચમાં અદભુત પ્રદર્શન કરીને સમગ્ર ક્રિકેટ જગતમાં નવો ઇતિહાસ રચી દીધો છે. આ શાનદાર દેખાવ સાથે તે ટેસ્ટ ક્રિકેટના એકસો ઓગણપચાસ વર્ષના લાંબા ઇતિહાસમાં ડેબ્યૂ મુકાબલામાં જ સદી ફટકારનાર અને પાંચ કે તેથી વધુ વિકેટો ઝડપનાર વિશ્વનો માત્ર બીજો ખેલાડી બની ગયો છે. જોકે, તેમના આ વ્યક્તિગત અને ઐતિહાસિક પ્રદર્શન છતાં અંતે અફઘાનિસ્તાનની ટીમને સત્તાવન રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો, અને ઝિમ્બાબ્વેએ બે મેચોની આ શ્રૃંખલા પર કબજો જમાવી લીધો હતો.

શારજાહના ઐતિહાસિક મેદાન પર તેંદરમી થી સત્તરમી નવેમ્બર દરમિયાન રમાયેલી આ બીજી ટેસ્ટ મેચમાં ડાબોડી ઓલરાઉન્ડર નસીર ખાન મરૂફખિલે પોતાની પ્રતિભાનો ઉત્તમ પરિચય આપ્યો હતો. મેચની પ્રથમ ઇનિંગ્સમાં બોલિંગ કરતા તેણે ઘાતક મારો ચલાવીને સાત બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા, જ્યારે બીજી ઇનિંગ્સમાં પણ બે મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. બેટિંગ વિભાગમાં પણ અદ્ભુત સંઘર્ષ બતાવતા નસીરે પ્રથમ ઇનિંગ્સમાં વીસ રનનું યોગદાન આપ્યું હતું અને ત્યારબાદ બીજી ઇનિંગ્સમાં બેસો બેતાલીસ બોલનો સામનો કરીને અણનમ એકસો એક રનની શાનદાર સદી ફટકારી હતી.



આ અદ્ભુત કારનામા સાથે જ નસીરે ટેસ્ટ ક્રિકેટના રેકોર્ડ પુસ્તકોમાં પોતાનું નામ સ્વર્ણિમ અક્ષરે નોંધાવી દીધું છે. મીડિયા અહેવાલ મુજબ, આ અગાઉ ટેસ્ટ ડેબ્યૂ પર આ પ્રકારનું અદભુત પરાક્રમ માત્ર ન્યૂઝીલેન્ડના પ્રખ્યાત ખેલાડી બ્રુસ ટેલરે કર્યું હતું, જેમણે વર્ષ એક હજાર નવશ અને પાંસઠમાં ભારત સામે ઈડન ગાર્ડન્સ ખાતે એકસો પાંચ રનની ઈનિંગ્સ રમી હતી અને બોલિંગમાં પાંચ વિકેટો ઝડપી હતી. ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં એવા કેટલાક અન્ય ખેલાડીઓ પણ છે જેમણે ડેબ્યૂ પર અડધી સદી ફટકારીને પાંચ વિકેટ લીધી હોય, પરંતુ ડેબ્યૂમાં સદી ફટકારીને પંજો ખોલવાની સિદ્ધિ માત્ર ટેલર અને નસીરના નામ પર જ નોંધાયેલી છે.

નસીર ખાન મરૂફખિલ ટેસ્ટ ડેબ્યૂ પર સદી ફટકારનાર અફઘાનિસ્તાનનો માત્ર ત્રીજો બેટ્સમેન બન્યો છે. અફઘાનિસ્તાન માટે આ સિદ્ધિ અગાઉ ઇસ્મત આલમે હાંસલ કરી હતી, જ્યારે તાજેતરમાં જ રહેમાનુલ્લાહે પણ ઝિમ્બાબ્વે સામેની ડેબ્યૂ મેચમાં શાનદાર સદી ફટકારીને આ વિશેષ યાદીમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. હવે આ ગૌરવશાળી યાદીમાં નસીરનું નામ પણ સત્તાવાર રીતે જોડાઈ ગયું છે. આ યુવા ખેલાડીની આક્રમક રમત અને પરિપક્વતા જોઈને દિગ્ગજ ખેલાડીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. વ્યક્તિગત સ્તરે આટલું ભવ્ય પ્રદર્શન કરવા છતાં નસીર ખાન મરૂફખિલ પોતાની ટીમને જીત અપાવી શક્યો ન હતો. ઝિમ્બાબ્વેની ટીમ સામે અંતિમ દિવસોમાં અફઘાનિસ્તાનની બેટિંગ લાઇનઅપ દબાણ હેઠળ આવી ગઈ હતી અને સમગ્ર ટીમ લક્ષ્યથી દૂર રહી ગઈ હતી.

રોહિત શર્મા રેન્કિંગમાં ગગડ્યો શુભમન નંબર વન

આઇસીસી વનડે બેટિંગ રેન્કિંગમાં મોટો ફેરફાર



(એજન્સી) દુબઈ । તા. 18

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલી તાજા વનડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમનો અનુભવી ઓપનર રોહિત શર્મા નબળા પ્રદર્શનના કારણે ચોથા સ્થાનથી ગગડીને પાંચમા ક્રમે સરકી ગયો છે, જ્યારે યુવા બેટ્સમેન શુભમન ગિલ હજુ પણ વિશ્વમાં પ્રથમ સ્થાન પર અકબંધ છે. ન્યૂઝીલેન્ડ સામે હાલમાં જ રમાયેલી પાંચ મેચોની વનડે શ્રેણી દરમિયાન રોહિત શર્માનું બેટ શાંત રહ્યું હતું અને તે ચાર ઈનિંગ્સમાં માંડ ત્રીસ રન જ બનાવી શક્યો હતો, જેના કારણે તેને રેન્કિંગમાં મોટું નુકસાન વેઠવું પડ્યું છે અને વૈશ્વિક સ્તરે તેના રેટિંગ પોઈન્ટ્સ ઘટીને સાતસો બત્રીસ થઈ ગયા છે. ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીના પ્રારંભિક મુકાબલા બાદ ટેસ્ટ શ્રેણીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને શુભમન ગિલ ચોથી અને પાંચમી વનડે મેચમાંથી વિશ્રામ લીધો હોવા છતાં, આઠસો છ રેટિંગ પોઈન્ટ્સ સાથે તેણે પોતાનું નંબર-વન સ્થાન મજબુત રીતે જાળવી રાખ્યું છે. પ્રદર્શનની દ્રષ્ટિએ ન્યૂઝીલેન્ડના ડેરિલ મિશેલ સાતસો અઠ્ઠોત્તેર પોઈન્ટ્સ સાથે બીજા ક્રમે યથાવત છે, જ્યારે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી સાતસો સત્તા પોઈન્ટ્સ મેળવીને ત્રીજા સ્થાને અડ રહ્યો છે. રોહિત શર્માના પાંચમા ક્રમે સરકવાથી અફઘાનિસ્તાનના પ્રતિભાશાળી બેટ્સમેન ઈબ્રાહિમ ઝાદરાનને સીધો ફાયદો થયો છે અને તે પાંચમાથી ચોથા ક્રમે પહોંચી ગયો છે.

મનિકા બત્રા એશિયન ગેમ્સ વિવાદ બાદ ખેલાડીઓ એકજૂથ

ખેલાડીઓની પારદર્શિતાની માંગ સમિતિ સમક્ષ નવો પ્રસ્તાવ

ભારતીય ટેબલ ટેનિસ પસંદગી નીતિમાં મોટા ફેરફારની માંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

દેશની રમતગમતની દુનિયામાં અત્યારે સૌથી વધુ ચર્ચા ભારતીય ટેબલ ટેનિસ પસંદગી નીતિ ની થઈ રહી છે, કારણ કે ભારતના ટોચના ટેબલ ટેનિસ ખેલાડીઓએ વર્તમાન પસંદગી પ્રક્રિયામાં ધરખમ ફેરફાર કરવાની માંગણી ઉઠાવી છે. તાજેતરમાં એશિયન ગેમ્સની ટીમમાંથી સ્ટાર ખેલાડી મનિકા બત્રાની બાદબાકી થયા બાદ ઉભા થયેલા ભારે વિવાદ અને ત્યારબાદ રમતગમત મંત્રાલય દ્વારા ભારતીય ટેબલ ટેનિસ મહાસંઘને સસ્પેન્ડ કરવામાં આવ્યા પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે. દેશના અગ્રણી પુરુષ અને મહિલા ખેલાડીઓએ ભવિષ્યમાં આવા વિવાદો ટાળવા અને પસંદગી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે વહીવટી સમિતિ સમક્ષ પોતાના વિસ્તૃત સૂચનો રજૂ કર્યા છે.

સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે આગામી એશિયન ગેમ્સ માટે જાહેર કરાયેલી ભારતીય ટીમમાંથી દેશની જાણીતી ખેલાડી મનિકા બત્રાને મુખ્ય ટીમમાંથી બાકાત રાખીને માત્ર અનામત ખેલાડી તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. પસંદગી સમયે મનિકા બત્રા વિશ્વ રેન્કિંગમાં પચાસમા સ્થાનથી માત્ર એક જ ડગલું પાછળ એટલે કે એકાવનમા ક્રમે હતી. વિશ્વના ટોચના પચાસ ખેલાડીઓની



યાદીમાંથી નજીવા અંતરથી બહાર હોવાના કારણે તેની બાદબાકી કરવામાં આવતા મહાસંઘની કાર્યપદ્ધતિ સામે ચોમેરથી આકરી ટીકાઓ થઈ હતી. આ ઘટના બાદ મનિકા બત્રા એશિયન ગેમ્સ વિવાદ એટલો વકર્યો હતો કે આખરે કેન્દ્રીય રમતગમત મંત્રાલયે કડક પગલું ભરતા ભારતીય ટેબલ ટેનિસ મહાસંઘની માન્યતા રદ કરીને તેને સસ્પેન્ડ કરી દીધું હતું. નોંધનીય છે કે છેલ્લા ચાર વર્ષમાં આ બીજી વખત છે જ્યારે મહાસંઘને સસ્પેન્ડ કરવામાં આવ્યું હોય અને રમતનો વહીવટ ચલાવવા માટે વચગાળાની સમિતિની નિમણૂક કરવી પડી હોય. આ કટોકટી વચ્ચે હવે ખેલાડીઓએ પોતે આગળ આવીને વ્યવસ્થા સુધારવાનો બીડું ઝડપ્યું છે.

ભારતના ટોચના ખેલાડીઓએ જે નવો પ્રસ્તાવ તૈયાર કર્યો છે તેમાં આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રદર્શનને યોગ્ય ન્યાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ફાતોર્ડા સ્ટેડિયમ છોડવાનો નિર્ણય બાર વર્ષ બાદ બદલાવ

એફસી ગોવા નવું મેદાન બાંબોલિમ ખાતે મેચો રમાશે

(એજન્સી) પણજી । તા. 18

ભારતીય ફૂટબોલ જગતમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં પ્રતિષ્ઠિત ફૂટબોલ ક્લબ એફસી ગોવા નવું મેદાન પસંદ કરીને પોતાના ઐતિહાસિક ઘરેલુ સ્ટેડિયમને છોડવાનો નિર્ણય કર્યો છે. ઈન્ડિયન સુપર લીગ ની વર્તમાન બે હજાર છવ્વીસ-સત્યાવીસની સિઝનના બીજા તબક્કાની તમામ ઘરેલુ મેચો હવે ફાતોર્ડાના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમને બદલે બાંબોલિમના અટલ સ્ટેડિયમ ખાતે રમાડવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. વર્ષ બે હજાર ચૌદમાં લીગની શરૂઆત થઈ ત્યારથી ફાતોર્ડાનું મેદાન આ ટીમનો અભેદ્ય ગઢ રહ્યું હતું, પરંતુ હવે વહીવટી અને વ્યૂહાત્મક કારણોસર ક્લબ મેનેજમેન્ટ દ્વારા બાર વર્ષ જૂની આ પરંપરામાં મોટો ફેરફાર કરીને બાંબોલિમ ખાતે છ મહત્વપૂર્ણ મુકાબલા રમાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ષ બે હજાર ચૌદમાં જ્યારે ઈન્ડિયન સુપર લીગ નો પ્રારંભ થયો હતો, ત્યારથી લઈને આજદિન સુધી ફાતોર્ડા સ્થિત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ એફસી ગોવા માટે એક ઘર સમાન રહ્યું છે. આ સ્ટેડિયમમાં હજારો સ્થાનિક ફૂટબોલ પ્રેમીઓની હાજરીમાં ટીમે અનેક યાદગાર વિજયો મેળવ્યા છે અને ઐતિહાસિક ક્ષણો સર્જી છે. અગાઉ માત્ર વૈશ્વિક મહામારી કોરોનાના કપરા સમયગાળા દરમિયાન જ આ ટીમે ફાતોર્ડાની બહાર બાયો-બબલ સુરક્ષા ઘેરામાં પોતાની મેચો રમી હતી, તે સિવાય ક્યારેય પોતાનું ઘરેલુ મેદાન બદલ્યું ન હતું.

આવા સંજોગોમાં ક્લબ દ્વારા ફાતોર્ડા સ્ટેડિયમ છોડવાનો નિર્ણય લેવામાં આવતા સમગ્ર રાજ્યના ફૂટબોલ ચાહકોમાં ભારે આશ્ચર્ય અને ઉત્સુકતા જોવા મળી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, બાંબોલિમ સ્થિત અટલ સ્ટેડિયમ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી બીજા તબક્કાની મેચો અહીં ખસેડવામાં આવી છે. સ્થાનિક રમતગમત પ્રેમીઓ માટે આ એક નવો અનુભવ બની રહેશે, કારણ કે અટલ સ્ટેડિયમની બેઠક વ્યવસ્થા અને મેદાનની રચના ખેલાડીઓ તેમજ પ્રેક્ષકો બંને માટે અત્યંત રોમાંચક વાતાવરણ ઊભું કરે છે.

આઈપીએલ // દસ ટીમો પાસે બાકી કુલ બજેટ કરોડમાં, ગુજરાત ટીમનું ઓક્શન બજેટ સૌથી ઓછું રહ્યું

IPL બે હજાર સત્યાવીસ મેગા ઓક્શન ધમાકો ખેલાડીઓની બાદબાકી

(એજન્સી) પ્રિટોરિયા । તા. 18

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા આયોજિત થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ બે હજાર સત્યાવીસના મેગા ઓક્શન પહેલાં ક્રિકેટ જગતમાં અત્યંત મોટી ઉથલપાથલ જોવા મળી છે. સોળમી ડિસેમ્બરે ગોવામાં યોજાનારા ખેલાડીઓની બોલી લગાવવાના પ્લેયર ઓક્શન અગાઉ તમામ દસ ફ્રેન્ચાઈઝીઓએ પોતાના રિટેન અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની સત્તાવાર યાદી જાહેર કરી દીધી છે. આ વખતે કુલ એક્યાસી ખેલાડીઓને ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ટ્રેડ વિન્ડો દ્વારા ચૌદ દિગ્ગજ ખેલાડીઓની ટીમ બદલાઈ ચૂકી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે સૌથી ભાવુક અને મોટા સમાચાર મહેન્દ્ર સિંહ ધોનીની નિવૃત્તિના રહ્યા છે, જેમણે પોતાની શાનદાર સફર બાદ ખેલાડી તરીકે લીગને અલવિદા કહી દીધું છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના દિગ્ગજ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ આઈપીએલમાંથી ખેલાડી તરીકે નિવૃત્તિ લેવાની ઘોષણા કરી



છે. ફ્રેન્ચાઈઝીએ સમયમર્યાદાના થોડા કલાક પહેલાં સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે પિસ્તાળીસ વર્ષીય ધોની હવે આગામી સિઝનમાં ચેન્નાઈ ટીમમાં મેન્ટર તરીકે નવી જવાબદારી સંભાળશે. સતત ત્રણ સિઝનથી પ્લેઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહેલી ચેન્નાઈ ટીમ દ્વારા કોચિંગ સ્ટાફમાં પણ ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ઝહીર ખાનને મુખ્ય પ્રશિક્ષક જ્યારે મોહિત શર્માને બોલિંગ કોચ બનાવવામાં આવ્યા છે. ટીમની ફ્રેન્ચાઈઝીના માલિકે ભાવુક થઈને જણાવ્યું હતું કે ધોની વિના આ ટીમની કલ્પના કરવી પણ અશક્ય છે અને વર્ષ બે હજાર આઠમાં તેમને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય સર્વશ્રેષ્ઠ સાબિત થયો હતો.

આગામી વર્ષે ઓસ્ટ્રેલિયાના અત્યંત વ્યસ્ત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાર્યક્રમ અને વર્લ્ડ કપ જેવી મહત્વપૂર્ણ સ્પર્ધાઓને ધ્યાનમાં રાખીને કેટલાક મોટા વિદેશી ખેલાડીઓએ આ સિઝનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. સનરાઈઝર્સ હૈદરાબાદના વિસ્ફોટક ઓપનર ખેલાડીએ વર્કલોડ મેનેજમેન્ટ માટે આ લીગ નહીં રમવાનું નક્કી કર્યું છે. બીજી તરફ, દિલ્હી કેપિટલ્સના ઝડપી બોલર મિચેલ સ્ટાર્કે પણ આગામી સિઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ ખેલાડીઓની ગેરહાજરીથી ઓક્શનમાં ટીમોની રણનીતિ પર મોટી અસર પડી શકે છે.

વધુનું પર્સ છે અને તેઓ મોટા બજેટ સાથે મેદાનમાં ઉતરશે. કોલકાતા નાઈટ રાઈડર્સે બાર ખેલાડીઓને મુક્ત કરીને મોટું પર્સ ખાલી કર્યું છે, જ્યારે સૌથી મોંઘા ખેલાડીને જાળવી રાખ્યો છે. હૈદરાબાદ અને દિલ્હી જેવી ટીમોએ પણ અનેક ખેલાડીઓને રિલીઝ કર્યા છે. મુંબઈ ઈન્ડિયન્સે પણ નવ ખેલાડીઓને મુક્ત કર્યા છે પરંતુ શાર્દુલ ઠાકુર પર પોતાનો ભરોસો યથાવત રાખ્યો છે. રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ પાસે પણ મધ્યમ બજેટ ઉપલબ્ધ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ પાસે પણ પર્સ ઓછું છે. આ તમામ ટીમોમાં ગુજરાત ટાઈટન્સ પાસે સૌથી ઓછું આઠ કરોડ રૂપિયાથી આસપાસનું બજેટ બાકી રહ્યું છે અને માત્ર કેટલાક જ સ્લોટ ખાલી છે, જેના કારણે આગામી ઓક્શન ખૂબ જ રોમાંચક બનવાની પૂરી શક્યતા છે.

દક્ષિણ આફ્રિકા સ્વિમિંગ ફેડરેશન સામે મોટું પગલું

ટાટજાના સ્મિથ ઓલિમ્પિક વિવાદથી ખળભળાટ મચી ગયો

(એજન્સી) પ્રિટોરિયા । તા. 18

ખેલ જગતને હચમચાવી દેતી એક મોટી ઘટનામાં, દક્ષિણ આફ્રિકાના અત્યંત સફળ અને દેશના સૌથી સન્માનિત ઓલિમ્પિક ખેલાડી દ્વારા કરવામાં આવેલા ખુલાસા બાદ દેશમાં મોટો ટાટજાના સ્મિથ ઓલિમ્પિક વિવાદ સર્જાયો છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને સરકારે તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. રમતગમત મંત્રાલય દ્વારા સત્તાવાર તપાસના આદેશ આપવામાં આવ્યા છે, જેના કારણે રાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે. દેશના રમતગમત મંત્રીએ એક ખાસ પત્રકાર પરિષદ યોજીને આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની જાહેરાત કરી છે, જેથી ખેલાડીઓ સાથે થતા અન્યાયનો પર્દાફાશ કરી શકાય.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં જ આ પ્રતિષ્ઠિત ખેલાડીએ સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવનાત્મક વિડિયો જારી કર્યો હતો. આ વિડિયોમાં તેમણે સ્પષ્ટપણે જાહેરાત કરી હતી કે તેઓ હવે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિત્વ કરશે નહીં. આ ચોંકાવનારા નિર્ણય પાછળનું મુખ્ય કારણ ગંભીર આર્થિક પડકારો અને



પુરસ્કારની રકમની ચુકવણીમાં થતી અનિયમિતતા હોવાનું સામે આવ્યું છે. આ જાહેરાત બાદ દેશભરમાં ખેલ પ્રેમીઓ અને નાગરિકોમાં ભારે આશ્ચર્ય અને રોષની લાગણી ફેલાઈ ગઈ હતી, કારણ કે આ ખેલાડીએ અગાઉ દેશ માટે અનેક ગોલ્ડ મેડલ જીતીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કર્યું હતું.

આ સમગ્ર મામલાના કેન્દ્રમાં દક્ષિણ આફ્રિકા સ્વિમિંગ ફેડરેશન ની કામપ્ર અને વહીવટી લાપરવાહી રહી છે. રાષ્ટ્રીય રમતગમત સંચાલક મંડળ દ્વારા ખેલાડીઓના હકો અને તેમને મળવાપાત્ર નાણાકીય સહાય બાબતે સતત બેદરકારી દાખવવામાં આવી હોવાના ગંભીર આરોપો લાગ્યા છે.

હોર્મુઝની ખાડીમાં તણાવ વધતા જહાજો પર હુમલા, ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો કતર ઓમાનની દોડધામ

ઈરાન અમેરિકા યુદ્ધ ભડક્યું કેશમ દ્વીપ પર ભીષણ હુમલો

(એજન્સી) તેહરાન । તા. 18

મધ્ય પૂર્વમાં છેલ્લા નવ મહિનાથી ચાલી રહેલા લોહિયાળ સંઘર્ષને શાંત પાડવાના રાજદ્વારી પ્રયાસો વચ્ચે ફરી એકવાર ઈરાન અમેરિકા યુદ્ધ અત્યંત આક્રમક તબક્કામાં પ્રવેશ્યું છે. બહેરીનમાં સ્થિત અમેરિકન સૈન્ય રડાર પ્રણાલી પર ઈરાની દળો દ્વારા કરવામાં આવેલા હુમલાના દાવા બાદ અમેરિકાએ મંગળવારે આકરો વળતો પ્રહાર કર્યો હતો. અમેરિકન લડાકુ વિમાનોએ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ જળડમરુમધ્યમાં આવેલા ઈરાનના કેશમ દ્વીપ પરની મિસાઈલ પ્રક્ષેપણ સાઈટને નિશાન બનાવીને ભીષણ હવાઈ હુમલો કર્યો હતો. જોકે, આ બંને સૈન્ય કાર્યવાહીમાં હજુ સુધી કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી, પરંતુ આ ઘટનાક્રમને પગલે સમગ્ર અખાતી વિસ્તારમાં મહાયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.

અમેરિકન સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વમાં તૈનાત અમેરિકન સૈનિકો અને સૈન્ય ઠેકાણાઓ પર ઈરાનની સતત વધતી જતી આક્રમક ગતિવિધિઓના જવાબમાં આ વળતી કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકન વાયુસેનાના અત્યાધુનિક લડાકુ વિમાનોએ કેશમ દ્વીપ પર સ્થિત ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના મિસાઈલ લોન્ચ ઠેકાણાઓ પર સચોટ નિશાન સાધ્યું હતું. બીજી તરફ, ઈરાની મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના આ




હવાઈ હુમલામાં તેમના કોઈપણ માળખાકીય બાંધકામને નુકસાન પહોંચ્યું નથી. આ ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે દાવો કર્યો હતો કે તેણે બહેરીનના શેખ ઈસા એરબેઝ પર આવેલી અમેરિકન રડાર પ્રણાલીને નિશાન બનાવીને હુમલો કર્યો છે. ઉલ્લેખનીય છે કે બહેરીનમાં અમેરિકન નૌકાદળના પાંચમા બેડાનું મુખ્ય મથક આવેલું છે, જે સમગ્ર મધ્ય પૂર્વની સુરક્ષા માટે અત્યંત મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે. જોકે, બહેરીનના સંરક્ષણ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે તેમની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ ઈરાનના આ હુમલાને હવામાં જ નિષ્ફળ બનાવી દીધો હતો અને દેશમાં કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી.

બંને મહાસત્તાઓ વચ્ચે વધતા જતા સૈન્ય ટકરાવની સીધી અસર દરિયાઈ વેપાર પર જોવા મળી રહી છે. હોર્મુઝની ખાડીમાં તણાવ ચરમસીમાએ પહોંચતા વ્યાપારિક જહાજો અને ઓઈલ ટેન્કરો પર હુમલાની ઘટનાઓએ વૈશ્વિક ચિંતામાં ભારે વધારો કર્યો છે. બ્રિટનની સમુદ્રી વ્યાપાર સંચાલન સંસ્થાના જણાવ્યા મુજબ, ઓમાનના તટીય શહેર ખાસાબની ઉત્તર દિશામાં એક ઓઈલ ટેન્કર પર રહસ્યમય હુમલો થયો છે. આ હુમલા બાદ જહાજ પર સવાર કર્મચારીઓનો કોઈ પતો લાગ્યો નથી, જેના કારણે બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે.

હત્યા રહસ્ય ઓટોપ્સી રિપોર્ટ પર નવા વિવાદો

જેફરી એપસ્ટિન હત્યા રહસ્ય ફોરેન્સિક તપાસમાં મોટો ખુલાસો થયું

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 18



અમેરિકાના અત્યંત કુખ્યાત સેક્સ ઓફેન્ડર જેફરી એપસ્ટિનના જેલમાં થયેલા રહસ્યમય મોત મામલે એક અત્યંત ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે, જેને કારણે દેશ-વિદેશના રાજકીય અને ન્યાયિક બેડામાં ભારે ચર્ચા જાગી છે. જાણીતા ફોરેન્સિક નિષ્ણાત પ્રોફેસર માઈકલ ફ્રીમેને ઓટોપ્સી રિપોર્ટ અને ફોટોગ્રાફ્સનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યા બાદ સ્પષ્ટ દાવો કર્યો છે કે એપસ્ટિનનું મોત આત્મહત્યાથી નહીં પરંતુ કોઈએ ગળું દબાવીને તેની હત્યા કરી હતી. આ નવા દાવાએ આખા કેસમાં નવો જ વળાંક આપી દીધો છે.

આ હાઈ-પ્રોફાઈલ કેસમાં નિષ્ણાત દ્વારા પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તસવીરોના આધારે કેટલાક ચોંકાવનારા તથ્યો ઉજાગર થયા છે. પ્રોફેસર માઈકલ ફ્રીમેનના મતે, એપસ્ટિનનું ગળું દોરડા કે કપડાં વડે પાછળથી દબાવાયું હતું. ત્યારબાદ, તે જ વસ્તુનો ઉપયોગ કરીને મૃતદેહને બંક બેડ પર લટકાવી દેવામાં આવ્યો હતો જેથી તે આત્મહત્યા જેવો દેખાય. ઓટોપ્સીના ફોટોગ્રાફ્સમાં એપસ્ટિનના ડાબા ખભામાં ઊંડા ઘા જોવા મળ્યા છે અને ત્યાંથી લોહી પણ નીકળ્યું હતું. આ સિવાય તેના ચહેરા પર પણ માર મારવામાં આવ્યો હોય તેવી સ્પષ્ટ ઈજાઓ હતી.

વધુમાં, ગળા પરના નિશાનની બરાબર ઉપર નખના ઉઝરડા જોવા મળ્યા છે. નિષ્ણાતના જણાવ્યાનુસાર, જ્યારે પાછળથી ગળું દબાવવામાં આવે ત્યારે પીડિત વ્યક્તિ ગળામાંથી ફાંસો હટાવવાનો પ્રયાસ કરે છે, જેના કારણે આવા નિશાન પડે છે. કસ્ટડીમાં ફાંસીના કિસ્સામાં નિયમ મુજબ મૃતદેહને નીચે ઉતારતા પહેલા તેના ફોટોગ્રાફ્સ લેવા જરૂરી હોય છે, પરંતુ આ કેસમાં ગાર્ડ્સે સીધો જ મૃતદેહ નીચે ઉતારી લીધો હતો. ફ્રીમેનનું કહેવું છે કે એપસ્ટિનના શરીર પરની ઈજાઓ અને જે રીતે મૃતદેહ મળ્યો હતો તે બંને હકીકતો એકબીજા સાથે બિલકુલ સુસંગત નથી.

આ અંગે ચીફ મેડિકલ એક્ઝામિનરનું કહેવું હતું કે, વર્ષ 2019માં ઓટોપ્સી કરનારા તત્કાલીન ચીફ મેડિકલ એક્ઝામિનર ડૉ. બાર્બરા સેમ્પસને જણાવ્યું હતું કે એપસ્ટિનની ઈજાઓ ફાંસી ખાઈને કરેલી આત્મહત્યા સાથે સંપૂર્ણ સુસંગત છે. તેમના મતે, આ કેસમાં હત્યા વખતે જોવા મળતા બચવા માટે સંઘર્ષના નિશાનના કોઈ પ્રમાણ ન હતા અને તેઓ પોતાના આ દાવા માટે સંપૂર્ણ અડગ છે.

બીજી તરફ, ન્યાય વિભાગના રિપોર્ટ પ્રમાણે, દસ ઓગસ્ટ 2019ના રોજ જેલના ગાર્ડે એપસ્ટિનને મૃત હાલતમાં જોતા જ તરત બીજા સહકર્મીને બોલાવ્યો હતો અને તેમણે તેનો મૃતદેહ નીચે ઉતાર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, આ ઘટના બન્યાના બરાબર એક મહિના પહેલા જ જેલ સત્તાવાળા દ્વારા એપસ્ટિનને આત્મહત્યાની નજર રાખવાની યાદીમાંથી હટાવી લેવાયો હતો. જે લોકો જેલમાં આત્મહત્યા કરશે એવી આશંકા હોય, તેમના પર આવી વિશેષ વૉચ રાખવામાં આવતી હોય છે.

પ્રોફેસર ફ્રીમેન અગાઉ અમેરિકામાં પોલીસ કસ્ટડીમાં થયેલા મૃત્યુના કેસોમાં એટર્ની-જનરલ માટે વિશેષ નિષ્ણાત તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે આ વિશ્લેષણ એપસ્ટિનના ભાઈ માર્ક એપસ્ટિન દ્વારા અપાયેલા મેડિકલ રેકોર્ડ અને ફોટોગ્રાફ્સના આધારે કર્યું છે.

એપસ્ટિનની હત્યાના કેસની પૃષ્ઠભૂમિ

વર્ષ 2008માં જેફરી એપસ્ટિનને સગીરાઓ પાસે દેહવ્યાપાર કરાવવાના ગુનામાં દોષિત ઠેરવાયો હતો, પરંતુ એક કાયદાકીય સમજૂતીના કારણે તે મોટી સજામાંથી બચી ગયો હતો અને તે કેસ ફક્ત સેક્સ ઓફેન્ડર તરીકે નોંધાયો હતો. આ ઘટનાના અગિયાર વર્ષ પછી, જુલાઈ 2019માં એપસ્ટિન પર સગીરાઓનું સેક્સ ટ્રાફિકિંગ નેટવર્ક ચલાવવાનો નવો આરોપ મૂકાયો હતો. ટ્રાયલની રાહ જોતા તેને ન્યૂયોર્ક સિટીની મેટ્રોપોલિટન કરેક્શનલ સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં દસ ઓગસ્ટ 2019ના રોજ ટ્રાયલ શરૂ થાય તે પહેલાં જ તે પોતાની જેલની કોટડીમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

ન્યૂઝ બ્રીફ

બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી સત્તાધારી નેતાની હત્યા



ઢાકા | પાડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અરાજકતા અને ભયનો માહોલ સર્જાયો છે. મંગળવારે રાત્રે બાંગ્લાદેશના ગોપાલગંજ અને પાડોશી ફરીદપુર જિલ્લામાં રાજકીય ઘર્ષણ દરમિયાન સત્તાધારી બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પાર્ટીના સ્થાનિક નેતા રાજુ મોલ્લાની હત્યા કરી દેવાતા મામલો અત્યંત ગંભીર બન્યો હતો. આ ઘટનાના ઉગ્ર પ્રત્યાઘાતો પડતા ઉશ્કેરાયેલા ટોળાએ એક પોલીસ મથક, એક સાંસદના નિવાસસ્થાન તેમજ પક્ષની કચેરીને આગ ચાંપી દીધી હતી, જ્યારે રાજધાની ઢાકામાં પણ ચાર બસો સળગાવી દેવામાં આવતા સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન બનાવી દેવામાં આવી છે. આ સમગ્ર હિંસક ઘટનાની શરૂઆત પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના ગૃહનગર ગણાતા ગોપાલગંજ જિલ્લાના તુંગીપાડા ઉપ-જિલ્લામાંથી થઈ હતી. સુરક્ષા દળો દ્વારા અહીં અવામી લીગના કેટલાક શંકાસ્પદ સમર્થકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડના વિરોધમાં સ્થાનિક સ્તરે ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને જોતજોતામાં આ અશાંતિ સમગ્ર ગોપાલગંજ જિલ્લા તથા તેની સરહદે આવેલા ફરીદપુર જિલ્લામાં ઝડપથી ફેલાઈ ગઈ હતી.

અમેરિકાના પ્રતિબંધની અસર ટેક જગતમાં ભારે ફફડાટ ફેલાયો



વોશિંગ્ટન | વૈશ્વિક તકનીકી અને આર્થિક જગતમાં અત્યારે સૌથી મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે, કારણ કે અમેરિકા દ્વારા આધુનિક કૃત્રિમ બુદ્ધિમત્તા ચિપના દૂરસ્થ ઉપયોગ પર કડક પ્રતિબંધ લાદવાના પગલે ચીનની એઆઈ કંપનીઓમાં કડાકો બોલી ગયો છે. અમેરિકાના વાણિજ્ય વિભાગે એશિયા પેસિફિક આર્થિક સહયોગની શિખર પરિષદ માટે અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચીન મુલાકાત પૂર્વે જ આ આકરો નિર્ણય લીધો છે, જેની સીધી અસર ચીન સહિત વિશ્વના અન્ય બજારો પર પણ જોવા મળી રહી છે. આ પ્રતિબંધને કારણે ચીનની અગ્રણી તકનીકી કંપનીઓના શેરના ભાવમાં સાત ટકાથી લઈને અગિયાર ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે, જ્યારે બીજી તરફ ચીને અમેરિકાના આ એકતરફી વલણની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીને વિરોધ નોંધાવ્યો છે. તકનીકી ક્ષેત્રે પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા અને ચીનને કૃત્રિમ બુદ્ધિમત્તાની દોડમાં પાછળ રાખવાના વ્યૂહાત્મક ઉદ્દેશ્ય સાથે વોશિંગ્ટને આ મોટું પગલું ભર્યું છે. અમેરિકાના વાણિજ્ય વિભાગ દ્વારા જારી કરાયેલા નવા નિયમો મુજબ, આધુનિક ચિપ્સના દૂરસ્થ ઉપયોગ એટલે કે ક્લાઉડ માધ્યમથી થતા વપરાશ પર ચીની કંપનીઓ માટે અત્યંત કડક નિયંત્રણો મૂકી દેવામાં આવ્યા છે.

વૈશ્વિક રાજનીતિમાં નવો વળાંક યુક્રેન યુદ્ધ પર થશે ચર્ચા

ટ્રમ્પ ચીન મુલાકાત શેનઝેનમાં ભવ્ય સ્વાગત થયું,

શી જિનપિંગ અને પુતિન બેઠક વૈશ્વિક મહાસત્તાઓનું સંમેલન

(એજન્સી) શેનઝેન । તા. 18



આંતરરાષ્ટ્રીય રાજનીતિના ફલક પર અત્યારે સૌથી મોટી હલચલ જોવા મળી રહી છે, કારણ કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના એશિયા પ્રવાસના ભાગરૂપે ચીન પહોંચી ગયા છે. ચીનના શેનઝેન હવાઈ મથક પર જ્યારે તેમનું વિમાન ઉતર્યું ત્યારે ખુદ ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ તેમનું સ્વાગત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા. લાલ જાજમ બિછાવીને રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનું અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં બંને દિગ્ગજ નેતાઓએ એકબીજાને ગળે મળીને અભિવાદન કર્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ ચીન મુલાકાત ના આ તબક્કામાં હવે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન પણ જોડાવાના હોવાથી સમગ્ર વિશ્વની નજર આ ત્રિપક્ષીય મહાસંમેલન પર ટકેલી છે.

અમેરિકી રાષ્ટ્રપ્રમુખનો આ એશિયા પ્રવાસ વૈશ્વિક કૂટનીતિની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. ચીન આવતા પહેલા તેઓ ફિલિપાઈન્સની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર તેમજ અન્ય ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય સંબંધો અંગે વિસ્તૃત વાતચીત કરી હતી. ફિલિપાઈન્સનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ હવે ચીનમાં રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે તેમની મુલાકાત થવા જઈ રહી છે. દુનિયાની ત્રણ સૌથી મોટી સૈન્ય અને આર્થિક મહાસત્તાઓના વડાઓ એક જ મંચ પર ભેગા થઈ રહ્યા હોવાથી આ ઘટનાક્રમને ઐતિહાસિક માનવામાં આવી રહ્યો છે.

શેનઝેનમાં યોજાનારી શી જિનપિંગ અને પુતિન બેઠક માં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની હાજરી આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા ફેરફારોના સંકેત આપી રહી છે. આ પ્રસ્તાવિત ત્રિપક્ષીય વાટાઘાટોમાં છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા યુક્રેન યુદ્ધનો અંત લાવવા, અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર સંબંધો સુધારવા તેમજ અન્ય ગંભીર વૈશ્વિક પડકારો અંગે ઊંડાણપૂર્વક મંથન થવાની પૂરી શક્યતા છે. રશિયન રાષ્ટ્રપ્રમુખ પુતિને પણ આ બેઠકમાંથી ઘણા સકારાત્મક પરિણામો આવવાની આશા વ્યક્ત કરી છે.

બીજી તરફ, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉન સાથે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની સંભવિત મુલાકાત અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ આવી કોઈ પણ મુલાકાતને કોઈ પ્રકારની છૂટછાટ કે નબળાઈ તરીકે જોતા નથી, પરંતુ શાંતિ સ્થાપવાના પ્રયાસ તરીકે જુએ છે. જોકે, કિમ જોંગ ઉન સાથેની મુલાકાત અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તેમ છતાં રાજદ્વારી વર્તુળોમાં આ મુદ્દે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના આગમન પૂર્વે ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગે એશિયા પેસિફિક આર્થિક સહયોગ શિખર સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે વિશ્વભરમાં મુક્ત વેપાર અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવાની જોરદાર અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપવા માટે તમામ દેશોએ વેપાર અને રોકાણના અવરોધો દૂર કરવા જોઈએ અને સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ.

રાષ્ટ્રપ્રમુખ જિનપિંગે વૈજ્ઞાનિક અને તકનીકી સંશોધન, ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ આધુનિક તકનીકના ક્ષેત્રમાં ભાગીદારી મજબૂત કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણની જાળવણી માટે હરિત અને ઓછા કાર્બન ઉત્સર્જન વાળી અર્થવ્યવસ્થાની દિશામાં સાથે મળીને આગળ વધવાનું આહ્વાન કર્યું હતું.

આ જ વૈશ્વિક મંચ પરથી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશો પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે પશ્ચિમી રાષ્ટ્રોને ભૂતકાળની દબદબો ધરાવતી તાકાતો ગણાવતા કહ્યું હતું કે યુરોપ અત્યારે અપમાનજનક પતનના દોરમાંથી પસાર થઈ રહ્યું છે. પુતિને દાવો કર્યો હતો કે યુક્રેન સંઘર્ષ બાદ રશિયા પર લગાવવામાં આવેલા પશ્ચિમી આર્થિક પ્રતિબંધોની ઊલટી અસર થઈ છે અને આ પ્રતિબંધોને કારણે રશિયાનું અર્થતંત્ર પહેલા કરતા વધુ આત્મનિર્ભર અને મજબૂત બન્યું છે.

નોંધનીય છે કે રાષ્ટ્રપ્રમુખ પુતિનનું આ આક્રમક નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે યુક્રેને કબજા હેઠળના ક્રિમિયાને રશિયા સાથે જોડતા અત્યંત મહત્વપૂર્ણ કેર્ચ માર્ગ પુલને નષ્ટ કરી દીધો છે. રશિયાના ચાર વર્ષથી ચાલી રહેલા સૈન્ય અભિયાન માટે આ પુલ પુરવઠાની દ્રષ્ટિએ કરોડરજ્જુ સમાન માનવામાં આવતો હતો. આ સંવેદનશીલ સંજોગો વચ્ચે વૈશ્વિક રાજનીતિમાં નવો વળાંક લાવનારી ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની આ પ્રસ્તાવિત બેઠક પર ભારત સહિત સમગ્ર વિશ્વની નજર મંડાયેલી છે, કારણ કે તેના નિર્ણયો વૈશ્વિક બજાર અને શાંતિ પર સીધી અસર કરશે.

આયરિશ નાગરિકે વિમાન નષ્ટ કર્યું કુહાડીથી હુમલો કરી તબાહ

(એજન્સી) શૈનન । તા. 18

આયર્લેન્ડના શૈનન એરપોર્ટ પર અચાનક સર્જાયેલી એક ગંભીર અને ચોંકાવનારી ઘટનામાં 48 વર્ષીય આઈરિશ નાગરિક ડૈથી ઓ'કોરેને એરપોર્ટની કડક સુરક્ષા વ્યવસ્થાને ભેદીને અંદાજે સાઠ મિલિયન ડૉલર એટલે કે અસંખ્ય કરોડો રૂપિયાની કિંમતના અમેરિકી લશ્કરી વિમાન સી-130 હરક્યુલસને સંપૂર્ણપણે તબાહ કરી નાખ્યું છે. ન્યૂયોર્કના મેનહટ્ટનમાં મીડિયા અહેવાલ દ્વારા સામે આવેલા આરોપપત્ર મુજબ આ આરોપી પર અમેરિકી સરકારી સંપત્તિને ભારે નુકસાન પહોંચાડવાનો ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો છે, અને જો તે દોષી સાબિત થશે તો તેને કાયદાકીય જોગવાઈઓ હેઠળ દસ વર્ષ સુધીની લાંબી જેલની સજા ભોગવવી પડી શકે છે.

અમેરિકી ફરિયાદીઓના જણાવ્યા અનુસાર આ આખી ઘટના અગિયારમી એપ્રિલના રોજ બની હતી. આરોપી ઓ'કોરેન સવારે ચાર કલાક ને ચાલીસ મિનિટની આસપાસ એરપોર્ટની સુરક્ષા દીવાલ અને ફેન્સિંગમાં ગાબડું પાડીને સીધો ટેક્સીવે પર પહોંચી ગયો હતો, જ્યાં અમેરિકી એર નેશનલ ગાર્ડનું સી-130 હરક્યુલસ વિમાન પાર્ક કરવામાં આવ્યું હતું. આ વિમાન કોઈ મહત્વપૂર્ણ સૈન્ય મિશન માટે અન્ય દેશમાં રવાના થવાની તૈયારીમાં જ હતું.

આરોપીએ વિમાનની અંદર પ્રવેશવા માટે તેની અદ્યતન લોકિંગ સિસ્ટમ તોડી નાખી હતી અને ત્યારબાદ પોતાની જાતને અંદર પૂરી દીધી હતી. તેણે દરવાજાઓને અંદરથી હંમેશાં બંધ રાખવા માટે લોખંડની પટ્ટીઓ, બ્રેકેટ અને પેશનો બેફામ ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, દરવાજાના ટ્રેકમાં ઈપોક્સી સાથે બોલ બેરિંગ ભરી દીધા હતા જેથી દરવાજા ખોલવા કે બંધ કરવા સંપૂર્ણપણે અશક્ય બની જાય.

દક્ષિણ કોરિયા સુન્ચુંગ પરીક્ષા ભવિષ્યનો ફેંસલો, સુન્ચુંગ પરીક્ષા શેરબજાર સમય બદલાયો

(એજન્સી) સિયોલ । તા. 18

દક્ષિણ કોરિયામાં દર વર્ષે નવેમ્બરમાં એક એવો દિવસ આવે છે, જ્યારે આખો દેશ પોતાના વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણપણે થંભી જાય છે. આ દિવસ છે સુન્ચુંગ એટલે કે કોલેજ સ્કોલાસ્ટિક એબિલિટી ટેસ્ટનો. આ માત્ર એક સામાન્ય પરીક્ષા નથી, પરંતુ અહીંના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યનો ફેંસલો કરતો સૌથી મહત્ત્વનો દિવસ છે. આ વર્ષે 19 નવેમ્બરના રોજ યોજાનારી આ મહત્વપૂર્ણ પરીક્ષા માટે દક્ષિણ કોરિયા સરકારે ફ્લાઈટ્સથી લઈને શેરબજાર સુધીના ટાઈમ ટેબલમાં મોટા ફેરફાર કર્યા છે. એટલું જ નહીં, આધુનિક ટેક્નોલોજીથી થતી નકલ કે ચોરી રોકવા માટે અત્યંત અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે સરકારે આખા દેશની દિનચર્યા બદલી નાખી છે. પરીક્ષાના અંગ્રેજી શ્રવણ વિભાગ દરમિયાન બપોરે 1:05થી 1:40 વાગ્યા સુધી એટલે કે 35



મિનિટ માટે દેશભરમાં વિમાનના ટેક-ઓફ અને લેન્ડિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ નિર્ણયને કારણે 81 આંતરરાષ્ટ્રીય અને 49 સ્થાનિક ફ્લાઈટ્સના સમયમાં ફેરફાર કરાયો છે. જે વિમાનો પહેલેથી જ હવામાં હશે, તેમણે અવાજ ઓછો કરવા માટે ઓછામાં ઓછી 3000 મીટરની ઊંચાઈ જાળવવી પડશે. જો કોઈ ફ્લાઈટમાં ખાસ કટોકટી સર્જાશે તો જ તેને લેન્ડિંગની છૂટ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓને સવારના પીક-અવર્સમાં ટ્રાફિક ન નડે તે માટે સરકારી કચેરીઓ અને ખાનગી કંપનીઓનો કામકાજનો સમય 1 કલાક મોડો કરે છે. એટલે કે સવારે 10 વાગ્યાનો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકે તે માટે સવારે 6 થી 8:10 વાગ્યા વચ્ચે સબવે સેવાઓ વધારી દેવાઈ છે અને કટોકટી માટે ખાસ વાહનો પણ તહેનાત કરાયા છે. આ સુવિધા દેશના તમામ 1,312 પરીક્ષા કેન્દ્રો માટે ગોઠવાઈ છે. આ ઉપરાંત, કોરિયા એક્સચેન્જ એટલે કે શેરબજાર પણ સવારે 9 વાગ્યાને બદલે 10 વાગ્યે ખુલશે. પાડોશી દેશ ઉત્તર કોરિયાથી હંમેશાં ખતરો રહેતો હોવાથી પરીક્ષાના દિવસે દેશની સેનાની રૂટિન કવાયત થોડા સમય પૂરતી થંભાવી દેવાઈ છે, જેમાં લશ્કરી હેલિકોપ્ટરની ઉડાન અને તોપખાનાના ફાયરિંગ પર પણ કામચલાઉ રોક લગાવાઈ છે. આ વર્ષે 5,50,000 થી વધુ વિદ્યાર્થી આ પરીક્ષા આપવાના છે. દક્ષિણ કોરિયામાં આ પરીક્ષા માત્ર કોલેજમાં પ્રવેશ પૂરતી સીમિત નથી, પરંતુ તે વિદ્યાર્થીનો સામાજિક દરજ્જો પણ નક્કી કરે છે.

પરેશાની ટેક્નિકલ આઉટેજથી વિશ્વભરમાં ભારે અફરાતફરી મચી, ડિજિટલ પ્લેટફોર્મ ડાઉન થવાથી યુઝર્સ પરેશાન

એપલ સર્વિસ ઠપ આઈફોન યુઝર્સ મુશ્કેલીમાં સાબિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ટેક્નોલોજીના આજના અતિ આધુનિક યુગમાં, જ્યાં માનવીનું અડધું જીવન સ્માર્ટફોન અને ડિજિટલ ઉપકરણો પર સંપૂર્ણપણે નિર્ભર થઈ ગયું છે, ત્યાં બુધવારે રાત્રે અચાનક જ દુનિયાની દિગ્ગજ બ્રાન્ડ ગણાતી એપલ કંપનીની મુખ્ય આંતરરાષ્ટ્રીય સેવામાં મોટો બ્રેકડાઉન જોવા મળ્યો હતો. વિશ્વભરમાં એપલના કરોડો યુઝર્સ માટે આ રાત્રિ અતિશય મુશ્કેલીભરી સાબિત થઈ હતી, કારણ કે આઈફોન, મેકબુક અને અન્ય એપલ ઉપકરણો વાપરતા લાખો લોકો અચાનક જ કંપનીની મુખ્ય સર્વિસથી વિમુખ થઈ ગયા હતા. ભારત સહિત દુનિયાભરના અનેક દેશોમાં યુઝર્સોએ સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાની ભારે નારાજગી અને મુશ્કેલીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરી હતી.

યુઝર્સ દ્વારા પ્રાપ્ત અહેવાલો અને આઉટેજ ટ્રેક કરતી જાણીતી વેબસાઈટ પર હજારોની સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી. એપલની આંતરરાષ્ટ્રીય સ્તરની



લોકપ્રિય સેવાઓ જેવી કે આઈક્લાઉડ, એપ સ્ટોર, એપલ પે, એપલ મ્યુઝિક અને સપોર્ટ સર્વિસ સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. અનેક યુઝર્સે ફરિયાદ કરી હતી કે તેમના આઈફોન અને મેક ડિવાઈસમાંથી અચાનક આઈક્લાઉડ લોગઆઉટ થઈ ગયું હતું. વારંવાર આવતા ટેક્નિકલ એરરના કારણે યુઝર્સોએ ફરીથી લોગઈન કરવાની લાંબી અને અત્યંત કંટાળાજનક પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું.

આઈફોન ચલાવતા શોખીનો જ્યારે નવા એપ્લિકેશન્સ ડાઉનલોડ કરવા માટે એપ સ્ટોર પર ગયા, ત્યારે તે એક્સેસ ન થવાને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી. ડિજિટલ પેમેન્ટના આ યુગમાં ગ્રાહકોને સ્ટોર્સ પર ખરીદી કરતી વખતે એપલ પે વાપરવામાં અડચણો નડી હતી, જેના કારણે લેણદેણ અટકી પડી હતી. સંગીતના શોખીન યુઝર્સ માટે મનોરંજન પર પણ ગ્રહણ લાગ્યું હતું કારણ કે યુઝર્સ મ્યુઝિક સ્ટ્રીમ કરી શક્યા નહોતા. આ ઉપરાંત, નવું ઉપકરણ ખરીદીને એક્ટિવેટ કરવા માગતા ગ્રાહકો અટવાયા હતા, તેમજ ડેવલપર્સ માટેનું એપ સ્ટોર કનેક્ટ પણ ઠપ થઈ જતા મોટા પ્રોજેક્ટ્સને પણ માઠી અસર થઈ હતી.

ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ એટલે કે અમેરિકા માટે આ અઠવાડિયું આફતોથી ભરેલું સાબિત થઈ રહ્યું છે. છેલ્લા માત્ર સાત જ દિવસમાં આ ચોથી મોટી ઘટના છે જ્યારે કોઈ મોટી ટેક કંપની કે સિસ્ટમ અચાનક ખોરવાઈ ગઈ હોય. આ સિલસિલો ગત ગુરુવારની રાત્રે માઈક્રોસોફ્ટના મોટા આઉટેજ સાથે શરૂ થયો હતો.

અમેરિકામાં બેન્કિંગ સિસ્ટમ ફેલ હજારો લોકો મુશ્કેલીમાં

(એજન્સી) સિયોલ । તા. 18

છેલ્લા કેટલાક દિવસોથી ટેક્નોલોજી અમેરિકાને મો

કેબિનેટ સચિવે નીતિ આયોગની “લીડરશીપ એઝ અ મિશન” વિષય પરની રાષ્ટ્રીય કાર્યશાળામાં 'કર્મયોગી સંકલ્પ'નો શુભારંભ કરાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

કેબિનેટ સચિવ ડૉ. ટી.વી. સોમનાથને આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે નીતિ આયોગ દ્વારા આયોજિત “લીડરશીપ એઝ અ મિશન” વિષય પરની રાષ્ટ્રીય કાર્યશાળાના સમાપન સત્રમાં iGOT કર્મયોગી પ્લેટફોર્મ પર 'કર્મયોગી સંકલ્પ'નો શુભારંભ કરાવ્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સરકારના વડા તરીકેના પચ્ચીસ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે નીતિ આયોગ દ્વારા આયોજિત કરવામાં આવી રહેલી પાંચ રાષ્ટ્રીય કાર્યશાળાઓની શ્રેણીમાં આ પ્રથમ કાર્યશાળા છે.કર્મયોગી સંકલ્પ હેઠળ, દરેક સનદી અધિકારી પોતાની નેતૃત્વ પદ્ધતિમાં ચોક્કસ ફેરફાર લાવવા માટે એક પ્રતિબદ્ધતા નોંધાવે છે. આ પ્રતિબદ્ધતામાં અધિકારી ક્યાં કાર્ય કરશે, અધિકારી કયા નેતૃત્વ ગુણો વિકસાવશે, નાગરિકોને કયો બદલાવ જોવા મળશે અને અધિકારી કયા પગલાં લેશે તે નક્કી કરવામાં આવે છે. ભારત મંડપમ ખાતેના સહભાગીઓ અને iGOT કર્મયોગી પ્લેટફોર્મ દ્વારા જોડાયેલા અધિકારીઓએ શુભારંભ સમયે તેમની પ્રતિબદ્ધતાઓ પર કેવી રીતે અડગ રાખવામાં આવ્યો હતો.“વિકસિત ભારત માટે નેતૃત્વ” વિષય પરની પેનલ ચર્ચાનું સંચાલન નીતિ આયોગના ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી બી.વી.આર. સુબ્રહ્મણ્યમ દ્વારા કરવામાં આવ્યું હતું. પેનલિસ્ટમાં ઉત્તર પ્રદેશ સરકારના શહેરી વિકાસ અને ઊર્જા કેબિનેટ મંત્રી શ્રી અરવિંદ કુમાર શર્મા, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદના પ્રો. વિશાલ ગુપ્તા, NASSCOM ના ભૂતપૂર્વ પ્રમુખ અને નીતિ આયોગના પ્રતિષ્ઠિત ફેલો સુશ્રી દેબજાની ઘોષ, અને ઉત્તર પ્રદેશના હરદોઈના જોઈન્ટ મેજિસ્ટ્રેટ સુશ્રી નારાયણી ભાટિયા સામેલ હતા.પેનલિસ્ટોએ પ્રત્યક્ષ અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. કેસ ક્લિનિકમાં, દરેક જૂથે તેને સોંપાયેલા પ્રકરણમાંથી એક નિર્ણયની તપાસ કરી હતી, જેમાં એ બાબત પર વિચાર કરવામાં આવ્યો હતો કે નિર્ણયમાં જાહેર હેતુ માટે શું જરૂરી હતું, તેની સામે શું અવરોધો હતા અને અમલીકરણ દ્વારા નિર્ણયને તેના હેતુ



પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં નવી પ્રક્રિયાઓ બનાવવાની, સંસ્થાકીય અને માનવ સંસાધન ક્ષમતાનું નિર્માણ કરવાની અને સ્થાનિક સમુદાયોને વિકાસના કેન્દ્રમાં રાખવાની તેમની ક્ષમતા પર ભાર મૂક્યો હતો.પ્રો. વિશાલ ગુપ્તાએ મહત્વાકાંક્ષી લક્ષ્યોમાં વિશ્વાસ જગાવવાની પ્રધાનમંત્રીની ક્ષમતાને રેખાંકિત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજકીય ઇચ્છાશક્તિ વહીવટી સુધારાઓ સાથે જ આગળ વધવી જોઈએ અને નેતૃત્વના નિર્ણાયક સિદ્ધાંત તરીકે 'સેવા ભાવ' પર પ્રકાશ પાડ્યો હતો.સુશ્રી દેબજાની ઘોષે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેકનોલોજીનું મૂલ્યાંકન આખરે લોકો અને સમાજ પર માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ સિદ્ધાંતો અને વિકસિત ભારત 2047 ના વિઝનને હાંસલ કરવામાં તેમની પ્રાસંગિકતા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.શ્રી અરવિંદ કુમાર શર્માએ પ્રધાનમંત્રીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શાસનમાં આવેલા આમૂલ તેની અસર દ્વારા થવું જોઈએ. તેમણે AI અને ટેકનોલોજીકલ પ્રગતિના કેન્દ્રમાં માનવ-કેન્દ્રિતતા રાખવા આહ્વાન કર્યું હતું, જેથી નવીનતા અર્થપૂર્ણ સામાજિક પરિવર્તનમાં પરિણમે.સુશ્રી નારાયણી ભાટિયાએ પ્રધાનમંત્રીની વૈકલ્પિક વિચારસરણી અને પરસ્પર જોડાયેલી તકોને ઓળખવાની ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ખાસ કરીને ઊંડાણપૂર્વક સાંભળવાની અને સહાનુભૂતિની તેમની પદ્ધતિ પર ભાર મૂક્યો હતો અને નોંધ્યું હતું કે યુવા અમલદારો સહિત લોકોને તેમના દ્રષ્ટિકોણ રજૂ કરવા માટે અવકાશ આપવો એ તેમના નેતૃત્વના સૌથી મૂલ્યવાન ગુણોમાંનો એક છે.એપ્લિકેશન ક્લિનિકમાં, સરકારી અધિકારીઓએ કેસ ક્લિનિકમાંથી મેળવેલા શિક્ષણને સહભાગી અધિકારીઓની વર્તમાન નિમણૂક સંબંધિત નેતૃત્વ પડકારો પર લાગુ કર્યું હતું.સમાપન સત્રમાં, નીતિ આયોગના સભ્ય ડૉ. આર. બાલાસુબ્રમણ્યમે દિવસભરની કાર્યવાહીનો સારાંશ રજૂ કર્યો હતો. આ ઉપરાંત, વિવિધ જૂથોએ અંતરિયાળ આદિવાસી વસાહતોમાં માતૃ સંભાળને ટ્રેક કરવા અને ટકાવી રાખવાના હેતુથી 'ASR સાથી - સેફ એન્ટેનેટલ આસિસ્ટન્સ'; બિન-ચેપી રોગો માટે સાર્વત્રિક આરોગ્ય કવરેજ પૂરું પાડવા ક્લોઝ્ડ-લૂપ રેફરલ માર્ગોને કાર્યરત કરવા; દરેક સરસ મેળામાં વર્ષભર ખરીદદારોની પ્રતિબદ્ધતાઓ સુનિશ્ચિત કરવા જેથી સ્વ-સહાય જૂથ (SHG) ના સાહસો લખપતિ દીદીની આવક જાળવી શકે; અને SBM-G હેઠળ ગ્રે વોટર મેનેજમેન્ટ અસ્કયામતોની પ્રારંભિક અને દીર્ઘકાલીન કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા સંબંધિત પડકારો માટે તેમના એપ્લિકેશન પ્લાન રજૂ કર્યા હતા. પોતાના સમાપન વક્તવ્યમાં, કેબિનેટ સચિવ ડૉ. ટી.વી. સોમનાથને જણાવ્યું હતું કે “નેતૃત્વના પાઠ શૈક્ષણિક અભ્યાસક્રમો અને સંશોધન દ્વારા શીખી શકાય છે, પરંતુ સૌથી મૂલ્યવાન પાઠ કુશળ નેતાઓનું અવલોકન કરવાથી અને તેમની સાથે કામ કરવાથી મળે છે.” માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેવા નેતાઓ સાથે કામ કરવાના પોતાના અનુભવના આધારે, તેમણે મુખ્ય વહીવટી નેતૃત્વ પદ્ધતિઓ પર પ્રકાશ પાડ્યો હતો જેને સનદી અધિકારીઓ અપનાવી શકે છે. કર્મયોગી સંકલ્પ કાર્યશાળાના શિક્ષણને ક્ષેત્ર સુધી લઈ જશે. ડૉ. સોમનાથને ભારપૂર્વક જણાવ્યું હતું કે અસરકારક નેતૃત્વ કુશળ નેતાઓના અનુભવ દ્વારા શ્રેષ્ઠ રીતે સમજી શકાય છે અને તેમની વહીવટી કુશળતામાંથી શીખવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે અસરકારક વહીવટી નેતૃત્વ એટલે હેતુપૂર્ણ પ્રશ્નોત્તરી, સક્રિય શ્રવણ, નિર્ણાયક નિર્ણય લેવાની ક્ષમતા, જવાબદારી અને યોગ્ય પ્રક્રિયાના પાલન દ્વારા વિઝનને માપી શકાય તેવા પરિણામોમાં રૂપાંતરિત કરવું.જૂથોના વિશ્લેષણને કેસ લેખકો દ્વારા કેસ સ્ટડીમાં વિકસાવવામાં આવશે, જેને સનદી અધિકારીઓ અને તાલીમ સંસ્થાઓના ઉપયોગ માટે iGOT કર્મયોગી પ્લેટફોર્મ પર પ્રકાશિત કરવામાં આવશે. દરેક જૂથ દ્વારા તૈયાર કરાયેલ એપ્લિકેશન પ્લાન અને કર્મયોગી સંકલ્પ હેઠળ નોંધાયેલી પ્રતિબદ્ધતાઓ કાર્યશાળાના શિક્ષણને ક્ષેત્ર સુધી લઈ જશે. આ શ્રેણીની આગામી રાષ્ટ્રીય કાર્યશાળા જાન્યુઆરી 2027માં “ગવર્નન્સ એઝ ડિલિવરી” વિષય પર યોજાશે. નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અનુરાગ જૈનના આભારવિધિ સાથે કાર્યશાળાનું સમાપન થયું હતું.

15 વર્ષથી છાનામાના કિસ્મત અજમાવતા પંજાબના ડ્રાઇવરને 12 કરોડનો જેકપોટ લાગ્યો, રૂ. 500માં ખરીદી હતી ટિકિટ

(એજન્સી) પંજાબ | તા.18



15 વર્ષ સુધી દર તહેવાર પર એક આશા સાથે લોટરીની ટિકિટ ખરીદી. ઘરના સભ્યોને પણ તેની ખબર પડવા દીધી નહીં. પછી એક દિવસ 500 રૂપિયાની ટિકિટ એવી નીકળી કે જિંદગી બદલી નાખનારા સમાચાર મળી ગયા. પંજાબના મોહાલીમાં રહેતા ટિપર ટ્રક ડ્રાઈવર બલજિન્દર સિંહે પંજાબ સ્ટેટ ડિયર દિવાળી બમ્પર લોટરીનો પહેલો પુરસ્કાર જીતી લીધો છે. ઈનામની રકમ 12 કરોડ રૂપિયા છે.બલજિન્દર સિંહ મોહાલીના ડેરાબસ્સી વિસ્તારના હમ્યૂપુર ગામના રહેવાસી છે. તે ટિપર ટ્રક ચલાવે છે અને તેમની પાસે થોડી ખેતીની જમીન પણ છે. પરિવારમાં પત્ની અને બે બાળકો છે. બલજિન્દરે જણાવ્યું કે, હું વર્ષ 2010થી તહેવારોના મોકા પર લોટરીની ટિકિટ ખરીદી રહ્યો હતો. મને હંમેશાં આશા રહેતી હતી કે ક્યારેક ને ક્યારેક મારી કિસ્મત પણ ચમકશે. હું તહેવારો પર ટિકિટ તો ખરીદતો હતો, પરંતુ આ આદત વિશે પરિવારને નહોતું જણાવ્યું.

તેમણે કહ્યું કે, હું 2010થી તહેવારો પર લોટરી ખરીદી રહ્યો છું. હંમેશાં આશા હતી કે એક દિવસ ભગવાન મારી પ્રાર્થના સાંભળશે અને મારી લોટરી નીકળી જશે. આ વખતે મારી આ આશા સાચી પડી ગઈ. બલજિન્દરે 500 રૂપિયાની દિવાળી બમ્પર ટિકિટ મોહાલીના જીરકપુરમાં એક લોટરીની દુકાનથી ખરીદી હતી.

પંજાબ સ્ટેટ ડિયર દિવાળી બમ્પર 2026નો ડ્રો 16 નવેમ્બરે થયો હતો. બલજિન્દરને સોમવારે રાત્રે પરિણામ વિશે ખબર પડી. તેમને ખબર પડી કે પહેલું ઈનામ તેમના નામે છે અને રકમ 12 કરોડ રૂપિયા છે. બલજિન્દર મંગળવારે લોટરી વિભાગની ઓફિસે પહોંચ્યો અને ઈનામની રકમ મેળવવા માટે જરૂરી ઔપચારિકતાઓ પૂરી કરી. 12 કરોડ રૂપિયા જીત્યા પછી બલજિન્દરે જણાવ્યું કે, હું આ રકમનો મોટો હિસ્સો પોતાના બંને બાળકોના અભ્યાસ પાછળ ખર્ચ કરવા માગુ છું. બલજિન્દરના 12 કરોડ રૂપિયા જીતવાની ખબર ગામમાં પહોંચતા જ જશ્ન શરૂ થઈ ગયો. લોકો તેમના ઘરે પહોંચીને પરિવારને અભિનંદન આપવા લાગ્યા. ગામમાં મીઠાઈઓ વહેંચવામાં આવી. એક ટિપર ટ્રક ચલાવીને પરિવાર ચલાવનારા બલજિન્દર માટે તહેવારો પર ખરીદવામાં આવતી 500 રૂપિયાની ટિકિટ આ વખતે દિવાળીને હંમેશાં માટે યાદગાર બનાવી ગઈ.

૪ સરકારી હોસ્પિટલમાં ૭ માસમાં કૂતરા કરડવાના ૧૬ હજાર કેસ



મુંબઈ : મુંબઈમાં એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન સાત મહિનાના સમયગાળામાં શહેરની ફક્ત ચાર હોસ્પિટલોમાં રખડતા કૂતરા કરડવાના ૧૬,૭૧૯ કેસ નોંધાયા હતા. જેમાંથી ૬,૦૮૦ કેસ કેટેગરી ૩ ના હતા. જેને વધુ ગંભીર પ્રકાર માનવામાં આવે છે. એટલે કે દરરોજ સરેરાશ ૭૮ લોકો કૂતરાના કરડવાનો ભોગ બન્યા હતા. વિગત મુજબ, આ ચાર સરકારી હોસ્પિટલોમાં સૌથી વધુ ૮,૩૩૯ કેસ સાયનની લોકમાન્ય ટિલક મહાનગરપાલિકા જનરલ હોસ્પિટલમાં નોંધાયા હતા. અહીં ૨,૦૮૦ દર્દીઓને ગંભીર ઈજાઓ થઈ હતી. તો બીજી તરફ કે.ઈ.એમ. હોસ્પિટલમાં ૪,૯૮૪ કેસ નોંધાયા હતા. આમાં ૧,૫૭૬ ગંભીર ઈજાના હતા. દરમિયાન જેજે હોસ્પિટલમાં ૨,૨૭૪ કેસમાંથી ૧,૯૨૪ ગંભીર ઈજાના હતા. જ્યારે નાયર હોસ્પિટલમાં ૧,૧૨૨ કેસ નોંધાયા હતા, આમાં ૫૦૦ દર્દીઓને ગંભીર ઈજાઓ થઈ હતી.ચારેય હોસ્પિટલના કુલ આંકડાઓમાંથી ૬,૦૮૦ થી વધુ કેસો ત્રીજી કેટેગરીના હતા. આ ત્રીજી કેટેગરીમાં ગંભીર ઈજાઓ અને ઊંડા ઘાનો સમાવેશ થાય છે. આવા કિસ્સાઓમાં રેબિઝનો ખતરો વધુ હોવાથી તાત્કાલિક તબીબી સારવાર જરૂરી બને છે.ડોક્ટરના જણાવ્યા અનુસાર, ગંભીર ઈજાના દર્દીઓને એન્ટી-રેબિઝ રસી ઉપરાંત જરૂરી હોય ત્યાં રેબિઝ ઈમ્યુનોગ્લોબ્યુલિન આપવું જરૂરી બને છે. જો કે, આ દવા મોંઘી હોવાથી અને અનેક ઉપનગરીય હોસ્પિટલોમાં સરળતાથી ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓને મોટી સરકારી હોસ્પિટલોમાં મોકલવામાં આવતા હોવાની ચિંતાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. આમાં ઘટના મુજબ, અંધેરીના આદર્શ નગર ખાતેના પાલિકા દવાખાનામાં શ્વાનના કરડવાથી પહોંચેલા એક દર્દીને રસી ઉપલબ્ધ ન હોવાથી જોગેશ્વરી ટ્રોમા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. તો ઓશિવારા દવાખાનામાં પણ એક બાળકી માટે એન્ટી-રેબિઝ રસી ઉપલબ્ધ ન હોવાની ફરિયાદ નોંધાઈ હતી અને તેમને અન્ય હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

ઉચ્ચ શિક્ષિત એન્જિનિયરે સ્ટોક ફ્રોડ સ્કેમમાં એક કરોડ ગુમાવ્યા

(એજન્સી) મુંબઈ | તા.18

નવી મુંબઈના ઘણસોલીમાં રહેતા ૪૨ વર્ષના એક સિવિલ એન્જિનિયર સાથે સાયબર ફ્રોડસ્ટરોએ રોકાણ પર ઉંચા વળતરની ખાતરી આપી ઓનલાઈન શેર ટ્રેડિંગમાં ૧.૧ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.ફરિયાદીના જણાવ્યા મુજબ ૨૦ જુલાઈના રોજ ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોતી વખતે તેમણે શેરબજાર ટ્રેડિંગ બાબતની એક જાહેરાત જોઈ હતી. તેમણે આ જાહેરાત પર ક્લિક કર્યા બાદ એક મહિલાએ તેમનો વોટ્સએપ પર સંપર્ક કરી રોકાણના વિવિધ વિકલ્પો સૂચવી ઊંચા વળતરની ખાતરી આપી હતી.આ નફાથી ઉત્સાહિત થઈ તેમણે ૧૪ ઓક્ટોબર સુધીમાં વિવિધ બેંક ખાતાઓમાં ફ્રોડસ્ટરોની સૂચના મુજબ ૧.૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેમના વર્ચ્યુઅલ ખાતામાં કુલ આઠ કરોડની રકમ જમા થઈ હોવાનું દર્શાવવામાં આવતું હતું. તેથી તેમણે અમુક રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો પણ રકમ ન ઉપાડી શકતા તેમણે આ બાબતે વધુ પૂછપરછ કરતા તેમને ટેક્સ ચૂકવવાનું જણાવવામાં આવ્યું હતું. ફરિયાદીને ગોટાળાની શંકા જતા તેમણે નવી મુંબઈ સાયબર પોલીસ મથકનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની વિવિધ કલમો અને આઈટી એક્ટ હેઠળ અજાણ્યા ફ્રોડસ્ટરો સામે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

CJI સૂર્યકાંત પર ટિપ્પણીના મામલે વકીલને અવમાનના નોટિસ:20 જાન્યુઆરી સુધી જવાબ માંગ્યો; વકીલે કહ્યું હતું- તમે ખુરશી પર બેસવા લાયક નથી

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે CJI સૂર્યકાંત પર આપત્તિજનક ટિપ્પણી કરનાર વકીલને બુધવારે અવમાનના નોટિસ જારી કરી.આ કાર્યવાહી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)ની અરજી પર કરવામાં આવી. SCBAએ વકીલ વિરુદ્ધ અવમાનનાની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.જસ્ટિસ દીપાંકર દત્તા, જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે વકીલ પાસેથી જવાબ માંગ્યો. કોર્ટે નોટિસનો જવાબ આપવા માટે 20 જાન્યુઆરી 2027ની તારીખ નક્કી કરી. સોમવારે સુપ્રીમ કોર્ટમાં એક વકીલે CJI સૂર્યકાંત સાથે ઉગ્ર દલીલ કરી. વકીલ પોતાના વિરુદ્ધ ચાલી રહેલા કોર્ટની અવમાનનાના કેસમાં વહેલી સુનાવણી ઈચ્છતા હતા.કોર્ટમાં જ્યારે CJIએ તેમને રાહ જોવાનું કહ્યું, ત્યારે વકીલે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે તેઓ આ ખુરશી પર બેસવા લાયક નથી અને તેમનામાં ઈમાનદારી નથી.

વાયુ પ્રદૂષણ વધતાં મોર્નિંગ વોકમાં નીકળવામાં જોખમ

(એજન્સી) મુંબઈ | તા.18



નવી મુંબઈમાં વધતા વાયુ પ્રદૂષણને કારણે તંદુરસ્તી ટનાટન રાખવા માટે મોર્નિંગ વોકમાં નીકળતા નાગરિકોને સાવધાન રહેવાની પર્યાવરણલક્ષી સંગઠને તાકીદ કરી છે. દિવાળીના તહેવારને અઠવાડિયું વીત્યા છતાં ચાલુ રહેલા ફટાકડાના ધૂમધડાકા, બાંધકામના સ્થળોએ ઉડતી ધૂળ તેમ જ વાહનોના ધૂમાડાને કારણે એટલી હદે વાયુ પ્રદૂષણ ફેલાયું છે કે રોજની ૬.૪ સિગારેટ પીવાથી જેટલું નુકસાન થાય એટલું જોખમ દૂષિત હવાને કારણે ઊભું થયું છે. નવી મુંબઈના પર્યાવરણના મુદ્દે અવાજ ઉઠાવતા નેટકનેક્ટ ફાઉન્ડેશનના જણાવ્યા મુજબ સોમવારે એક્યુઆઈ (એર ક્વોલિટી ઈન્ડેક્સ) ૨૧૬ ઉપર પહોંચી ગયો હતો.૨૧૬ એક્યુઆઈ જોખમી શ્રેણીમાં આવે છે. સવારે ૬.૧૫ કલાકે હવામાં અત્યંત સૂક્ષ્મ કણોની માત્રા ૧૪૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર અને પીએમ૧૦ની માત્રા ૧૬૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાઈ હતી. આમ ભારતમાં નિર્ધારિત માપદંડ અનુસાર પીએમ ૨.૫ની ૨૪ કલાકની મર્યાદા ૬૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર છે. પરંતુ નવી મુંબઈમાં નિર્ધારિત માત્રા કરતાં બમણું પ્રમાણ નોંધાયું હતું. એટલે પ્રદૂષણની સમસ્યા હવે દિવાળીના ફટાકડા પૂરતી જ મર્યાદિત નથી રહી.અનિયંત્રિત શહેરીકરણ, સતત ચાલતી બાંધકામ પ્રવૃત્તિ અને વાહનોના ધૂમાડાને લીધે પ્રદૂષણ સતત વધતું જાય છે, આને કારણે સાર્વજનિક આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે.

‘છોકરાની બેગમાં ગાંજો મૂકી દો...’ હોટલમાં પ્રેમી યુગલને ફસાવવાની ધમકી આપતા ASP કેમેરામાં કેદ!

(એજન્સી) સિવની | તા.18

મધ્યપ્રદેશના સિવની જિલ્લામાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી હોટલમાં રોકાયેલા અપરિણીત પુખ્ત યુગલ સાથેની વાતચીત દરમિયાન યુવકને ગાંજાના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા કેમેરામાં કેદ થયા છે. 13 નવેમ્બરના રોજ રેકોર્ડ થયેલા આ સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યા છે, જેમાં એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ASP) દીપક મિશ્રા હોટલમાં યુગલની પૂછપરછ કરતા જોવા મળે છે.વીડિયોમાં સાંભળી શકાય છે કે યુવતી પોલીસને કહી રહી છે કે તેઓ બંને પુખ્ત વયના છે, એક જ જ્ઞાતિના છે અને લગ્ન કરવા માંગે છે. આમ છતાં પોલીસ અધિકારીઓ યુગલ પર તેમના માતા-પિતાનો સંપર્ક કરવા માટે દબાણ કરી રહ્યા હતા. જ્યારે યુવતીએ પોતાનો મોબાઈલ ફોન અનલોક કરવાનો અને પરિવારને ફોન કરવાનો ઇનકાર કર્યો, ત્યારે એડિશનલ એસપી દીપક મિશ્રા કથિત રીતે તેમના સાથી કર્મચારીઓને યુવક પાસે ગાંજો મૂકી દેવાનો આદેશ આપતા સંભળાય છે.વાઇરલ થયેલા ફૂટેજમાં દીપક મિશ્રા સ્પષ્ટપણે એમ કહેતા સંભળાય છે કે, ‘છોકરા પાસે થોડો ગાંજો મૂકી દો.’

લોકસભા અધ્યક્ષે વડનગરના ઐતિહાસિક શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો







અમદાવાદ | લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ આજે ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલા વડનગરની મુલાકાત લીધી હતી અને વિવિધ આધ્યાત્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.ઐતિહાસિક શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરથી પોતાની મુલાકાતની શરૂઆત કરતા, શ્રી બિરલાએ પૂજા-અર્ચના કરી હતી અને કાંચી કામકોટી પીઠાધીપતિ જગદગુરુ શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીગલના દિવ્ય માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં આયોજિત 10 દિવસીય વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો.મહાયજ્ઞ બાદ પોતાના વિચારો વ્યક્ત કરતા લોકસભા અધ્યક્ષે પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરને ભારતના આધ્યાત્મિક વારસાના પવિત્ર કેન્દ્ર તરીકે વર્ણવ્યું હતું જે પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે નોંધ્યું હતું કે જગદગુરુ શંકરાચાર્યજીના નેતૃત્વમાં યોજાયેલા વિશ્વ શાંતિ મહાયજ્ઞ અને હવન સાર્વત્રિક શાંતિ, રાષ્ટ્રો વચ્ચે સંવાદિતા અને સમગ્ર માનવજાત તથા જીવમાત્રના કલ્યાણને સમર્પિત છે.ભારતના સાંસ્કૃતિક વારસાના પવિત્ર કેન્દ્ર અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની જન્મભૂમિ તરીકે વડનગરના મહત્વ પર પ્રકાશ પાડતા, શ્રી બિરલાએ જણાવ્યું હતું કે આ ઐતિહાસિક નગર આધ્યાત્મિક વારસો, દ્રઢ નિશ્ચય અને નિઃસ્વાર્થ લોકસેવાના ચિરંતન પ્રતીક તરીકે ઉભું છે. તેમણે કહ્યું હતું કે આ નગરની મુલાકાત લેવાથી અને પ્રધાનમંત્રીની શાળા તથા તેમના ઘડતરના વર્ષો સાથે સંકળાયેલા સ્થળો જોવાથી એ બાબતની ઊંડી સમજ મળે છે કે કેવી રીતે અસાધારણ સંકલ્પ પ્રતિકૂળતાઓ પર વિજય મેળવી શકે છે. તેમણે અવલોકન કર્યું હતું કે આ નગર એક પ્રેરણાદાયી સીમાચિહ્નરૂપ છે જે દર્શાવે છે કે આર્થિક મુશ્કેલીઓ, પારિવારિક સંઘર્ષો અથવા પડકારજનક સંજોગો ગમે તે હોય, સ્પષ્ટ લક્ષ્યો અને અડગ નિશ્ચય વ્યક્તિને તેની આકાંક્ષાઓ હાંસલ કરવા સક્ષમ બનાવે છે.શ્રી બિરલાએ નોંધ્યું હતું કે તેમના પ્રારંભિક વિદ્યાર્થી કાળથી જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું જીવન સ્વામી વિવેકાનંદના આદર્શોમાંથી પ્રેરિત શીખવાની વૃત્તિ, સંવાદ, ચર્ચા અને આધ્યાત્મિક પ્રેરણાથી વ્યાખ્યાયિત થયેલું છે. સેવાના સંકલ્પથી પ્રેરાઈને, તેમણે નાની ઉંમરે દેશભરમાં પ્રવાસ કરવા માટે ઘર છોડ્યું હતું, અને ભારતની વિવિધ સામાજિક અને આર્થિક વાસ્તવિકતાઓને પ્રત્યક્ષ રીતે સમજી હતી. આ યાત્રાને ભારતીય લોકશાહીની તાકાતનો પુરાવો ગણાવતા, અધ્યક્ષશ્રીએ કહ્યું હતું કે સામાન્ય સંજોગો વચ્ચે એક નાના નગરમાંથી ઉભા થઈને રાષ્ટ્રનું નેતૃત્વ કરવું એ ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે લોકસેવા પ્રત્યેનું સમર્પણ નેતૃત્વને ઘડે છે.મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે પ્રધાનમંત્રીની સતત 25 વર્ષની લોકસેવાના સીમાચિહ્નને રેખાંકિત કરતા, શ્રી બિરલાએ કહ્યું હતું કે આ ચિરંતન પ્રતિબદ્ધતા દરેક નાગરિક માટે પ્રેરણાનો એક મુખ્ય સ્ત્રોત છે. અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે જીવનના પ્રારંભિક તબક્કામાં આર્થિક અને સામાજિક પડકારોનો વ્યક્તિગત રીતે અનુભવ કર્યા બાદ, પ્રધાનમંત્રીએ તે સમજણને ભવિષ્યના પડકારોને પાર કરવા સક્ષમ એવા આત્મનિર્ભર અને સ્વ-નિર્ભર ભારતના નિર્માણ તરફ વાળી છે.મંદિર ખાતેના તેમના કાર્યક્રમો બાદ, લોકસભા અધ્યક્ષે વડનગરની પ્રેરણા શાળાની મુલાકાત લીધી હતી.

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (બાંધકામ) મુખ્ય રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રગતિને ઝડપી બનાવવા માટે સિક્કિમ સરકાર સાથે સંકલનને મજબૂત બનાવે છે





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (બાંધકામ) ના જનરલ મેનેજર શ્રી આશિષ બંસલે 17 નવેમ્બર, 2026 ના રોજ ગંગટોકમાં સિક્કિમના માનનીય મુખ્યમંત્રી શ્રી પ્રેમ સિંહ તમાંગ, સિક્કિમના માનનીય સંસદ સભ્ય ડૉ. ઈન્દ્ર હાંગ સુબ્બા અને સિક્કિમ સરકારના મુખ્ય સચિવ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકોમાં રાજ્યમાં મુખ્ય રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.સિક્કિમના માનનીય મુખ્યમંત્રી સાથેની મુલાકાત દરમિયાન, શ્રી બંસલે તેમને સેકો-રાંગપો નવી રેલ્વે લાઈન પ્રોજેક્ટ પર નવીનતમ પ્રગતિ વિશે માહિતી આપી, જેમાં ચાલુ બાંધકામ કાર્યો અને પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોનો સમાવેશ થાય છે. તેમણે માનનીય મુખ્યમંત્રીને રંગપો-સરમસા અને માલી-દાતુમ સર્વેક્ષણ કાર્યોની નવીનતમ સ્થિતિ વિશે પણ માહિતી આપી.૪૪.૯૬ કિલોમીટર લાંબો સેવોક-રાંગપો નવી રેલ્વે લાઈન પ્રોજેક્ટ એક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ છે જેનો ઉદ્દેશ્ય સિક્કિમને તેની પ્રથમ રેલ્વે કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. આ પ્રોજેક્ટમાં હિમાલયના પ્રદેશમાં પડકારજનક બાંધકામનો સમાવેશ થાય છે, જેમાં ૧૪ ટનલ, ૧૩ મુખ્ય પુલ અને ૧૦ નાના પુલનો સમાવેશ થાય છે. પૂર્ણ થયા પછી, આ પ્રોજેક્ટ સિક્કિમની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, મુસાફરો અને માલ પરિવહનને સરળ બનાવશે, પર્યટનને પ્રોત્સાહન આપશે અને પ્રદેશના એકંદર સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટ જૂન ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.શ્રી બંસ

ઉપર ડ્રોન, નીચે મંડપ ને અંદર 'સર્વિસ'

અમદાવાદ | નવ નવેમ્બરના દિવસે અમિત શાહે અમદાવાદથી ગુજરાતને ડ્રગ ફ્રી બનાવવાની હાકલ કરી હતી. તેના છ જ દિવસમાં શહેરના સરખેજ વિસ્તારના મકાનમાં ચાલતી ડ્રગ્સની ફેક્ટરીનો પર્દાફાશ થયો હતો. ત્યારે હવે અમદાવાદ પોલીસ પણ સક્રિય થઈ. આજે 18 નવેમ્બરે શહેરના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસના 950થી વધુ આરોપીને શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરના મેદાનમાં એકઠા કરવામાં આવ્યા હતા. મેદાનમાં ચારેબાજુથી સફેદ કપડાથી મંડપ બનાવવામાં આવ્યો હતો જેમાં આરોપીઓ હસતા મોઢે જતા અને લંગડાતા પગે બહાર નીકળતા જોવા મળ્યા હતા.

સિટી એક્સપ્રેસ

THURSDAY 19 NOVEMBER-2026

AHMEDABAD

ત્રિશા હોસ્પિટલ પાછળ કોર્પોરેશનના પ્લોટમાં આગ ભભૂકી

અમદાવાદ | અમદાવાદ શહેરના અખબારનગર વિસ્તારમાં આવેલી ત્રિશા હોસ્પિટલની પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટમાં રોડ બનાવવાના કોન્ટ્રાક્ટરના માલસામાનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. પ્લોટમાં મોટા પ્રમાણમાં કેમિકલના ટીન અને ડીઝલનો જથ્થો રાખવામાં આવ્યો હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી અને કેમિકલના ડ્રમ ફૂટવાનો અવાજ આવતા આસપાસના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

બાળકોને સ્કૂલમાં સિવિક સેન્સ શીખવાડવામાં આવશે

સોશિયલ મીડિયાના ઉપયોગથી સ્વચ્છતા-ટ્રાફિકના નિયમોના પાલન અંગે તાલીમ અપાશે, સપ્તાહ એક દિવસ તાલીમનું AMCનું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 18

લોકોમાં સામાન્ય બાબતોનું જ્ઞાન ન હોવાના કારણે ઘણી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે ત્યારે નાનપણથી જ સ્કૂલમાં બાળકોને સિવિક સેન્સ શીખવાડવાનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. સ્વચ્છતા, ટ્રાફિક, પેડેસ્ટ્રીયન, પર્યાવરણ અંગેની જાગૃતિ, સામાજિક શિષ્ટાચાર અને વર્તન સહિતના અલગ અલગ મુદ્દાઓ પર બાળકોને જ્ઞાન આપી સિવિક સેન્સ અંગે અઠવાડિયામાં એક દિવસ તાલીમ આપવામાં આવશે. ખાસ સોશિયલ મીડિયાનો ઉપયોગ કેટલો અને કેવી રીતે કરવો તે બાબતેની જાણકારી બાળકોને આપવામાં આવશે. સરકારી ઉપરાંત ખાનગી સ્કૂલોમાં પણ આ તાલીમનું આયોજન કરાશે.

કયા કયા મુદ્દા પર બાળકોને જાણકારી આપવામાં આવશે.

1. જાહેર સ્વચ્છતા (Cleanliness)

કચરાનો યોગ્ય નિકાલ: કચરો હંમેશા કચરાપેટીમાં જ નાખવો, ગમે ત્યાં રસ્તા પર કે જાહેર જગ્યાએ ન ફેંકવો.

ગંદકી ન કરવી: દીવાલો કે રસ્તાઓ પર પાનની પિચકારીઓ ન મારવી કે થૂંકવું નહીં.

જાહેર શૌચાલયનો ઉપયોગ: ખુલ્લામાં પેશાબ કે શૌચ ક્રિયા ન કરવી અને જાહેર શૌચાલયનો ઉપયોગ કરવો.

કચરાનું વર્ગીકરણ : સુકા અને ભીના કચરાનું વર્ગીકરણ

2. ટ્રાફિકના નિયમોનું પાલન (Traffic Discipline)

નિયમોનું સન્માન: ટ્રાફિક સિગ્નલ, સ્પીડ લિમિટ અને ઝીબ્રા ક્રોસિંગના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.



યોગ્ય પાર્કિંગ: વાહનોને નો-પાર્કિંગ ઝોનમાં અથવા અન્ય લોકોને નડતરરૂપ થાય તે રીતે પાર્કિંગ ન કરવા.

એમ્બ્યુલન્સને રસ્તો આપવો: કટોકટીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડના વાહનોને વહેલી તકે રસ્તો આપવો.

સિગ્નલ પર વાહનનું એન્જિન બંધ રાખવું.

3. જાહેર સંપતિનું રક્ષણ (Protection of Public Property)

નુકસાન ન પહોંચાડવું: બસ, ટ્રેન, બગીચા કે ઐતિહાસિક સ્મારકો જેવી સરકારી અને જાહેર સંપત્તિને નુકસાન ન કરવું કે ત્યાં તોડફોડ ન કરવી.

સ્વચ્છતા જાળવવી: જાહેર પરિવહન (બસ/ટ્રેન) માં મુસાફરી કરતી વખતે બેઠકો ફાડવી નહીં કે ત્યાં કચરો ન કરવો.

4. પર્યાવરણ પ્રત્યે જવાબદારી (Environmental Responsibility)

પાણી અને વીજળીનો બચાવ: જાહેર નળ ખુલ્લા ન રાખવા અને બિનજરૂરી લાઈટ-પંખા બંધ રાખવાની ટેવ પાડવી.

પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ: સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો.

ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ: રાત્રે મોડે સુધી મોટેથી લાઉડસ્પીકર ન વગાડવા અને વાહનોના હોર્નનો બિનજરૂરી ઉપયોગ ન કરવો.

5. સામાજિક શિષ્ટાચાર અને વર્તન (Social Etiquette)

લાઈનમાં ઊભા રહેવું: બસ સ્ટોપ, રેલ્વે સ્ટેશન, બેંક કે કોઈપણ જાહેર જગ્યાએ ધક્કામુક્કી કરવાને બદલે કતાર (લાઈન) માં ઊભા રહેવું.

નમ્રતાપૂર્વક વર્તન: વડીલો, મહિલાઓ અને જરૂરિયાતમંદ લોકોને બસ કે ટ્રેનમાં બેસવા માટે જગ્યા આપવી.

અન્યોની પ્રાઇવસીનો આદર: જાહેર જગ્યાએ ફોન પર મોટે-મોટેથી વાતો ન કરવી જેથી અન્ય લોકોને તકલીફ ન પડે.

6. ડિજિટલ અને સોશિયલ મીડિયા સિવિક સેન્સ (Digital Civility) - અફવાઓ ન ફેલાવવી

સપ્તાહમાં એક દિવસ તાલીમ આપવા આયોજન

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડો.એલ.ડી દેસાઈએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સ્કૂલના બાળકોને સિવિક સેન્સની સમજ મળી રહે તેના માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેના આધારે સ્વચ્છતા, સફાઈ, ટ્રાફિકના નિયમોના પાલન, શિષ્ટાચાર, જાહેર સંપત્તિનું રક્ષણ જેવી બાબતોથી સિવિક સેન્સ અંગેની જાણકારીના અલગ અલગ 10 મુદ્દા તૈયાર કરી અને માતા પિતા સાથે બાળકોને સિવિક સેન્સની જાણકારી આપવામાં આવશે.દિવાળી વેકેશન બાદ સ્કૂલો ખુલતા સ્કૂલ બોર્ડની તમામ 460 જેટલી શાળાઓના 1.76 લાખ વિદ્યાર્થીઓને અઠવાડિયામાં એક વખત સિવિક સેન્સ અંગેની તાલીમ આપવા માટેનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

ખાનગી સ્કૂલમાં પણ જાણકારી આપવા પત્ર લખી જાણ કરાશે

વધુમાં તેમણે જણાવ્યું હતું કે બાળકોનો જન્મદિવસ હોય ત્યારે ખાસ કરીને સિવિક સેન્સ બાબતે તેમના માતા પિતા સાથે સમજણ આપવાની પણ સૂચના આપવા જણાવવામાં આવ્યું છે. ખાસ કરીને સોશિયલ મીડિયાનો અત્યારે ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે સોશિયલ મીડિયા (જેમ કે WhatsApp, Facebook) પર કોઈ પણ માહિતીની સત્યતા તપાસ્યા વગર તેને ફોરવર્ડ ન કરવી. ઈન્ટરનેટ કે સોશિયલ મીડિયા પર કોઈની પણ સાથે ચર્ચા કરતી વખતે અપશબ્દો કે ટ્રોલિંગનો ઉપયોગ ન કરવો. જાહેર જગ્યાએ અન્યોના ફોટા કે વીડિયો તેમની મંજૂરી વગર ન લેવા અને ફોટાનો દુરુપયોગ કરી પોસ્ટ ન કરવા એવી બાબતો પણ શીખવાડવામાં આવશે. માત્ર સ્કૂલ બોર્ડની સ્કૂલના નહીં ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓને પણ આ સિવિક સેન્સ અંગેની જાણકારી આપવા માટે જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખી જાણ કરવામાં આવશે.

આગામી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ રોડમેપ તૈયાર કરશે...

(એજન્સી) અમદાવાદ | તા. 18

આગામી 2027ની વિધાનસભાની ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેને લઈને ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રણદિપસિંહ સૂરજેવાલાએ આજથી બે દિવસ અમદાવાદ પ્રવાસે આવ્યા છે. બે દિવસીય પ્રવાસ દરમિયાન રણદિપસિંહ સૂરજેવાલા રાજીવ ગાંધી ભવન ખાતે અલગ અલગ બેઠક યોજશે. જેમાં પોલિટિકલ અફેર્સ કમિટી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો સહિત જિલ્લા, શહેર અને તાલુકા પ્રમુખો સાથે બેઠક કરશે. તેમજ બેઠકમાં અલગ અલગ મુદ્દાઓને અને આગામી કાર્યક્રમને લઈને રોડ પણ તૈયાર કરવાનું આયોજન કરાયું છે.

આજે રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસની પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠક યોજાશે. જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, કાર્યકારી અધ્યક્ષની સાથે સાથે પ્રદેશના નેતાઓ સાથે સંગઠનની સ્થિતિ અને જમીન સ્તર પરની વાસ્તવિકતા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થવાની છે. તેમજ મોંઘવારી, ખેડૂતોના મુદ્દે જનઆંદોલન કરવા માટે



તૈયારીઓ કરવામાં આવી છે. જેથી બેઠકમાં કેવા પ્રકારે આંદોલનાત્મક કાર્યક્રમ કરવા તેને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જે બાદ આવતીકાલે 19 નવેમ્બરના રોજ શહેર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખો સાથે બેઠક પણ કરશે. તેમજ તે બાદ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો સાથે પણ બેઠક યોજશે. ચૂંટણી પહેલાં સંગઠનને મજબૂત બનાવવા, સ્થાનિક સ્તરે પક્ષની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને આગામી સમયની રાજકીય રણનીતિ નક્કી કરવા બેઠકમાં ચર્ચા થવાની છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રણદિપસિંહ

જોધપુરમાં ડ્રગ્સ સાથે સુરેન્દ્રનગરનો આરોપી ઝડપાયો ને મુદ્દસરનો ખેલ ખતમ: 3 ડ્રગ્સ માફિયાના નામ ખૂલ્યા...

(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદના સરખેજના મકાનમાં ચાલતી ડ્રગ્સ ફેક્ટરી NCBએ ઝડપી હતી. આ ડ્રગ્સ ફેક્ટરી ઝડપાવાથી અનેક ખુલાસા થયા છે. આ ડ્રગ્સ ફેક્ટરીમાંથી અગાઉ સ્પા સેન્ટર અને અનેક જગ્યાએ ડ્રગ્સ સપ્લાય કરવામાં આવ્યું હતું. અગાઉ રાજસ્થાનના જોધપુરથી ડ્રગ્સ ઝડપાયું હતું. જે ડ્રગ્સ કેસ સાથે ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં મુદ્દસરનું નામ સામે આવતા NCB એક મહિનાથી મુદ્દસરની વોચ રાખી અને અંતે ડ્રગ્સ સાથે ઝડપવામાં આવ્યો હતો.

નવરાત્રિ પહેલાં NCBની જોધપુર ટીમે રાજસ્થાનથી MD ડ્રગ્સ લઈ સુરેન્દ્રનગર આવી રહેલા ત્રણ પેડલરને ઝડપી પાડ્યા હતા. NCBની ટીમે સુરેન્દ્રનગરના મુખ્ય ડ્રગ્સ સપ્લાયર ગોપાલ સેલાભાઈ તેમજ બાડમેરના અશોકકુમાર આચાર્ય અને હનુમાન રામની ધરપકડ કરી હતી. ગોપાલની પૂછપરછ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તે અમદાવાદ, નડિયાદ, ખેડા, આણંદ અને વડોદરામાં ચાલતાં કેટલાંક બોડી મસાજ તથા સ્પા સેન્ટરના માધ્યમથી યુવતીઓ મારફતે ગ્રાહકો સુધી MD ડ્રગ્સ પહોંચાડતો હોવાની વિગતો બહાર આવી હતી. આ નેટવર્કમાં અમદાવાદના પોશ વિસ્તારોમાં ચાલતાં સ્પા અને બોડી મસાજ સેન્ટરો ઉપરાંત ખેડા અને વડોદરા જિલ્લાના કેટલાંક સેન્ટરો પણ તપાસના દાયરામાં આવ્યાં છે.

આ સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે અને ગ્રાહકો સુધી ડ્રગ્સ પહોંચાડવા ક્યા પેડલરોનો ઉપયોગ થતો હતો તે અંગે NCB દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન મુદ્દસર પઠાણ અંગેની પણ મહત્ત્વપૂર્ણ વિગતો મળી હતી. સરખેજના બંગલાના ભોયરામાંથી MD ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાયા બાદ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં આ લેબોરેટરી સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના ડ્રગ્સ માફિયાઓની સંડોવણી હોવાની વિગતો સામે આવી છે. એટલું જ નહીં રાજસ્થાનના પ્રતાપગઢના ત્રણ ડ્રગ્સ માફિયાના નામ પણ બહાર આવ્યાં છે.

પ્રતાપગઢના ત્રણમાંથી એક અકબર નામનો શખસ મુખ્ય સપ્લાયર છે. અકબર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં એમ.ડી. ડ્રગ્સના મોટા સપ્લાય નેટવર્ક સાથે સંકળાયેલો છે. હાલમાં મંદસૌર અને નીમચ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. મુદ્દસરના રતલામ કાફેની ભૂમિકા પણ તપાસના કેન્દ્રમાં છે. આ કાફે મારફતે ડ્રગ્સ સપ્લાય કરી યુવાનોને નશાના નેટવર્કમાં જોડવામાં આવતા હતા કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

સુરેન્દ્રનગરના ગોપાલની ધરપકડથી શરૂ થયેલી તપાસ હવે અમદાવાદના સરખેજની ભૂગર્ભ લેબોરેટરીથી લઈ રાજસ્થાનના પ્રતાપગઢ અને મધ્યપ્રદેશના મંદસૌર-નીમચ સુધી પહોંચી છે. સ્પા સેન્ટરો, બોડી મસાજ સેન્ટરો અને કાફે મારફતે ડ્રગ્સ સપ્લાય થતું હોવાની કડીઓએ તપાસ એજન્સીઓની ચિંતા વધારી છે.

હવે NCBની તપાસમાં આ સમગ્ર નેટવર્કના મુખ્ય સૂત્રધારો કોણ છે, ડ્રગ્સનું ઉત્પાદન ક્યાં થતું હતું, તેનો જથ્થો ગુજરાતમાં કેવી રીતે પહોંચતો હતો અને યુવાનો સુધી તેની ડિલિવરી કોણ કરતું હતું તેવા અનેક સવાલોના જવાબ બહાર આવે તેવી શક્યતા છે.

પત્નીના ત્રાસથી બોપલના યુવકનો સાબરમતી નદીમાં કૂદીને આપઘાત

વાઈફના આડા સંબંધ અને દાગીના-રોકડની માંગણીથી કંટાળ્યો'તો : નેહાએ સિદ્ધાર્થ પાસે તેના પિતાના ઘરે બીજો રૂમ બનાવવા માટે 2 લાખ રૂપિયા લીધા હતા



(એજન્સી) અમદાવાદ | તા. 18

અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતા યુવકે પત્નીના ત્રાસથી આપઘાત કર્યો છે. યુવકના લગ્ન બાદ પત્ની સાથે ઓછું રહેતી હતી અને અવારનવાર પતિ પાસે પિયરમાં આપવા પૈસા અને દાગીનાની માગણી કરતી હતી. યુવતીના લગ્ન બાદ પણ અન્ય પુરુષ સાથેના સંબંધ હતો, જેથી કંટાળીને યુવકે સાબરમતી નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો.

જે અંગે મૃતકના ભાઈએ યુવકની પત્ની વિરુદ્ધ આત્મહત્યા માત્ર દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

બોપલમાં રહેતા સહદેવ દેસાઈએ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના નાનાભાઈ સિદ્ધાર્થ દેસાઈના વર્ષ 2024માં નેહા દેસાઈ સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ નેહા અવારનવાર તેના પિયરમાં જતી આવતી હતી. થોડા સમય અગાઉ જ નેહા રાજી ખુશીથી તેના પિતાના ઘરે જતી રહી હતી અને પરત નહીં આવે તેવું પણ જણાવ્યું હતું. 31 ઓગસ્ટના રોજ સિદ્ધાર્થ તેની નોકરી પર ગયો હતો પરંતુ ઘરે પરત આવ્યો ન હતો આ અંગે સહદેવે બોપલ પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ પણ નોંધાવી હતી. 1 સપ્ટેમ્બરે તપાસ કરતા સિદ્ધાર્થે એલિસબ્રિજ પાસે સાબરમતી નદીમાં કૂદીને આપઘાત કર્યો હોવાની જાણ થઈ હતી. સિદ્ધાર્થના આપઘાતના થોડા સમય બાદ ફોન તપાસતા જાણવા મળ્યું હતું કે, નેહાનું ચાણક્યપુરી ખાતે રહેતા રાકેશ રબારી નામના પરિણત યુવક સાથે પ્રેમ સંબંધ છે. નેહા રાકેશના પત્નીના શ્રીમંતમાં હાજરી આપવા માટે પણ ગઈ હતી. નેહાએ સિદ્ધાર્થ પાસે તેના પિતાના ઘરે બીજો રૂમ બનાવવા માટે 2 લાખ રૂપિયા લીધા હતા. નેહા પિયરમાં આપવા માટે દાગીના અને પૈસાની માંગણી કરતી હતી. નેહા સાસરીમાં ત્રણ-ચાર મહિનામાં એક બે દિવસ માટે આવતી અને પાછી પિયરમાં જતી રહેતી, પરંતુ સિદ્ધાર્થ પાસે અવારનવાર દાગીના અને પૈસાની માગણી કરતી રહેતી હતી.

અન્ય પુરુષ સાથેના પ્રેમ સબંધ અને સિદ્ધાર્થથી અલગ રહીને અવારનવાર દાગીના અને પૈસાની માંગણીથી કંટાળીને સિદ્ધાર્થે નેહાના ત્રાસથી સાબરમતી નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો. જે અંગે પરિવારને જાણ થતા સહદેવે નેહા વિરુદ્ધ સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

યુવતીએ મિત્ર, ફોઈ સહિત 3 સામે ફરિયાદ નોંધાવી...

(એજન્સી) અમદાવાદ | તા. 18

ઘાટલોડિયામાં રહેતી 35 વર્ષીય પરિણીતાએ જૂના મિત્ર અને તેની પત્ની સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે. ત્રણ શખ્સોએ સોશિયલ મીડિયા ચેટ વાયરલ કરવાની તેમજ સુસાઇડ નોટમાં નામ લખી દેવાની ધમકી આપી માનસિક ત્રાસ આપતા હતા.આ મામલે પરિણીતાએ ભોપાલના દંપતી અને પોતાની ફોઈ સામે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘાટલોડિયાના સોલા રોડ પર પંચવટી એપાર્ટમેન્ટમાં રહેતી 35 વર્ષીય યુવતીએ વસ્ત્રાપુરમાં ફેશન ડિઝાઇનિંગનો અભ્યાસ કરે છે. એપ્રિલ 2026માં ભોપાલના મનિષ સોલંકીએ યુવતીના ફોઈ દક્ષા રજક પાસેથી મોબાઈલ નંબર મેળવી સંપર્ક કર્યો હતો. 22 વર્ષ જૂની ઓળખાણનો હવાલો આપી વાતચીત શરૂ કરી હતી. ત્યારબાદ શેરબજારમાં રોકાણના બહાને એક લાખ રૂપિયા આપ્યા હતા, જે યુવતીએ મનિષના કહેવાથી અન્ય બે વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મનિષ અવારનવાર પૈસાની માગણી કરતો હતો, પરંતુ યુવતીએ આપવાનો ઇનકાર કર્યો હતો.

જૂન મહિનામાં ભોપાલ મુલાકાત દરમિયાન મનિષને મળ્યા બાદ બંને વચ્ચે વાતચીત ઘટી ગઈ હતી. મનિષે યુવતીને કહ્યું હતું કે તેની સાથે વાતચીત ચાલુ રહેશે તો તેનું ઘર તૂટી જશે. પોતે સુસાઇડ કરશે અને તેમાં યુવતીનું તથા તેના પતિનું નામ લખશે તેવી ધમકી પણ આપી હતી. મનિષની પત્ની પૂજાએ પણ ફોન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી.

દેશભરમાંથી યંગસ્ટર્સ નમો સ્ટેડિયમમાં કોન્સર્ટ માણવા આતુર, હોટલ રૂમનું ભાડું ₹35,000 સુધી ચૂકવવું પડશે

દિલજીતનો ફીવર : ભાડામાં 7 ગણા સુધીનો વધારો

(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઈન્ટરનેશનલ બેન્ડ 'કોલ્ડ પ્લે'ની ભવ્ય સફળતા બાદ ગુજરાતની ઓડિયન્સ હવે ગ્લોબલ અને લાર્જર-ધેન-લાઈફ મ્યુઝિક ઈવેન્ટ્સ માટે સંપૂર્ણપણે તૈયાર છે. 21 નવેમ્બર, 2026થી 27 માર્ચ, 2027 દરમિયાન પંજાબી, બોલિવૂડ સિંગરના અમદાવાદ અને ગાંધીનગરમાં એક પછી એક લાઈવ કોન્સર્ટ યોજાવા જઈ રહ્યા છે.

21 નવેમ્બરના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દિલજીત દોસાંઝનો કોન્સર્ટ યોજાવા જઈ રહ્યો છે, જ્યારે 22 નવેમ્બરના રોજ રાજપથ ક્લબમાં પપોન (અંગરાગ મહંતા) અને સવાના પાર્ટી પ્લોટમાં દર્શન રાવલનો કોન્સર્ટ યોજાઈ રહ્યો છે. આ કોન્સર્ટને લઈને દેશભરના શહેરોમાંથી મ્યુઝિક લવર અમદાવાદ આવી રહ્યા હોવાથી ફ્લાઈટ અને



હોટલના ભાડામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને કોન્સર્ટના એક દિવસ પહેલાં અને કોન્સર્ટના દિવસે અમદાવાદ આવતા મુસાફરોને સામાન્ય દિવસોની સરખામણીએ 3,500 થી 8,000 ની ફ્લાઈટ ટિકિટના 17,000 થી 40,000 સુધી ચૂકવવા પડી શકે છે. આ ઉપરાંત હોટલના એક રૂમનું ભાડું 5,000 થી 13,000 ને બદલે 15,000થી 35,000 સુધી ચૂકવવું પડી શકે છે.

ચીકી ટ્રાવેલ એજન્સીના ઓનર અંકિત બજાજે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અત્યારે એરફેર એટલું વધી ગયું છે કે, 6 સીટના ભાડા બરોબર 1 સીટ મળી રહી છે. અત્યારે કોન્સર્ટમાં આવતા લોકો સિવાય જે લોકો પોતાના ઘરે અથવા કોઈ બિઝનેસ મિટિંગ માટે આવી રહ્યા છે તેઓને પણ આ એરફેરનો ભોગ બનવું પડી રહ્યું છે. અત્યારે દરેક સિટી જેમ કે, દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, ઈન્દોર વગેરે જગ્યાએ 7 સીટ બરાબર એક સીટ એટલે કે 6થી 7 ગણા ભાડા વધારી દેવામાં આવ્યા છે.

અમદાવાદની ધી ગ્રાન્ડ ભગવતી હોટલના ઓનર નરેન્દ્ર સોમાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં આવી ઈવેન્ટોથી અમારી હોટલ ઈન્ડસ્ટ્રીને ઘણો મોટો લાભ થયો છે. 21મીએ દિલજીત દોસાંઝ અને 22મીએ પપોનનો શો યોજાઈ રહ્યો છે. આવા શોના કારણે બહારની પબ્લિક અમદાવાદ આવે છે.tw

હાઈકોર્ટના વકીલને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી

જૂની ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરી આરોપીએ વારંવાર કૉલ કર્યા, નવઘણજી વિરુદ્ધ બોડકદેવમાં પોલીસ ફરિયાદ

(એજન્સી) અમદાવાદ | તા. 18

બોડકદેવ વિસ્તારમાં રહેતા ગુજરાત હાઈકોર્ટના 60 વર્ષીય વકીલને જૂની પોલીસ ફરિયાદ પાછી ખેંચવા માટે ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે. આંબલી ગામના નવઘણજી અરજણજી ઠાકોરે અલગ-અલગ મોબાઈલ નંબર પરથી વારંવાર ફોન કરીને વકીલ અને તેમના પરિવારને ધમકાવ્યા હતા. આ મામલે વકીલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

બોડકદેવમાં કદમ્બવિલામાં રહેતા રાજેશભાઈ મુકુંદરાય ચકવાવાલા ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે. 21 ઓક્ટોબર, 2026ની રાત્રે તેમના બંગલાના ગેટ પર સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા વિષ્ણુજી ઠાકોર પાસે નવઘણજી અરજણજી ઠાકોર દારૂ પીધેલી હાલતમાં હાથમાં ધારિયું લઈને આવ્યો હતો. તેણે સિક્યુરિટી ગાર્ડ સાથે ઝઘડો કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વિષ્ણુજીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં રાજેશભાઈ સાક્ષી હતા.



આ ફરિયાદની અદાવત રાખી 23 ઓક્ટોબરે સાંજે સાત વાગ્યે નવઘણજીએ રાજેશભાઈને ફોન કર્યો હતો અને અગાઉની ફરિયાદ પાછી ખેંચી લેવા દબાણ કર્યું હતું. જો ફરિયાદ પાછી નહીં ખેંચે તો તેમને અને પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ 23, 24 અને 25 ઓક્ટોબરના રોજ પણ અલગ-અલગ બે મોબાઈલ નંબર પરથી વારંવાર ફોન કરી ધમકીઓ આપવામાં આવી હતી. રાજેશભાઈએ નવઘણજી વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...